MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૧૨-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોરોના વાયરસઃ ચીનમાં મૃત્યુઆંક ૧૦૦૦ને પાર, ૪૨૦૦૦થી વધુને અસર

5 અંતિમ વન-ડેમાં ભારતને ૫ વિકેટે હરાવી ન્યૂઝીલેન્ડે ૩-૦થી વ્હાઇટવૉશ કર્યો

9 સબંધને નિભાવવા માટે અમે તો સાવ નમી ગયા ચહેરો શું ગમી ગયો તમે તો ભાવ ખાતા થઈ ગયા

12 નર્મદામાં શિક્ષણની દશા કથળી હોય તેમ રાજપીપળા ની કુમાર શાળા નં-૧ મરણ પથારીએ

આપના ઝાડૂએ ભાજપ-કોંગ્રેસના સૂપડા સાફ કર્યા, હેટ્રિક નોંધાવી

નફરત સામે 'વિકાસનો વિજય': ફિર એકબાર 'કેજરીવાલ' સરકાર

દેશ 'જન કી બાત' થી ચાલશે, 'મન કી બાત' થી નહી, હનુમાનજીએ દિલ્હીની જનતા પર કૃપા વરસાવીઃ કેજરીવાલ

ન્યુ દિલ્હી

૮મીએ યોજાયેલી દિલ્હી વિધાનસભાની તમામ ૭૦ બેઠકો માટેની ચૂંટણીના પરિણામોમાં ભાજપને આ વખતે પણ ભારે આંચકો લાગ્યો છે, તો કેજરીવાલની આપ પાર્ટીને ૭૦માંથી ૬૧ બેઠકો સાથે નવેસરથી વધુ પાંચ વર્ષ સત્તા ભોગવવાનો જનાદેશ મળ્યો છે. જ્યારે ભારતની સૌથી જુની પાર્ટી કોંગ્રેસ આ વખતે પણ શૂન્ય પર છે....! જો કે કોંગ્રેસ મનોમન એ રીતે રાજી હશે કે ભાજપને સત્તા મળી શકી નથી. આ ચૂંટણીમાં રાજકિય રીતે અને જે રીતે પ્રચારમાં મુદ્દા રહ્યાં તે દર્શાવે છે કે તેમાં ભાજપના નફરતના મુદ્દાની સામે કેજરીવાલ સરકારના વિકાસના કામોને મતદારોઓ પસંદ કરતાં આપ પાર્ટીનો વિજય થયો છે.

દેશના રાજકારણમાં આપ પાર્ટી કરતાં ભાજપ માટે વધારે પ્રતિષ્ઠા સમાન બનેલા આ રાજકિય જંગમાં દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકોના પરિણામોએ પૂરવાર કર્યું કે દિલ્હીમાં સતત ત્રીજી વાર આમ આદમી પાર્ટી(આપ) સરકાર બનાવવા જઈ રહી છે અને ૨૦૧૩માં સરકારી અમલદારમાંથી રાજકારણમાં આવેલા અરવિંદ કેજરીવાલ



● દિલ્હી તો હમારી હૈ, અબ દેશ કી બારી હૈઃ આપ કાર્યાલયમાં ગૂંજ્યા નારા
● શિક્ષણ, સ્વાસ્થ્ય અને ફ્રી યોજનાઓના સહારે કેજરીવાલે જીત્યુ દિલ્હીવાસીઓનું દિલ
● પાકિસ્તાન-શાહીનબાગ અને કરંટ જેવી ભાજપની આક્રમક નીતિ ફ્લૉપ
● દિલ્હીવાસીઓએ આજે એક નવી રાજનીતિને જન્મ આપ્યોઃ કેજરીવાલ

દિલ્હી પરિણામઃ કુલ ૭૦ બેઠકોમાંથી આપને ૬૩, ભાજપને ૭ અને કોંગ્રેસ ફરી એકવાર શૂન્ય પર આઉટ

સાત વર્ષમાં લાગલગાટ ત્રીજી વાર સીએમ બનીને હેટ્રિક નોંધાવે તેમ છે. આ ચૂંટણીના પરિણામો ભલે "આપ"ની તરફેણમાં છે પરંતુ દિલ્હીના રાજકારણમાં "આપ"ની જીત કરતાં ભાજપની હાર વધારે ચર્ચામાં રહી છે. કેમ કે ૭૦ બેઠકો વાળા સાવ નાનકડા રાજ્યમાં આપ પાર્ટીના નેતા કેજરીવાલ અને તેમના ઉમેદવારોને પરાસ્ત કરવા નેશનલ પાર્ટી ભાજપે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત સંખ્યાબંધ મંત્રીઓ-સાંસદો-મુખ્યમંત્રીઓ-બીજા રાજ્યોમાંથી ભાજપના ધારાસભ્યો, સ્ટાર પ્રચારકો વગેરેની આખી ફોજ મેદાનમાં ઉતારી હતી. તેમ છતાં તેને સત્તા મળી શકી નથી.

પરિણામ પર નજર કરીએ તો કુલ ૭૦માંથી આપ પાર્ટીના ફાળે ૬૧ બેઠકો ગઈ છે. કોંગ્રેસ ગઈ વખતની જેમ ઝિરો પર છે તો ભાજપને ગઈ વખત કરતાં માત્ર પાંચ બેઠકો વધારે મળી શકી છે. આપ પાર્ટીના ચૂંટણી પ્રતિક ઝાડૂએ ભાજપના કમળ અને કોંગ્રેસના પંજાને વાળી ઝૂડીને સાફ કરી નાંખ્યા છે. બિન-ભાજપી પક્ષોની દિલ્હી સહિત ૧૨ રાજ્યમાં સરકાર બની છે અને છેલ્લાં ૨ વર્ષમાં ભાજપ

અનુસંધાન પાના નં. ૬

ભાજપને ફરી ફટકો, એનડીએએ ૨ વર્ષમાં ૭ રાજ્યોમાં સત્તા ગુમાવી

એનડીએની પાસે ૧૬ રાજ્યો જ્યારે ૧૨ રાજ્યોમાં હજી પણ ભાજપ વિરોધી પક્ષોની સત્તા

ન્યુ દિલ્હી

ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકાર છેલ્લા બે વર્ષમાં સાત રાજ્યોમાંથી પોતાની સત્તા ગુમાવી ચૂકી છે. ગઈ વખતે દિલ્હીમાં ફક્ત ત્રણ બેઠકો પર જ વિજય મેળવનારી ભારતીય જનતા પાર્ટી આ વખતે સારું પ્રદર્શન કરે તેવી આશા રખાઈ રહી હતી. દિલ્હીના પ્રદેશ ભાજપા અધ્યક્ષ મનોજ તિવારીએ ૪૮ બેઠકો પર વિજય મેળવવાના અનુમાન સાથે સત્તામાં આવવાની આશા વ્યક્ત કરી હતી. જોકે, તેમનું આ અનુમાન હવે ખોટું સાબિત થઈ રહ્યું છે.

આ સાથે જ ભાજપ માટે દેશનો રાજકીય નક્શામાં પણ કોઈ ફેરફાર નહીં જોવા મળે. દિલ્હી સહિતના ૧૨ રાજ્યોમાં હજી પણ ભાજપ વિરોધી પક્ષોની સરકાર સત્તામાં છે. એનડીએની પાસે ૧૬ રાજ્યોમાં જ પોતાની સરકાર છે. આ રાજ્યોમાં ૪૨ ટકા આબાદી રહે છે. કોંગ્રેસ પોતાના આત્મબળે અથવા તો ગઠબંધનની મદદથી મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, પંજાબ, પોંડીચેરીમાં સત્તા બનાવવામાં સફળ રહી છે.

ડિસેમ્બરમાં યોજાયેલી ચૂંટણીમાં ઝારખંડમાં સરકાર રચ્યા બાદ કોંગ્રેસની સરકાર સાત રાજ્યોમાં છે. દિલ્હીમાં આમ આદમી પાર્ટી સતત ત્રીજી વખત વિજયી થઈ રહી છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ, કેરળમાં માકપાના નેતૃત્વવાળી ગઠબંધનની સરકાર, આંધ્રપ્રદેશમાં વાઈએસઆર કોંગ્રેસ, ઓડિશામાં બીજેડી અને તેલંગાણામાં ટીઆરએસ પાર્ટી સત્તામાં છે. તમિલનાડુમાં જ્યાં ભાજપે અન્નાદ્રમુકની સાથે લોકસભાની ચૂંટણી જીતી હતી પરંતુ રાજ્યમાં તેમનો એક પણ ધારાસભ્ય નથી.

અનુસંધાન પાના નં. ૬

૧લી એપ્રિલથી ટ્રાફિક નિયમો વધુ કડક બનશેઃ કેન્દ્ર સરકાર

ન્યુ દિલ્હી

૧લી એપ્રિલથી પરિવહન નિયમોનું વારંવાર ઉલ્લંઘન કરવું મોંઘું પડી જશે. કાર ડ્રાઈવિંગમાં લાપરવાહી દાખવવા બદલ ભારે દંડની સાથે જેલની હવા ખાવી પડશે. જો ભૂલ ફરી વખત દોહરાવવામાં આવશે તો ડ્રાઈવિંગ લાયસન્સ જપ્ત કરી લેવા સુધીની આકરી સજા કરવામાં આવશે. રાજ્યોની ટ્રાફિક પોલીસ અને પરિવહન વિભાગ દ્વારા કાપવામાં આવેલા ચરણ હવે ડિજિટલ લોકર-એમ-પરિવહન પોર્ટલ ઉપર ઓનલાઈન અપલોડ કરવા અનિવાર્ય બનાવવામાં આવશે. કેન્દ્ર સરકારે આ અંગે જાહેરનામું પણ પ્રસિદ્ધ કરી દીધું છે.

સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે જાહેરનામું પ્રસિદ્ધ કરતાં કહ્યું કે ટ્રાફિક પોલીસ અથવા પરિવહન વિભાગના અધિકારીએ ચલણ બનાવ્યા બાદ ડિજિટલ લોકલ-એમ પરિવહન પોર્ટલ ઉપર તેનો ઉલ્લેખ કરવો જરૂરી બની જશે. પોર્ટલમાં રહેલા વાહનના ઈલેક્ટ્રોનિક દસ્તાવેજ જેવા કે રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ, પરમીટ, પ્રદૂષણ સર્ટિફિકેટ, વીમો, ડ્રાઈવિંગ લાયસન્સ વગેરે ફિટનેસ પ્રમાણપત્રો માન્ય ગણાશે. અધિકારી દસ્તાવેજોની મૂળ નકલની માગ કરી શકશે નહીં. ઈલેક્ટ્રોનિક દસ્તાવેજોનું ઈ-ચલણ બનાવીને તેની રિસિપ્ટ આપી

અનુસંધાન પાના નં. ૬



અરવિંદ કેજરીવાલની પત્ની સુનિતા કેજરીવાલનો આજે જન્મદિવસ છે. દિલ્હીની જનતાએ આમ આદમી પાર્ટીને ભવ્ય જીત અપાવીને જાણે કેજરીવાલ પરિવારને ગિફ્ટ આપી છે. કેજરીવાલે પત્ની સુનિતાને કેક ખવડાવી જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી.

સૌથી વધુ નફો કરતી કંપની ઓએનજીસી બીએસએનએલ, એમટીએનએલ અને એર ઈન્ડિયા સૌથી વધુ ખોટ કરતી કંપની

ન્યુ દિલ્હી

નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ઑઈલ ઍન્ડ નેચરલ ગેસ કંપની-ઓએનજીસી, ઈન્ડિયન ઑઈલ કૉર્પોરેશન-આઈઓસી અને એનટીપીસી જાહેરક્ષેત્રની ત્રણ સૌથી વધુ નફો કરતી કંપની હતી તો બીએસએનએલ, એમટીએનએલ અને એર ઈન્ડિયા જેવી ત્રણ કંપનીએ સતત ત્રીજે વરસે સૌથી વધુ ખોટ કરી હોવાનું લોકસભામાં સોમવારે રજૂ કરવામાં આવેલા સર્વેક્ષણનાં તારણોમાં જણાવવામાં આવ્યું હતું.

જાહેરક્ષેત્રની તમામ કંપનીઓના વાર્ષિક આર્થિક દેખાવ પર પ્રકાશ પાડતા ધ પબ્લિક એન્ટરપ્રાઈસિસ સર્વે ૨૦૧૮-૧૯માં જણાવ્યાનુસાર એ વરસ દરમિયાન નુકસાન કરનારી ૭૦ સીપીએસઈએ કરેલા કુલ નુકસાનમાં ટોચની ૧૦ કંપનીનો હિસ્સો ૯૪.૦૪ ટકા જેટલો હતો. નફો કરનારી સીપીએસઈ કંપનીઓએ કરેલા કુલ નફામાં ઓએનજીસી, આઈઓસી અને એનટીપીસીનું યોગદાન અનુક્રમે ૧૫.૩, ૯.૬૮ અને ૬.૭૩ ટકા રહ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન સીપીએસઈ કંપનીઓની કુલ આવકનો આંક વર્ષ ૨૦૧૭-૧૮ના રૂ.

અનુસંધાન પાના નં. ૬

અમિત શાહે ૧૩ દિવસોમાં યોજી ૩૫ રેલી

દિલ્હી દંગલઃ મોદી-શાહ બેઅસર, ૩૦૦ સાંસદ, ૭૦ મંત્રી છતાં 'આપ'નું ઝાડુ ફરી વળ્યું

ન્યુ દિલ્હી

દિલ્હી જીતવા માટે ભાજપે આ સમયે એડી ચોટીનું દમ લગાવીને આક્રમક ચૂંટણી અભિયાન શરૂ કરાયું હતું. ભારતીય જનતા પાર્ટીએ દિલ્હી ફતેહ કરવા માટે પોતનાં ૩૫૦ સાંસદો તેમજ નેતાઓની ફોજને મેદાનમાં ઉતારી દીધી હતી. કેન્દ્રીય મંત્રી ગૃહમંત્રી અમિતા શાહે તો શહેરની ગલીઓ ગલીઓ ફરીને મત માગ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જોરદાર ભાષણો દ્વારા આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ પર શાબ્દિક પ્રહારો કર્યા હતા. બીજેપીએ દિલ્હીમાં પોતાનો વનવાસ પૂર્ણ કરવા અને સત્તાનો સ્વાદ ચાખવા માટે તમામ પ્રકારનાં પ્રયાસો કર્યા હતા.

જો કે છેલ્લી બે લોકસભા ચૂંટણીઓમાં અને ઘણી વિધાનસભા ચૂંટણીઓમાં મોદી જાદુ ચાલવા છતાં છેલ્લા ૨૦ વર્ષોથી ભાજપા દિલ્હીની સત્તામાં પરત આવી શકી નથી. આ સમયે પાર્ટીએ અત્યંત આક્રમક ચૂંટણી અભિયાન શરૂ કર્યું હતું. પાર્ટીનાં ટોચના નેતાઓએ અનેક રેલીનું સંબોધન કર્યું અને રોડ શો, ડોર-ટુ-ડોર ઝુંબેશ હાથ ધરી હતી. ભાજપે ચૂંટણી પ્રચારમાં ૨૦૦ સાંસદો, ઘણા મુખ્ય પ્રધાનો અને લગભગ તમામ કેન્દ્રીય મંત્રીઓનો સમાવેશ કર્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હી વિધાનસભા ૨૦૨૦માં ચૂંટણી પ્રચારમાં કોઈ કસર બાકી રાકી નહોતી. શાહે ભાજપાનાં ઉમેદવારોનાં સમર્થનમાં ૪૭ ચૂંટણી સભાઓ યોજી હતી, જેમાં ૩૫ રેલીઓ નવ રોડ શોનો પણ સમાવેશ થાય છે. અમિતાશાહે ૧૩ દિવસોમાં ૩૫ રેલીઓ કરી હતી. ત્યારે ભાજપનાં નવા અધ્યક્ષ જેપી નડ્ડાએ પણ લગભગ ૪૦ બેઠકો અને રોડશોમાં પણ ભાગ લીધો હતો

દિલ્હી ચૂંટણી પ્રચારનાં અંતિમ ચરણમાં પ્રધાનમંત્રી

અનુસંધાન પાના નં. ૬

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.in ના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો
૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો ભાગને કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના ચોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી ચોલેટમાં જમા થશે.
૯. મેમ્બર બનવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજા વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

દેશ તમામ વિદેશી નાગરિકોના સ્વાસ્થ્ય અને સુરક્ષાને ખૂબ મહત્વ આપે છેઃ ચીન

કોરોના વાયરસઃ ચીનમાં મૃત્યુઆંક ૧૦૦૦ને પાર, ૪૨૦૦૦થી વધુને અસર



ડબલ્યુએચઓની ટીમ ચીન પહોંચી

વિશ્વ આરોગ્ય સંસ્થાના તબીબી નિષ્ણાતોની એક ટીમ સોમવારે રાત્રે નોવેલ કોરોના વાઈરસ સંક્રમણની તપાસમાં મદદ માટે ચીન પહોંચી ગઈ છે. ટીમનું નેતૃત્વ ડો.બ્રુસ અલવાર્ડ કરી રહ્યા છે. ચીનના નેશનલ હેલ્થ કમિશનના અધિકારી મી ફેંગે કહ્યું હતું કે અમે આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોની ટીમનું સ્વાગત કરીછીએ. ચીન અને ડબલ્યુએચઓની ટીમ કોરોનાવાઈરસના ઈલાજને લઈ વ્યાપક ચર્ચા કરશે અને આ મહામારીના ફેલાવાને અટકાવવા માટે યોગ્ય પગલા ભરશે.

બેઈજિંગ

ચીનમાં કોરોના વાયરસ વિકરાળ સ્વરુપ ધારણ કરી રહ્યો છે, જેના કારણે દુનિયાભરના દેશો ચિંતામાં મૂકાઈ ગયા છે. ચીનમાં કોરોના વાયરસના કારણે મોતને ભેટેલા લોકોનો આંક ૧૦૦૦ને પાર પહોંચી ચૂક્યો છે. ચીનમાં અત્યાર સુધીમાં ૧૦૧૧ લોકો આ વાયરસની લપેટમાં આવીને મોતને ભેટી ચૂક્યા છે. મૃતકોની સંખ્યામાં જો ફિલીપીંસ અને હોંગકોંગમાં થયેલા એક-એક વ્યક્તિના મોતનો સમાવેશ પણ કરવામાં આવે તો આ આંકડો ૧૦૧૩ સુધી પહોંચે છે.

ચીનની સરકારી મીડિયાના રિપોર્ટ્સ અનુસાર આ વાયરસની લપેટમાં આવેલા લોકોની સંખ્યા ૪૨૩૦૦ પર પહોંચી ગઈછે. ૨૦૦૩માં ફેલાયેલા સીવિયર અક્યૂટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ (જીછઈજી)ના કારણે ૭૭૪ લોકોના મોત નિપજ્યા હતા. જેની સરખામણીમાં કોરોના વાયરસના કારણે મોતને ભેટેલા લોકોની સંખ્યા ઘણી વધારે છે.

ચીનના સ્વાસ્થ્ય અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે, ચીનમાં કોરોના વાયરસથી મૃતકોની સંખ્યા વધીને ૯૦૮ થઈ ગઈ છે, જેમાં સૌથી વધુ મોત હુબેઈ પ્રાંતમાં થયા છે. ઉપરાંત કોરાના વાયરસથી કુલ ૪૨૩૦૦ અસરગ્રસ્ત હોવાની પુષ્ટિ થઈ છે. બીજી તરફ, આ બાબતને ગંભીરતાથી લઈને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કોરોના વાયરસને કાબૂમાં લેવા માટે પોતાની એક ટીમ ચીન મોકલી છે.

ચીનના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશમાં ૨૭ વિદેશી નાગરિકોને કોરોના વાયરસથી અસર થઈ છે. એમાં બે લોકોના મોત થયા છે. આ આંકડો ૧૦મી ફેબ્રુઆરી સુધીનો છે. ચીનના વિદેશ મંત્રાલયના અધિકારીએ એમ પણ કહ્યું કે, દેશ તમામ વિદેશી નાગરિકોના સ્વાસ્થ્ય અને સુરક્ષાને ખૂબ મહત્વ આપે છે. કોરોનાને પગલે જે બે વિદેશી નાગરિકોના મોત થયા છે, તેમાં ૬૦ વર્ષીય એક અમેરિકી મહિલા અને એક જાપાનનો પુરુષ સામેલ છે, આ બંનેના વુહાન શહેરમાં કોરોના વાયરસની અસરથી મોત થયા છે. જ્યારે ૨૭ અસરગ્રસ્ત વિદેશી નાગરિકો પૈકી ત્રણને હોસ્પિટલમાં થી રજા આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચીનથી કોરોના વાયરસ હમણાં સુધી ૨૬ દેશોમાં ફેલાઈ ગયો છે.



દિલ્હીની પાર્ટી ઓફિસમાં આમ આદમી પાર્ટીનાં કાર્યકર્તા જશ્ન મનાવી રહ્યા છે. અને ઢોલ વગાડીને નાચી રહ્યા છે. ત્યારે આ જશ્નની વચ્ચે આપની ઓફિસમાં એક પોસ્ટર દેખાઈ રહ્યું છે. જેમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની તસ્વીર છે જેમાં પોસ્ટર પર લખ્યું છે કે 'કરંટ લાગ્યો કે શું'.

ચીનમાં ૧૪૦૦૦ મૃતદેહ સળગાવવાની આશંકા, સેટેલાઈટ તસ્વીરમાં દેખાયો સલ્ફર ગેસ..!!

બીજિંગ

કોરોના વાયરસના કારણે અત્યાર સુધીમાં ૯૦૮ લોકોના મોત થયા હોવાનુ ચીનની સરકાર કહી રહી છે. જોકે ખરો આંકડો તેના કરતા વધારે હોવાની શંકા છે અને સેટેલાઈટ તસવીરોના કારણે આ શંકા વધારે મજબૂત બની છે.

વુહાનની કેટલીક સેટેલાઈટ તસવીરો સોમ આવી છે જેમાં શહેરની ઉપર આગના ગોળા જેવુ દેખાય છે. વૈજ્ઞાનિકનુ કહેવુ છે કે જ્યારે બહુ મોટી માત્રામાં સલ્ફ ડાયોક્સાઈટ ગેસ રિલિઝ થાય ત્યારે આ પ્રકારની સેટેલાઈટ ઈમેજ જોવા મળતી હોય છે.

સલ્ફર ડાયોક્સાઈડ ગેસ મેડિકલ વેસ્ટ સળગાવવાથી અથવા તો મૃતદેહોને સળગાવવાથી નિકળતી હોય છે. ચીનના સશોયલ મીડિયા પર પણ એવી વાત ચાલી રહી છે કે, વુહાન બહાર કોરોના વાયરસથી મોતન ભેટનાર લોકોની લાશોને સળગાવવામાં આવી રહી છે.

સેટેલાઈટ ઈમેજથી દેખાય છે કે, સલ્ફ ડાયોક્સાઈડનુ સ્તર ૧૭૦૦ યુજી પર ક્યુબિક મીટર છે. જે ભયજનક કરતા ૨૧ ગણુ વધારે છે. આ જ પ્રકારની ઈમેજ ચોંગક્વિક શહેરની ઉપર પણ દેખાઈ રહી છે. અહીંયા પણ કોરોના વાયરસની બીમારી મોટા પાયે ફેલાયેલી છે.

જાણકારોનુ કહેવુ છે કે, વુહાનમાં જેટલી માત્રામાં સલ્ફર ડાયોક્સાઈડ રિલિઝ થયો છે તે જોતા લાગે છે કે, ૧૪૦૦૦ જેટલા મૃતદેહોને સળગાવવમાં આવ્યા હશે.

વેલેન્ટાઈન્સ-ડે અને અરવિંદ કેજરીવાલ વચ્ચે છે ખાસ કનેક્શન

ન્યુ દિલ્હી

આમ આદમી પાર્ટી આજે વધુ એકવાર સરકાર બનાવી ઈતિહાસ રચ્યો છે. પરંતુ આ જીત સાથે અરવિંદ કેજરીવાલનું એક અનોખુ કનેક્શન સામે આવ્યું છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ફરી એકવાર વેલેંટાઈસ ડે એટલે કે ૧૪ ફેબ્રુઆરીએ શપથ ગ્રહણ કરી શકે છે.

૧૪ ફેબ્રુઆરી એટલે કે વેલેંટાઈન્સ ડે સાથે અરવિંદ કેજરીવાલ સાથેનું કનેક્શન પણ સામે આવ્યું છે. તેને સંયોગ કહો કે બીજુ કંઈ પણ ૨૦૧૩ અને ૨૦૧૫માં બંને વખત દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં વેલેંટાઈન્સ ડે કોઈ ને કોઈ રીતે અરવિંદ કેજરીવાલ સાથે જોડાયેલો જરૂરથી રહ્યો છે.

૨૦૧૩ દિલ્હી વિધાનસભા ચૂંટણી

૨૦૧૩માં દિલ્હીમાં ૪ ડિસેમ્બરે વિધાનસભાની ચૂંટણી યોજાઈ અને ૮ ડિસેમ્બરે પરિણામ જાહેર થયા. ૨૦૧૨ નવેમ્બરમાં આપની સ્થાપના થઈ અને પહેલીવાર પાર્ટીએ તે જ વર્ષે ચૂંટણી પણ લડી. દિલ્હીમાં ભાજપે ૭૦માંથી ૩૧, આપે ૨૮ અને કોંગ્રેસે ૮ બેઠકો જીતી અને ત્રીશંકુ વિધાનસભા બની. આપે સરકાર બનાવવા માટે કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા. અરવિંદ કેજરીવાલે ૨૮ ડિસેમ્બરે પહેલીવાર દિલ્હીના મુખ્યમંત્રીપદના શપથ ગ્રહણ કર્યા.

જોકે કોંગ્રેસે આપમાંથી પોતાનું સમર્થન પાછુ ખેંચી લેતા આપની સરકાર પડી ભાંગી. કેજરીવાલે ૧૪મી ફેબ્રુઆરી એટલે કે વેલેંટાઈન ડેના દિવસે જ રાજીનામું આપ્યું.

૨૦૧૫ દિલ્હી વિધાનસભા ચૂંટણી

ચૂંટણી પંચે ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ દિલ્હીમાં ચૂંટણીની જાહેરાત કરી. આ દરમિયાન જ આપના પ્રવક્તા રાઘવ ચઢ્ઢાએ જાહેરાત કરી કે કેજરીવાલ ઐતિહાસીમ રામલીલા મેદાનમાં ૧૪ ફેબ્રુઆરીએ શપથ ગ્રહણ કરશે અને તે દિવસે પણ વેલેંટાઈન્સ ડે હતો. જ્યારે આ વખતે ૨૦૨૦માં પણ વેલેન્ટાઈન્સ ડે નજીક આવી રહ્યો છે. ત્યારે કહી શકાય કે કેજરીવાલનું વેલેંટાઈન્સ ડે સાથે ખાસ કનેક્શન છે.

બે ટર્મથી એક પણ સીટ નથી મળી રહી કોંગ્રેસને

દિલ્હીમાં સૌથી જૂની પાર્ટી કોંગ્રેસના પતનની કહાની..

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ૨૦૨૦ના પરિણામો સામે આવી ગયા છે. લગભગ તસવીર સ્પષ્ટ થઈ ગઈ છે. આમ આદમી પાર્ટીને ૬૩ અને ભાજપને ૭ બેઠકો મળતી નજરે પડે છે. કોંગ્રેસના ખાતમાં ફરી વાર લાડવો આવ્યો છે. દેશની સૌથી જુની પાર્ટી કોંગ્રેસ માટે સૌથી શરમજનક સ્થિતિ છે જે થોડા વર્ષો પહેલા સુધી તો અહીં શીલા દીક્ષિતના નેતૃત્વમાં સતત ૧૫ વર્ષ શાસન કરી ચુકી છે.

૧૯૯૮માં થયો હતો શીલા યુગનો ઉદય

વર્ષ ૧૯૯૮ની ચૂંટણીમાં દિલ્હીમાં કોંગ્રેસ તરફી પવન હતો. આ ચૂંટણીમાં મોંઘવારી એક મુખ્ય મુદ્દો હતો. ડુંગળીના ભાવોએ ભાજપની સરકાર પાડી હતી. ત્યારે કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીની સરકાર હતી. શીલા દિક્ષિતના ઉદયની શરૂઆત પણ અહીંથી જ થઈ. પહેલીવાર તેઓ મુખ્યમંત્રી બન્યાં. ૭૦ સભ્યોવાળી વિધાનસભામાં કોંગ્રેસને પર બેઠકો મળી હતી જ્યારે સુષમા સ્વરાજના નેતૃત્વવાળા ભાજપને ફાળે માત્ર ૧૫ બેઠકો ગઈ હતી.

૨૦૦૩માં ફરી એકવાર આવી કોંગ્રેસ

વર્ષ ૨૦૦૩માં પણ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને જબરદસ્ત જીત મળી હતી. કોંગ્રેસને ૪૭ બેઠકો મળી હતી. એકવાર ફરી શીલા દીક્ષિતના નેતૃત્વમાં સરકાર બની હતી. ડિસેમ્બર ૨૦૦૩માં થયેલી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે ૪૮.૧૩ ટકા મતો મેળવ્યાં હતાં. બીજા સ્થાને રહેલા ભાજપને ૨૦ બેઠકો મળી હતી.

૨૦૦૮માં લગાવી હેટ્રિક

દિલ્હી વાસીઓએ ફરી એકવાર વર્ષ ૨૦૦૮માં ચૂંટણીમાં શીલા દીક્ષિત પર વિશ્વાસ કર્યો. તેમના નેતૃત્વમાં સતત ત્રીજીવાર જીત સાથે કોંગ્રેસે સરકાર બનાવી હતી. કોંગ્રેસને કુલ ૪૩ બેઠકો મળી હતી.

૨૦૧૩માં પલટી બાજી

૨૦૧૩માં ચૂંટણીમાં બાજી પલટી ગઈ હતી. કોમનવેલ્થ કૌભાંડનો પડ્યો પડ્યો અને અન્ના આંદોલન બાદ આમ આદમી પાર્ટીના ઉદયે માહોલ બદલી નાખ્યો. વિધાનસભાના પરિણામો ત્રિશંકુ રહ્યાં. ભાજપને ૩૧, આમ આદમી પાર્ટીને ૨૮ બેઠકો મળી હતી. જ્યારે કોંગ્રેસને માત્ર ૮ સીટ મળી.

૨૦૧૫માં રચાયો ઈતિહાસ

વર્ષ ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના સૂપડાં જ સાફ થઈ ગયં. આમ આદમી પાર્ટીએ ૭૦માંથી ૬૭ બેઠકો મેળવી જ્યારે ભજાપને ૩ બેઠકો ગઈ. કોંગ્રેસને કોઈ સીટ મળી નહીં.

૨૦૨૦માં કોંગ્રેસને ફરી તળીયે

વર્ષ ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં પણ કોંગ્રેસનું પ્રદર્શન સુધર્યું નહીં. એકવાર ફરીથી કોંગ્રેસના ફાળે કોઈ બેઠક જતી જોવા મળી રહી નથી. એક બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર આગળ હતાં પરંતુ હવે તે બેઠક પણ હાથમાંથી ગઈ. આમ એક સમયની દેશની સૌથી મોટી અને જુની પાર્ટીનો જનાધાર દિલ્હીમાં તળીયે પહોંચી ગયો.

૫૦ની ક્ષમતા ધરાવતી હોડીમાં ૧૩૦ શરણાર્થીઓ સવાર હતા

બાંગ્લાદેશથી મલેશિયા તરફ જતા રોહિંગ્યાની હોડી ડૂબી, ૧૬ના મોત, અનેક લાપતા

ઢાકા

બાંગ્લાદેશમાં શરણાર્થી તરીકે રહી રહેલા રોહિંગ્યા એક ભીષણ દુર્ઘટનાનો શિકાર બન્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર દક્ષિણ બાંગ્લાદેશ પાસે રોહિંગ્યા શરણાર્થિઓને લઈને જઈ રહેલી એક હોડી મંગળવારે સવારે ડૂબી ગઈ હતી. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૧૬ રોહિંગ્યા શરણાર્થિઓના મોત નિપજ્યા છે જ્યારે અનેક લોકો લાપતા છે. જોકે, તેમાંથી ૭૦ લોકોનો આબાદ બચાવ કરી લેવામાં આવ્યો છે.

દુર્ઘટનાગ્રસ્ત હોડી બંગાળની ખાડીથી મલેશિયા તરફ જઈ રહી હતી. તટરક્ષક દળના પ્રવક્તા હમિદુલ ઈસ્લામે જણાવ્યું કે ૭૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને હજી પણ એક બોટ લાપતા છે. આ તમામ લોકો માછલીને પકડવા માટે વપરાતી હોડીમાં બેસીને ચોરી-છુપીથી ભાગી રહ્યા હતા. આ હોડીની ક્ષમતા ફક્ત ૫૦ લોકોની જ હતી પરંતુ તેના પર કુલ ૧૩૦ લોકો સવાર થયેલા હતા.

ઉલ્લેખનીય છે કે મ્યાનમારમાં ૨૦૧૭માં સૈન્ય કાર્યવાહીથી ડરીને ભાગેલા ૭,૦૦,૦૦૦થી વધારે રોહિંગ્યા લોકો બાંગ્લાદેશના શરણાર્થી શિબિરોમાં રહી રહ્યા છે. ત્યાં રહી રહેલા શરણાર્થી શિબિરોમાંથી આ લોકો મલેશિયા જતી હોડીમાં સવાર થઈ ગયા હતા. બે હોડીઓ મલેશિયા તરફ જઈ રહી હતી કે જેના પર શરણાર્થીઓ સવાર હતા.

ભાજપે હિન્દુ-મુસ્લિમના ભાગલા પાડવાની કોશિશ કરીઃ સિસોદિયા

જીત અગત્યની છે. ભાજપે નફરતની રાજનીતિ કરી. તેમણે હિન્દુ-મુસ્લિમના ભાગલા પાડવાની કોશિષ કરી. મને ખુશી છે કે પટપડગંજના વોટર્સ વહેંચાયા નહીં. અરવિંદ કેજરીવાલને જીતાડવા માટે વોટિંગ કર્યું.

કેજરીવાલની રાજકીય સફર

★ *દિલ્હીના સાતમાં મુખ્યમંત્રી તરીકે અરવિંદ કેજરીવાલ પ્રથમ વખત ડિસેમ્બર ૨૦૧૩થી ફેબ્રુઆરી ૨૦૧૪ સુધી સત્તામાં રહ્યાં. બીજી વખત ફેબ્રુઆરી ૨૦૧૫માં ફરી ચૂંટણી જીતીને તેઓ સીએમ બન્યાં.*

★ *પ્રથમ વખત આમ આદમી પાર્ટીએ ૭૦માંથી ૨૮ બેઠક જીતી હતી. એ વખતે કૉંગ્રેસના સહયોગથી સરકાર બનાવવી પડી હતી. પરંતુ ફેબ્રુઆરી ૨૦૧૪માં અરવિંદ કેજરીવાલે રાજીનામું આપી દીધું હતું.*

★ *વર્ષ ૨૦૧૫ની ચૂંટણીમાં લોકોએ અરવિંદ કેજરીવાલનું કદ ખૂબ વધારી દીધું હતું. આ ચૂંટણીમાં દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકમાંથી આમ આદમી પાર્ટીએ ૬૭ બેઠક જીતી લીધી હતી. બીજેપીએ ફક્ત ત્રણ બેઠક જીતીને સંતોષ માનવો પડ્યો હતો. કૉંગ્રેસે આ ચૂંટણીમાં ખાતું પણ ખોલાવ્યું ન હતું.*

ઓખલા સીટથી આમ આદમી પાર્ટીના અમાનતુલ્લાહ ખાનનો ૭૦ હજાર વોટથી વિજય, બીજેપીના બ્રહમ સિંહને હરાવ્યા



દિલ્હી વિધાનસભા ચૂંટણીનીમાં આપને સ્પષ્ટ બહુમતી મળી ગઈ છે. રૂઝાનોમાં આમ આદમી પાર્ટીને સ્પષ્ટ બહુમત મેળવ્યો છે. આમ છતાં પણ ભાજપના નેતા પોતાની પાર્ટીની જીતના દાવા કરી રહ્યાં છે. આ બધા વચ્ચે એક એવું પોસ્ટર જોવા મળ્યું છે જેને જોતા એવું માનવામાં આવી રહ્યું છે કે ભાજપે પોતાની હાર સ્વીકારી લીધી છે. આ પોસ્ટર ભાજપના દિલ્હી ઓફિસ બહાર લાગ્યું છે. આ પોસ્ટર પર અમિત શાહની તસવીર સાથે કેટલીક પંક્તિઓ લખેલી છે કે વિજયથી અમે અહંકારી થતા નથી અને પરાજયથી અમે નિરાશ થતા નથી.

રાષ્ટ્રવ્યાપી આંદોલનની જાહેરાત

૧૬મી ફેબ્રુઆરીએ ભાજપની અનામત વિરોધી નીતિ સામે કોંગ્રેસ રેલી યોજશે

ન્યુ દિલ્હી

ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (રા.સ્વ.સંઘ)ની અનામત વિરોધી નીતિને ખુલ્લી પાડવા ૧૬મી ફેબ્રુઆરીએ કોંગ્રેસ પક્ષ રાષ્ટ્રવ્યાપી રેલી અને આંદોલન યોજશે. મિડિયા સાથે વાત કરતાં કોંગ્રેસના મહામંત્રી કે સી વેણુ ગોપાલે મિડિયા સાથેની વાતચીત દરમિયાન આ આંદોલન વિશે માહિતી આપી હતી.

સાતમી ફેબ્રુઆરીએ સુપ્રીમ કોર્ટેએવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે બઢતી માટે અનામતનો દાવો કરવો એ મૂળભૂત અધિકાર નથી. એટલે હવે કોંગ્રેસ એવો પ્રચાર કરશે કે ભાજપ અને રા.સ્વ. સંઘ અનામત નષ્ટ કરવા માગે છે. સુપ્રીમ કોર્ટે એવું પણ કહ્યું હતું કે કોઈ પણ કોર્ટ રાજ્ય સરકારોને એવો આદેશ આપી શકે નહીં કે એસસી-એસટીને અનામત આપો.

વેણુ ગોપાલે કોંગ્રેસનાં તમામ રાજ્ય એકમોને ૧૬મીના આંદોલનને સફળ બનાવવા કમર કસી લેવાનું જણાવતાં કહ્યું હતું કે છેલ્લાં થોડાં વરસોથી ભાજપ અને સંઘ અનામતની વિરુદ્ધ પ્રચાર કરી રહ્યાં છે અને હવે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને વચ્ચે નાખીને પોતાનો હેતુ બર કરવાના પ્રયાસ કર્યા છે. ભાજપ સરકારના આ ઉદ્ધેશને લોકો સુધી પહોંચાડવા માટે આપણે ૧૬ મી ફેબ્રુઆરીએ રાષ્ટ્રવ્યાપી આંદોલનનો નિર્ણય કર્યો છે.

આમ આદમી પાર્ટી હવે રાષ્ટ્ર નિર્માણના રસ્તેઃ કેમ્પેઈન શરૂ કર્યુ

ન્યુ દિલ્હી

આમ આદમી પાર્ટીના પાર્ટી કાર્યાલય પર મંગળવારે નવુ પોસ્ટર લાગ્યા છે. આ પોસ્ટરમાં લખ્યુ છે રાષ્ટ્ર નિર્માણ માટે આપ સાથે જોડાઓ, જોડાવવા માટેમિસ કૉલ કરો ૯૮૭૧૦૧૦૧૦૧. ભાજપના નક્શેકદમ પર ચાલતા આપે હવે રાષ્ટ્ર નિર્માણને મોટો મુદ્દો બનાવશે અને આ માટે સરકાર બનાવ્યા બાદ મોટા કેમ્પેઈનની શરૂઆત કરશે. આની ઝલક આમ આદમી પાર્ટીના મેનિફેસ્ટોમાં પણ જોવા મળી હતી. આપના મેનિફેસ્ટોમાં ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાએ એલાન કર્યુ હતુ કે જો આપની સરકાર બનશે તો સરકારી શાળામાં શરૂ કરવામાં આવેલી હેપિનેસ કરિકુલમ અને આંત્રપિન્ચોરશિપ કરિકુલમની સફળતા બાદ દેશભક્તિ અભ્યાસ ક્રમ લાવવામાં આવશે.



કનેક્ટ ઇન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જેજે ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO







ફ્રી ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઇસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે
★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ
★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી
★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.
★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે
www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

મોંઘવારી વધુ વધી જશે

જેને લઈને ભય હતો તે જ બાબત હવે બની છે. ડોલરની રૂપિયામાં ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. જુદા જુદા પરિબળો વચ્ચે મોંઘવારી પર હાલમાં બ્રેક મુકાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ડોલરની સામે રૂપિયો ઐતિહાસિક નીચી સપાટી પર પહોંચી જવા માટે કેટલાક કારણો રહેલા છે. અમેરિકી ડોલરની કિંમત ૭૧ના આંકડાને પાર કરી ગઈ છે. એટલે કે દેશના સામાન્ય લોકોને હજુ મોંઘવારીની સામે વધારે સંઘર્ષ કરવાની ફરજ પડશે. ડોલરની સામે રૂપિયામાં ઘટાડા અને ડોલરની વધતી જતી કિંમતના કારણે સીધી અસર સામાન્ય વ્યક્તિના ખિસ્સા પર થનાર છે. વર્ષ ૨૦૧૩ની તુલનામાં રૂપિયામાં આશરે ૧૦ ટકા સુધી અવમુલ્યન થઈ ગયુ છે. ૨૯મી ઓગષ્ટ ૨૦૧૩ના દિવસે એક ડોલરની કિંમત ૬૫.૨૧ રૂપિયા હતી. જ્યારે હવે કિંમત ૭૧ ઉપર પહોંચી ગઈ છે. ક્રુડ ઓઈલની કિંમતમાં અવિરત વધારો થઈ રહ્યો છે. સાથે સાથે આયાતકારો દ્વારા ડોલરની માંગ કરવામાં આવી રહી છે. આવી સ્થિતીમાં સુધારો થઈ રહ્યો નથી. આયાત પર વધારે આધારિત રહેવાની બાબત વધારે અનુકુળ કોઈ દેશ માટે નથી.ભારત જેવા દેશ માટે રૂપિયામાં આટલા પ્રમાણમાં અવમુલ્યન યોગ્ય છે કે કેમ તેને લઈને અર્થશાસ્ત્રીઓમાં ચર્ચા ચાલી રહી છે. આના કારણે શુ અમારી અર્થવ્યવસ્થાની કમર તુટી જશે નહીં ? ડોલરની કિંમત વધારે થવાના કારણે તમામ સામાન્ય ઉપયોગનમી ચીજોમાં વધારો થશે. તેમની કિમતમાં વધારો થશે.એ તમામ વસ્તુઓ મોંઘી બની જશે જેમાં વિદેશી કોઈ પણ ચીજનો ઉપયોગ કરવામાં આવે છે. વિદેશી યાત્રા, અભ્યાસ, સારવાર ખર્ચ આશરે ૧૦ટક સુધી વધી જવાની શક્યતા છે. ફુગાવો પણ વધશે. સાથે સાથે ક્રુડ ઓઈલ વધારે મોંઘુ બની જવાના કારણે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો થશે. અમેરિકા અને અન્ય કેટલાક દેશોમાં લાખો વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી લેવા માટે વિદેશ જાય છે. અમેરિકામાં થોડાક વર્ષ પહેલા સુધી એક વિદ્યાર્થીનો ખર્ચ ૩૦થી ૪૦ જાર ડોલર સુધી આવતો હતો. એ પણ એ વખતે જ્યારે ડોલરની કિંમત ૬૪-૬૫ રૂપિયાની વચ્ચે હતી. તેમાં હવે ૧૦ ટકાનો અથવા તો ત્રણથી ચાર લાખ રૂપિયાનો વધારો થઈ જશે. વિદેશોમાં શિક્ષણ મેળવી લેવા માટે જવા ઇચ્છુક મોટા ભાગના મધ્યમ વર્ગના પરિવારના સભ્યો હોય છે. તેમના વાલીઓ માટે આ ૧૦ ટકાનો વધારો તેમની મુશ્કેલી અનેક ગણી વધારી દેશે. એટલી બાબત ચોક્કસ પણે છે કે ડોલરની કિંમત વધવાના કારણે નિકાસકારો અને પ્રવાસને વેગ મળશે. આઇટી કર્મચારીઓની આવકમાં વધારો થશે. પરંતુ આ લાભ ટુંકા ગાળા માટે અને નુકસાન લાંબા ગાળે માટે રહેશે તે બાબત તો નક્કી દેખાઈ રહી છે. આર્થિક મામલાના નિષ્ણાંતોની ગણતરી પણ ખોટી સાબિત થઈ રહી છે. આર્થિક મામલાના કેટલાક નિષ્ણાંતો તો હજુ પણ કિંમતમાં ઘટાડો થશે તેવી દહેશત વ્યક્ત કરી રહ્યા છે. એટલે કે ભવિષ્યમાં પરેશાની સતત વધનાર છે. નાણાં મંત્રાલય અને રિઝર્વ બેંકને રૂપિયાના વધારે અવમુલ્યનને રોકવા માટે તરત જ પગલા લેવા જોઈએ. રિઝર્વ બેંક, સરકાર અને સંબંધિતો દ્વારા ડોલરની સામે રૂપિયાની ચાલ પર નજર રાખવામાં આવી રહી છે.

તમામ જરૂરી સેવાઓમાં ૧૦ ટકા સુધીનો વધારો થશે : લોકો પર વધારે બોજ વધશે

પૌષક તત્વો નહીંવત હોવાથી વિકાસ પર અસર

બેબી ફુડમાં કેન્સર રિસ્ક તત્વ

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે બજારમાં ઉપલબ્ધ રેડીમેડ બેબી ફુડમાં કેન્સરને આમંત્રણ આપે તેવા તત્વો કેમિકલ રહેલા છે. જો કે કેન્સર રિસ્ક કેમિકલ હોવાના દાવાને કેટલાક નિષ્ણાંતો રદિયો પણ આપે છે. બેબી ફુડ બનાવતી કંપનીઓ પણ આને રદિયો આપે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે બેબી ફુડમાં પોષક તત્વો ખૂબ જ ઓછા પ્રમાણમાં હોય છે. જેનાથી બાળકના વિકાસને અસર થાય છે. અલબત બેબી ફુડ બનાવતી મહાકાય કંપનીઓ બાળકોના વિકાસ સાથે સંબંધિત તમામ બાબતોમાં ધ્યાન આપે છે. પરંતુ બાળકોને જેટલા પ્રમાણમાં માઈક્રો પોષક તત્વોની જરૂર હોય છે તેટલા પ્રમાણમાં પોષક તત્વો હોતા નથી. જેથી માઈક્રો ન્યુટ્રીશનના મામલામાં બેબી ફુડ સંપૂર્ણ ધારાધોરણ પાળી શકતા નથી. રેડીમેડ બેબી ફુડમાં માઈક્રો ન્યુટ્રીશનનું પ્રમાણ નિષ્ણાંત તબીબો અને સંશોધકો દ્વારા જે ભલામણ કરવામાં આવી છે તેના કરતા ઓછું હોય છે. દરરોજ બાળકને કેટલા પ્રમાણમાં પોષક તત્વોની જરૂર છે તેના કરતા પાંચમાં ભાગના પોષક તત્વો આમા ઓછા હોય છે. કેલ્સિયમ, મેગ્નેશિયમ, ઝીંક, આર્યન અને અન્ય ખીનજ તત્વો જેટલા પ્રમાણમાં બાળકને દરરોજ જરૂર હોય છે તેના કરતા રેડીમેડ બેબી ફુડમાં તત્વો ઓછા હોય છે. સંશોધકોએ આ તારણ ઉપર પહોંચતી વેળા ઘણી બાબતોને ધ્યાનમાં લીધી હતી. ઘણા સેમ્પલો પણ લીધા હતા. અગ્રણી સુપર માર્કેટ અને કંપનીઓના પોષક તત્વોને ધ્યાનમાં લીધા હતા. આ પોષક તત્વોને ધ્યાનમાં લીધા બાદ તેમા ચકસણી કરાઈ હતી. યુનિવર્સિટી ઓફ ગ્રીનવીચ સ્કૂલ ઓફ સાઈન્સ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે વન મીટ જાર અથવા એક વેજીટેબલ જાર ફેમ્યુલા દૂધના પ્રમાણમાં આપવામાં આવે તો તેમાં પૂરતા પ્રમાણમાં કેલ્સિયમ, મેગ્નેશિયમ, કોપર નથી.

બજેટમાં રોજગારીનો સાત અને નોકરીનો આઠ વખત ઉલ્લેખ

દાવા વગર પણ નોકરી વધી શકે છે



નવા બજેટના માધ્યમથી દેશમાં રોજદારની દશા અને દિશા બંનેને સુધારી દેવા માટેની બાબતને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાઇ છે

હાલમાં દેશમાં બેરોજગારીનો મુદ્દો સૌથી વધારે ચર્ચામાં છે. પાંચમી ફેબ્રુઆરીના દિવસે રાજ્યસભામાં દર્શાવવામાં આવ્યુ કે પિરિયોડિક લેબર ફોર્સ સર્વેના આંકડા મુજબ દેશમાં બેરોજગારીનો દર ૬.૧ ટકા છે સરકાર પણ આને લઈને ચિંતાતુર છે. સામાન્ય બજેટ ભાષણમાં નાણાંપ્રધાન નિર્મલા સીતારામને રોજગારીનો ઉલ્લેક સાત વખત અને નોકરીનો ઉલ્લેખ આઠ વખત કર્યો હતો. સામાન્ય રીતે તો નવા બજેટમાં રોજગારના રસ્તા દર્શાવવામાં આવ્યા છે. જો કે કેટલા લોકોને રોજગારી મળશે તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. નાણાં પ્રધાન દ્વારા દાવો કરવામાં આવ્યો છે બજેટ મારફતે દેશમાં રોજગારની દશા અને દિશા બંનેને સુધારી દેવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. બજેટમાં નોકરીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. નાણાં પ્રધાને રોજગાર માટે કોઈ નવી યોજના અને નવી સંભવિત નોકરીની સંખ્યા મામલે કોઈ એલાન કર્યુ નથી. છતાં પણ રોજગારના અવસર શોધવામાં આવી રહ્યા છે. કૌશલ્સ વિકાસ માટે ૩૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ટુંક સમયમાં જ નવી રોજગારલક્ષી શિક્ષણ નિતીની જાહેરાત કરવામાં આવનાર છે. નાણાં પ્રધાને રોજગાર વધારી દેવા માટે નવા બજેટમાં મુળભુત માળખાના ક્ષેત્રમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ છે. ૧૦૦ લાખ કરોડ રૂપિયાની મુળભુત માળખાકીય યોજના મારફતે યુવાનોને મોટા પાયે રોજગારી મળનાર છે. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડમાં હોસ્પિટલના નિર્માણથી પણ રોજગારની તક મળનાર છે. પીપીપી મોડમાં પાંચ નવી સ્માર્ટ સિટી બનાવવાની યોજના રહેલી છે. ટુંક સમયમાં રાષ્ટ્રીય લોજિસ્ટ્રિક નિતી બનાવવા માટેની જાહેરાત પણ કરવામાં આવી ચુકી છે. કૌશલ્ય વિકાસ કરવા અને સુક્ષ્મ, લઘુ તેમજ મધ્યમ ઉદ્યોગોને વધારે સક્ષમ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યુ છે. આર્થિક અને નાણાંકીય સ્થિરતાને વધારી દેવા માટે ફેકી રેગ્યુલેશન એક્ટ ૨૦૧૩માં સુધારા કરવામાં આવી રહ્યા છે. લોનમાં પણ રાહત આપવામાં આવનાર છે. જેના કારણે રોજગારીની તક સર્જનાર છે. એમએસએમઈને પ્રોત્સાહન આપવા માટે ફુટવેર અને ફર્નિચર જેવી વસ્તુ પર કસ્ટમ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે. યુવા કારોબારીને પ્રોત્સાહન આપવા માટે ઈન્વેસ્ટમેન્ટ ક્લિયરન્સ સેલની સ્થાપના કરવામાં આવી છે. આ લેન્ડ બેંક જેવી સંસ્થા સાથે જોડાઈને આગળ વધી શકે છે. નવા બજેટમાં એક જિલ્લા અને એક પેદાશ નીતિને લાગુ કરીને જિલ્લા સ્તર પર રોજગારીની તકને વધારી દેવામાં આવનાર છે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામ્ય રોજગાર ગેરંટી યોજના માટે વધારેની રકમ આપવામાં આવી છે. મત્સ્ય પાલનને પણ મહત્વ આપવામાં આવી રહ્યુ છે. આમાં ભારે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યા છે. સાથે સાથે એવા નવા કૃષિગત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવ્યુ છે જેના કારણે ગ્રામ્ય ક્ષેત્રના આર્થિક અને સામાજિક માળખામાં ફેરફાર થનાર છે. કૃષિ અને સંબંધિત ક્ષેત્રોનુ વિકાસ થનાર છે. આ બાબત પણ મહત્વપૂર્ણ છે કે નવા બજેટમાં સ્વરોજગાર માટે નવા અવસર ખોલવા માટે પ્રધાનમંત્રી મુદ્રા યોજનાને વધારે ઝડપથી લાગુ કરવામાં આવનાર છે. સરકારનુ કહેવુ છે કે પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ વર્ષ ૨૦૧૫થી લઈને હજુ સુધી ૪.૨૫ કરોડ કારોબારીને નાણાં આપવામાં આવ્યા છે. જેના કારમે ૧૧.૨ કરોડ રોજગારીની તક ઉભી થઈ છે. આવી જ રીતે નવા બજેટમાં પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના હેઠળ પણ ફાળવણી કરવામાં આવી છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪ની વર્ષ ૨૦૨૦ વચ્ચે આશરે ૭૩.૪૭ લાખ લોકોને ટ્રેનિંગ આપીને રોજગારી આપવામાં આવી ચુકી છે. એકંદરે રોજગારી આપવાના પ્રયાસ યુદ્ધના ધોરણો થઈ રહ્યા છે. રોજગાર લક્ષી કારોબારને હવે પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. બેરોજગારીના મુદ્દા પર મોદી સરકાર શરૂઆતથી વિરોધ પક્ષો અને ખાસ કરીને કોંગ્રેસ પાર્ટીના નિશાના પર રહેલી છે. રાહુલ ગાંધીએ વારંવા કહ્યુ છે કે વડાપ્રધાન બેરોજગારીના મામલે વાત કરતા નથી. બેરોજગારીના આંકડા દર્શાવતા નથી. રોજગારી કઈ રીતે ઉભી કરાશે તેની વાત કરતા નથી. આવી સ્થિતીમાં દેશના યુવાનો નિરાશામાં ડુબેલા છે. રોજગારીને વધારવા માટે યુદ્ધ સ્તર પર પગલા લેવાની જરૂર છે.

જોધપુર આર્કિટેક્ચર અને હિસ્ટ્રી લવર્સ માટે ખુબ ઉપયોગી છે...

ધરતી ધોરા રી : જોધપુર વધુ ચમકશે




દુનિયાના ૧૫ સૌથી વધારે ફરવાવાળી જગ્યામાં જોધપુરનો પણ સમાવેશ કરાયો : ટુંકમાં જ શહેરનુ આકર્ષણ વધારે વધી જશે

દુનિયાની ૧૫ સૌથી વધારે ફરવાવાળી જગ્યામાં રાજસ્થાનના જોધપુરનો પણ સમાવેશ થાય છે. જોધપુરમાં રહેતા લોકોની સાથે સાથે સમગ્ર ભારતના લોકો માટે પણ તે ગર્વની વાત છે જોધપુર રાજસ્થાનના બીજા સૌથી મોટા શહેર તરીકે છે. આર્કિટેક્ચર અને હિસ્ટ્રી લવર્સ માટે આ શહેર વિજુઅલ ટ્રીટથી કમ નથી. આ શહેર ભારતના લોકો માટે જ નહીં બલ્કે આંતરરાષ્ટ્રીય અને તમામ વિદેશી પ્રવાસીઓમા પણ સૌથી લોકપ્રિય સ્થળ પૈકી એક છે. જોધપુરની કેટલીક વિકાસની યોજના હાલમાં ચાલી રહી છે. જે ટુંક સમયમાં જ તેના આકર્ષણને વધારશે. ધરતી ધોરા રી એટલે કે રાજસ્થાનના જોધપુર હવે સોનાની જેમ ચમકવવા માટે તૈયાર છે. સાબરમતી રીવર ફ્રન્ટની જેમ જ જોધપુરમાં પણ વિશ્વસ્તરીય રીવર ફ્રન્ટ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. તેના માટે કેટલાક પડકારો રહેલા છે. જેમ કે બનાડ સ્થિત જોજરી નદી સુધી પાણી લાવવા માટે મોટા નાળા તૈયાર કરવાના રહેશે. સારણનગરથી બનાડ સુધી રેલવે લાઈનની પાસે ૧૦૦ ફુટના માર્ગ બનાવીને તેને જયપુર માર્ગ સાથે જોડવાની બાબત પણ મુશ્કેલરૂપ છે. ટ્રાફિક પર કોઈ અસર ન થાય તે માટે પણ પગલા લેવામાં આવી રહ્યા છે. જોધપુરની શાન ગણાતા કાયલાના સરોવરને વધારે સુન્દર બનાવવા માટે તેમજ પ્રવાસીઓને આકર્ષિત કરવા માટે તેની ચારેબાજુ માર્ગોનુ નિર્માણ કરવાની તૈયારી કરવામાં આવી છે. તેના માટે ૬.૫ કિલોમીટર માર્ગનુ નિર્માણ કરવામાં આવનાર છે. જેની મોટા ભાગની જમીન વન્ય વિભાગની પાસે છે. તેના હેઠળ જમીન આવે છે. ૨૫ કરોડની યોજના માટે ટુંક સમયમાં જ કન્સલ્ટંટની નિમણૂક કરવામાં આવી રહી છે. ત્યારબાદ પેરાસેલિંગ, સ્પીડ બોટ, વોટર સ્કુટર જેવા એડવેન્ચર પણ શરૂ કરવામાં આવનાર છે. સમ્રાટ અશોક ઉદ્યાનમાં ઓપન એર થિયેટરનુ નિર્માણ કરવામાં આવનાર છે. આના માટે વહીવટીતંત્ર અને નાણાંકીય સ્વીકૃતિ આપી દેવામાં આવી છે. અધિકારીઓના કહેવા મુજબ વિશ્વસ્તરીય રંગમંચ તૈયાર કરવામાં આવનાર છે. જ્યાં પ્રવાસીઓ માટે લોકસસ્કૃતિની ઝલક જોવા મળનાર છે. રાજસ્થાન અને હિન્દુસ્તાની કલાનુ પ્રદર્શન કરવામાં આવનાર છે. શહેરના બે પ્રમુખ ઉમ્મેદ અને મંડોર ઉદ્યાનના સૌન્દર્યકરણ માટે આશરે સાત કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવનાર છે. ઉમ્મેદ ઉદ્યાનમાં અમૃત યોજના હેઠળ ૨.૬ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવનાર છે. આવી જ રીતે ઐતિહાસિક મંડોર ઉદ્યાનના વિકાસ માટે ૪.૮૨ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવનાર છે. વર્ષભરમાં અહીં આશરે ૫૦ હજાર પ્રવાસીઓ પહોંચે છે. અહીં મ્યુઝિકલ અને રોશનીવાળા વિશ્વસ્તરીય ફાઉન્ટેન લગાવવામાં આવનાર છે. આવી જ રીતે માન સાગર પાર્કમાં પણ ૧.૨૪ કરોડ રૂપિયાના ખર્ચથી મ્યુઝિકલ ફાઉન્ટેનનુ નિર્માણ કરવામાં આવનાર છે. મહામંદિરથી આખલિયા ચાર રસ્તા સુધી નવ કિલોમીટરના એલિવેટેડ રોડ તૈયાર કરવામાં આવનાર છે. સંભાવનાની સાથે શહેરમાં વધતા ટ્રાફિકને ઘટાડી દેવા માટે પણ કેટલીક યોજના પર કામ થઈ રહ્યુ છે. પરિયોજના સાથે જોડાયેલા અધિકારીઓના કહેવા મુજબ એલવેટેડ રોડમાં એટલા પ્રમાણમાં સ્કોપ રહેનાર છે કે ભવિષ્યમાં ઉપરથી મેટ્રો પણ પસાર કરી શકાશે. એક હજાર કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરવામાં આવનાર છે. કેન્દ્રિય જળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા રેન્કિંગમાં જોધપુર સ્વચ્છતાના મામલે સૌથી ખુબસુરત છે. જોધપુર ઉપરાંત આ યાદીમાં ટોપ ટેનની વાત કરવામાં આવે તો ૧૦ પૈકી સાત રાજસ્થાના સ્ટેશન રહ્યા છે. ક્યાં ક્યાં રેલવે સ્ટેશન ટોપ ટેનમાં સામેલ રહ્યા છે તેની વાત કરવામાં આવે તો રાજસ્થાન સૌથી આગળ દેખાઈ આવે છે.

લોકોના ઘર, કાર ખરીદવાના સપનાને પૂર્ણ કરવામાં મદદ કરી શકો

બેકિંગ ક્ષેત્રે કેરિયર બનાવવા તક છે




દેશમાં બેકિંગ ક્ષેત્રનુ નેટવર્ક વધુને વધુ મજબુત થઈ રહ્યુ છે ત્યારે લોન ઓફિસરની ભૂમિકા પણ ભવિષ્યમાં વધનાર છે : પેમેન્ટ પણ આકર્ષક

બેકિંગના ક્ષેત્રમાં કેરિયર બનાવવા માટેની ઈચ્છા ધરાવનાર યુવાનો માટે પણ કેટલીક સુવર્ણ તક રહેલી છે. તેમની સામે કેટલાક વિકલ્પ રહેલા છે. તેમાંથી એક વિકલ્પ લોન ઓફિસર બનીને લોકોના સપનાને પૂર્ણ કરવા માટેનો પણ છે. લોન ઓફિસર બનીને કેરિયરને ઉજળી બનાવી શકાય છે. વાત હોમ લોનની હોય કે પછી બિઝનેસ લોનની હોય કે પછી પરંસનલ લોનની હોય તેમાં લોન ઓફિસરની ભૂમિકા ચાવીરૂપ રહે છે. બેંકો અને ગ્રાહકો વચ્ચે લોન ઓફિસર્સ એક સેતુની જેમ કામ કરે છે. દરેક વ્યક્તિનુ એક સપનુ હોય છે કે તે પોતાની લાઈફમાં પોતાના પરિવાર માટે એક ઘર ખરીદીને આગળ વધે. પરંતુ એક મધ્યમવર્ગીય પરિવારની વ્યક્તિ માટે ઘર લેવાનુ સપનુ જલ્દી પૂર્ણ થતુ નથી. તેની એટલી જવાબદારી પહેલાથી જ હોય છે કે તે આ દિશામાં વધારે આગળ વધવાની હિંમત કરી શકતી નથી. એક કાર ખરીદી શકે તેવી પણ ઈચ્છા હોય છે પરંતુ આ સપના પૂર્ણ કરવાની બાબત એટલી સરળ નથી. મધ્યમ વર્ગની વ્યક્તિની કોઈ પણ પ્રકારની લોન લેવાની ઈચ્છાને પૂર્ણ કરવાનુ કામ જ લોન ઓફિસર કરે છે. તેને લોન અપાવવામાં લોન ઓફિસર જ મદદ કરે છે. દેશમાં બેકિંગ સુવિધાની માંગ સતત વધી રહી છે. વધતી જતી માંગના કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં આ ક્ષેત્રમાં નોકરી માટેની શક્યતા રેકોર્ડ ગતિથી વધી ગઈ છે. લોન ઓફિસર બેંકના ગ્રાહકો અને બીજા લોનની અરજી કરનાર લોકો માટે મદદ તરીકેની કામગીરી અદા કરે છે. લોન ઓફિસર વ્યક્તિને હોમ, કાર, એજ્યુકેશન અને બિઝનેસ તેમજ પર્સનલ લોન અપાવવામાં મદદ કરે છે. તે ગ્રાહકો માટે યોગ્ય લોન નક્કી કરવામાં મદદ કરે છે. તેમને જુદી જુદી જરૂરિયાતો અને શરતોના સંબંધમાં માહિતી આપે છે. તે વ્યક્તિની કેડિટ હિસ્ટ્રી, કોર્પોરેટ નાણાંકીય લેવડદેવડ અને અન્ય નાણાંકીય જાણકારી એકત્રિત કરે છે. તે તમામ દસ્તાવેજ મેળવી લીધા બાદ લોનના પાસા પર અભ્યાસ કરે છે. લોનના એગ્રીમેન્ટસની સમીક્ષા કરે છે. પેમેન્ટ શેડ્યુલની ગણતરી કરે છે. ગ્રાહકોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે નવી લોનની માહિતી પણ એકત્રિત કરે છે. લોન ઓફિસર આધુનિક સમયમાં માગ ધરાવતા ઓફિસર તરીકે છે. કોર્સ દરમિયાન વિદ્યાર્થીને તમામ પ્રકારની પ્રેકટિકલ જાણકારી આપવામાં આવે છે. જેમ કે અલગ અલગ પ્રકારના લોન પર વ્યાજ દર શુ હોય છે તે અંગે માહિતી આપવામાં આવે છે. લોનના ઈન્સ્ટોલમેન્ટ કઈ રીતે નક્કી કરવામાં આવે છે તે અંગે માહિતી આપવામાં આવે છે. બેંકના તમામ સેક્ટર સંબંધમાં તાલીમ આપવામાં આવે છે. બેંકના કામ કરવાના તરીકા અંગે પણ જાણ કરવામાં આવે છે. લોન ઓફિસર બનવા માટે કેટલીક યોગ્યતા પહેલાથી જ હોવી જરૂરી હોય છે. સ્નાતક અથવા તો કોઈ પણ સ્ટ્રીમમાં અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ કિંગ અને ફાયનાન્સના કોર્સ કરી શકે છે. લોન ઓફિસર બનવા માટેની તૈયારી કરી શકે છે. જે વિદ્યાર્થીઓના ડિગ્રી વેળા ૫૦ ટકા નંબર છે તે લોન ઓફિસર સાથે જોડાયેલા કોર્સમાં સામેલ થવા માટે અરજી કરી શકે છે. તકની વાત કરવામાં આવે તો દેશના તમામ રાષ્ટ્રીય અને ક્ષેત્રીય સ્તરના બેકોને લોન ઓફિસરની જરૂર હોય છે. કોર્સ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થી આંતરરાષ્ટ્રીય બેંક, મોર્ગેજ કંપનીઓ અને કેડિટ યુનિયનોમાં નોકરી માટે અરજી કરી શકે છે. આ ઉપરાંત સરકારી બેંકોમાં નોકરી મેળવી લેવા માટે પરીક્ષા આપીને નોકરી મેળવી શકે છે. લોન ઓફિસરનો ઓછોમાં ઓછો પગાર ૨૦થી ૩૦ હજાર રૂપિયાનો હોય છે. અનુભવની સાથે તેમાં વધારો થતો રહે છે. બેકિંગ સેક્ટરમાં કમીશન આધાર પર પણ કામ કરી શકાય છે.કોર્પોરેટ ક્ષેત્રની વધુને વધુ કંપનીઓ પોતાની બેંક શરૂ કરવાની દિશામાં આગળ વધી રહી છે ત્યારે લોન ઓફિસરની માંગ આગામી દિવસોમાં વધનાર છે. ગ્રામીણ વિસ્તારમાં પણ લોન ઓફિસરની માંગ વધનાર છે. આવી સ્થિતીમાં કેરિયર આ ક્ષેત્રમાં બનાવી શકાય છે. લોન ઓફિસરની કામગીરી મુખ્ય રીતે બેંક અને ગ્રાહકો વચ્ચે સંકલન જાળવવા માટેની હોય છે. આ જવાબદારી ખુબ મોટી જવાબદારી છે.

ફિલ્મી ગપસપ...

સેન્સર બોર્ડે 'લવ આજ કલ' પર કાતર ફેરવી



મુંબઈ

ઈમ્તિયાઝ અલીની ફિલ્મ 'લવ આજ કલ' ૧૪ ફેબ્રુઆરીએ રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મમાં સારા અલી ખાન તથા કાર્તિક આર્યન લીડ રોલમાં છે. ફિલ્મમાં જ નહીં પરંતુ ઓફ સ્ક્રીન પણ તેમની કેમિસ્ટ્રી ચાહકોને પસંદ આવી રહી છે. ફિલ્મના ટ્રેલરમાં બંને વચ્ચે કેટલાંક ઈન્ટીમેટ સીન્સ પણ બતાવવામાં આવ્યા હતાં. જોકે, સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી)ને ફિલ્મને યુ/એ સર્ટિફિકેટ આપ્યું છે અને મોટાભાગના ઈન્ટીમેન્ટ સીન્સ પર કાતર ચલાવી દીધી છે.

ફિલ્મની શરૂઆતમાં એક કિસિંગ સીન આવે છે, આ કિસિંગ સીનને નાનો કરવામાં આવ્યો છે. આટલું જ નહીં ફિલ્મની લવમેકિંગ સીક્વન્સને ઘટાડવામાં આવી છે અને તેમાં સુધારો કરવાનું કહેવામાં આવ્યું છે. આટલું જ નહીં બોર્ડે ઈમ્તિયાઝ અલીને ઈન્ટીમેટ સીન્સ બાદ એક્ટ્રેસની ક્લીવિજને બ્લર કરવાનું કહ્યું છે.

સીબીએફસીએ ફિલ્મના સેકન્ડ હાફમાં એક સીનમાં એક્ટર્સ પોતાના કપડાં કાઢતા હોય છે, આ સીન હટાવી દેવાનું કહ્યું છે. ફિલ્મમાં ત્રણ શબ્દોને મ્યૂટ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત અન્ય એક શબ્દને 'સાલે બેશરમો' સાથે રિપ્લેસ કરવામાં આવ્યો છે.

નાની ઉંમરે માતાપિતાના છૂટાછેડા જોયા, જલ્દી દુ:ખમાંથી બહાર આવીશ : દિયા મિર્ઝા



મુંબઈ

દિયા મિર્ઝાએ હાલમાં આપેલ એક ઈન્ટરવ્યૂમાં પોતાની પર્સનલ લાઈફ પર ખુલીને વાત કરી છે. દિયાએ ગયા વર્ષે ઓગસ્ટમાં પતિ સાહિલ સંઘા સાથેની છૂટા પડવાની જાહેરાત કરી હતી. સાહિલ સાથે સંબંધ પૂરો થવા બાબતે દિયાએ કહ્યું કે, 'મારાં માતાપિતા ૩૪ વર્ષ પહેલાં જ અલગ થઈ ગયાં હતાં. જ્યારે મારાં લગ્ન તૂટવાની વાત આવી ત્યારે મેં ખુદને કહ્યું કે જ્યારે હું સાડા ચાર વર્ષની ઉંમરમાં મારાં માતાપિતાનાં અલગ થવાનું દુ:ખ સહન કરી શકતી હોય તો હું ૩૭ વર્ષની ઉંમરમાં ખુદના છૂટાછેટાના દુ:ખથી કેમ બહાર નહીં આવી શકું. મહિલાઓ અને પુરુષો મોટેભાગે આવા નિર્ણય લેવાથી બચતા હોય છે. તમારી અંદર આ હિંમત હોવી જોઈએ કે આ સમય પણ વીતી જશે.' દિયા અને સાહિલે ૨૦૧૪ના ઉત્તરાર્ધમાં દિલ્હી ખાતે સાહિલના ફાર્મહાઉસમાં આર્ય સમાજ વિધિથી લગ્ન કર્યાં હતાં. લગ્ન પહેલાં તેઓ ઘણા સમયથી એકબીજાને ડેટ કરતાં હતાં. દિયા અને સાહિલ સાથે મળીને એક પ્રોડક્શન હાઉસ ચલાવે છે, જેનું નામ 'બોર્ન ફ્રી એન્ટરટેઈન્મેન્ટ' છે. આ બેનર હેઠળ બંનેએ 'બોબી જાસૂસ' અને 'લવ બ્રેકઅપ્સ ઝિંદગી' જેવી ફિલ્મો પ્રોડ્યુસ કરી હતી, જે બંને બોક્સ ઓફિસ પર નિષ્ફળ રહી હતી. ૧૧ વર્ષના લગ્નજીવન પછી તેઓ છૂટાં પડ્યાં હતાં.

એક એક્ટ્રેસ હોવાની સાથોસાથ દિયા મિર્ઝા ભારતની 'યુએન એન્વાયર્નમેન્ટ ગુડવિલ એમ્બેસેડર' પણ છે. દિયાની અપકમિંગ ફિલ્મ 'થપ્પડ' છે. તાપસી પન્નુ સ્ટારર 'થપ્પડ' ફિલ્મ ૨૮ ફેબ્રુઆરીના રોજ રિલીઝ થવાની છે.

દિલ્હી ચૂંટણીમાં ભાજપના પ્રદર્શન પર પ્રકાશ રાજની ટ્વીટ : 'કેપિટલ પનિશમેન્ટ'

મુંબઈ

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનાં પ્રદર્શન પર સાઉથ તથા બોલિવૂડ એક્ટર પ્રકાશ રાજે ટ્વીટ કરી હતી, કેપિટલ પનિશમેન્ટ, ગોલી મારને વાલો કો, ઝાડૂ સે મારા... શોક લગા? બોલિવૂડ રાઈટર શગુફ્તા રફીકે કોઈ પણ નામ લીધા વગર ટ્વીટ કરી હતી, હવે હું ફટાકડા ફોડવા ઈચ્છું છું.

ફિલ્મ 'ગદર'ફેમ ડિરેક્ટર અનિલ શર્માએ ટ્વીટ કરી હતી, સવાર-સવારના રૂઝાનમાં દિલ્હીમાં આપની લહેર...બધાઈ...



એક્ટ્રેસ કામ્યા પંજાબીએ પોતાના બોયફ્રેન્ડ શલભ ડાંગ સાથે મુંબઈમાં લગ્નના સાત ફેરા ફરી લીધા છે. કામ્યાએ પોતાના લગ્નમાં લાલ અને ઓરેન્જ ડિઝાઈનવાળો સુંદર લહેંગો પહેર્યો હતો.

પરીણિતિ ચોપડાએ માસ્ક પહેરીને ફોટોશુટ કરાવતા ટ્રોલ થઈ



મુંબઈ

બોલિવૂડ સેલેબ્સ કેટલીક વાર પોતાની હરકતોથી ટ્રોલ થઈ જતા હોય છે. હાલમાં જ આવું અભિનેત્રી પરીણિતિ ચોપડા સાથે થયુ. એરપોર્ટ પર માસ્ક લગાવીને પહોંચેલી આ અભિનેત્રીને ટ્રોલર્સે ખુબજ તતડાવી નાંખી હતી. જો કે આમા કોઈ નવી વાત નથી કે આ રીતે કોઈ કલાકાર ટ્રોલ થઈ હોય. સામાન્ય લોકો પણ અત્યારે કોરોના વાયરસથી થરથર કાંપી રહ્યા છે ત્યારે એરપોર્ટ જેવા પબ્લીક પ્લેસ પર માસ્કનો ઉપયોગ કરવો કોઈ ખરાબ વાત નથી.

મુશ્કેલી તો ત્યારે થઈ જ્યારે પરીણિતિ ચોપડાએ માસ્ક પહેરીને એરપોર્ટ પર ફોટોશુટ કરાવવું શરૂ કરી દીધુ. તસવીરોની સાથે કેપ્શનમાં લખ્યું કે દુખદ છે પણ મને લાગે છે કે અત્યારે હાલત એવી જ છે કે લોકોએ માસ્ક પહેરીને ફરવુ જોઈએ. જેથી તમામ લોકો સુરક્ષીત રહે.

અભિનેત્રી પરીણિતિ ચોપડાએ અલગ અલગ પોઝમાં તસવીરો પડાવી જેને જોઈને તેને હાલ સોશિયલ મીડિયા પર ખુબજ ટ્રોલ કરવામાં આવી રહી છે. આ વાતથી નારાજ થઈ એક યૂઝરે લખ્યું કે ભગવાન ન કરે તારા કોઈ સગાને કંઈ એવું થાય અને મૃત્યુના સમયે તુ સફેદ સાડી પહેરી ઉદાસ ચહેરે ફોટોશુટ કરાવે ત્યારે તું કેવી પોસ્ટ કરીશ? પરીણિતિ દ્વારા શેર કરવામાં આવેલી તસવીરો પરથી તેની ભારે ટીકા થઈ રહી છે. એક યૂઝરે લખ્યું કે શાંત રહો દોસ્ત, પરીણિતિ માસ્ક પહેરીને એવા લોકોથી બચી રહી છે જે તેની ફિલ્મો જોયા પછી રિફંડ માંગવા આવે છે. એક બીજા યૂઝરે લખ્યું કે શું આટલી ગંભીર પરિસ્થિતિમાં પણ ફોટોશુટ કરાવવું જોઈએ?

રીષિ કપૂરને કેન્સરે ઉથલો માર્યો..!! હજી પણ હોસ્પિટલમાં દાખલ

મુંબઈ

રીષિ કપૂરની તબિયત છેલ્લાં દસેક દિવસથી ખરાબ છે. રીષિ કપૂરને પહેલાં દિલ્હી અને હવે મુંબઈની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ચાર ફેબ્રુઆરીના રોજથી રીષિ કપૂર સાઉથ મુંબઈની સર એચએન રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલમાં દાખલ છે. રીષિ કપૂરને વાયરલ ફીવર હોવાનું કહેવામાં આવી રહ્યું છે. જોકે, બોલિવૂડની એક સાઈટના દાવા પ્રમાણે, રીષિ કપૂરને કેન્સરે ઉથલો માર્યો હોવાની શક્યતા છે.

એક વેબસાઈટ પ્રમાણે, 'રીષિ કપૂર સતત એ વાતને નકારી રહ્યાં છે કે તેમને બીજીવાર કેન્સર થયું છે. કપૂર પરિવારના નિકટના સૂત્રોએ એ વાત કન્ફર્મ કરી છે કે રીષિ કપૂરને બીજીવાર કેન્સર થયું હોવાની શક્યતા નકારી શકાય નહીં.'

વધુમાં વેબસાઈટમાં કહેવામાં આવ્યું છે કે કપૂર પરિવારના નિકટના સૂત્રોના મતે, રીષિ કપૂર પોતાની બીમારી સ્વીકારવા તૈયાર નથી. તેઓ જીદ્દી છે. તેમની આ વાતથી પરિવારને વધુ ચિંતા થઈ રહી છે. સારવાર કરાવતા પહેલાં રીષિએ એ વાતનો સ્વીકાર કરવો પડશે કે તેઓ ઠીક નથી. જોકે, પહેલી વખતની જેમ આ વખતે પણ રીષિ સત્ય સ્વીકારવા તૈયાર નથી.

'RRR'એ રિલીઝ પહેલાં જ થિએટ્રિકલ રાઈટ્સમાંથી ૩૫૦ કરોડની કમાણી કરી



હૈદરાબાદ

'બાહુબલી' ફેમ ડિરેક્ટર રાજમૌલિની આગામી ફિલ્મ 'આરઆરઆર' છે. આ ફિલ્મનું હજી શૂટિંગ પણ પૂર્ણ નથી થયું ને ફિલ્મે ૩૦૦ કરોડથી વધુનો બિઝનેસ કર્યો છે. આ ફિલ્મમાં રામચરણ તેજા, જુનિયર એનટીઆર, આલિયા ભટ્ટ, અજય દેવગન સહિતના કલાકારો છે. આ ફિલ્મને લઈ ચાહકો ઘણાં જ ઉત્સુક છે.

ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થાય તે પહેલાં થિએટ્રિકલ રાઈટ્સ વેચાયા છે. આંધ્રપ્રદેશ તથા તેલંગણામાં ૨૧૫ કરોડ રૂપિયામાં રાઈટ્સ વેચાયા છે. કર્ણાટકમાં ૫૦ કરોડ તથા કેરળમાં ૧૫ કરોડમાં વેચાયા છે. તમિલનાડુમાં રાઈટ્સને લઈ વાતચીત ચાલી રહી છે. આટલું જ નહીં વિદેશમાં થિએટ્રિકલ રાઈટ્સ ૭૦ કરોડમાં વેચાયા છે. 'આરઆરઆર' પહેલી એવી ફિલ્મ હશે, જે રિલીઝ પહેલાં સાઉથ ઈન્ડિયા તથા વિદેશમાંથી જ માત્ર ૪૦૦ કરોડથી વધુની કમાણી કરશે.

રાજમૌલિની આ ફિલ્મ આવતા વર્ષે ૮ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ ૧૦ ભારતીય ભાષામાં રિલીઝ થશે. આ ફિલ્મનું બજેટ ૩૦૦-૪૦૦ કરોડની આસપાસ હોવાનું માનવામાં આવે છે. બિગ બજેટ ફિલ્મમાં જુનિયર એનટીઆરના એન્ટ્રી સીન અને ઈન્ટ્રોડક્શન પાછળ જ ૨૨ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે. ફિલ્મમેકરે સમગ્ર દુનિયામાંથી ઉચ્ચ કક્ષાના ટેક્નિશિયન્સને આ ફિલ્મમાં કામ કરવા માટે રાખ્યા છે.


ડિરેક્ટર રાજ-ડીકેની ફિલ્મમાં શાહરૂખ ખાન જોવા મળશે

મુંબઈ

ફિલ્મમેકર્સ રાજ નિદિમોરુ તથા કૃષ્ણા ડીકેએ કન્ફર્મ કર્યું છે કે શાહરુખ ખાન તેમની આગામી ફિલ્મમાં કામ કરવાનો છે. જોકે, ફિલ્મની સત્તાવાર જાહેરાત થાય તે પહેલાં શાહરુખ ખાન પ્રોજેક્ટ માટે અનુકૂળ તારીખો સેટ કરી રહ્યો છે. ડિરેક્ટર રાજ તથા ડીકેની ફિલ્મ 'સ્ત્રી' બોક્સ ઓફિસ પર હિટ રહી હતી. આ ફિલ્મમાં રાજકુમાર રાવ તથા શ્રદ્ધા કપૂર લીડ રોલમાં હતાં.

એક અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં રાજ તથા કૃષ્ણાએ કહ્યું હતું કે તેમણે લાંબા સમયથી તેમની ફેવરિટ સ્ક્રિપ્ટ સાચવીને રાખી હતી. તેઓ શાહરુખ ખાનને મળ્યા અને આ સ્ક્રિપ્ટ પર ચર્ચા કરી હતી. શાહરુખ ખાનને આ સ્ક્રિપ્ટ પસંદ આવી અને તે ફિલ્મ કરવા તૈયાર છે. શાહરુખ ખાન આ ફિલ્મની ક્યારેય જાહેરાત કરે છે, તે તના પર છે. હાલમાં તે આ ફિલ્મને કઈ તારીખો ફાળવવી તેના પર કામ કરી રહ્યો છે.

'બાગી ૩'માં 'દસ બહાને' સોન્ગનું રિમેક વર્ઝન રિલીઝ



મુંબઈ

'બાગી' સિરીઝની ત્રીજી ફિલ્મ 'બાગી ૩'ના પહેલા સોન્ગ 'દસ બહાને ૨.૦'નું ટીઝર રિલીઝ થયું છે. ટાઈગર શ્રોફ અને શ્રદ્ધા કપૂર સ્ટારર આ ફિલ્મનું પહેલું સોન્ગ 'દસ બહાને કરકે લે ગયા દિલ' સોન્ગનું રિમેક વર્ઝન છે. ૨૦૦૫માં આવેલ 'દસ' ફિલ્મના આ સોન્ગનું રિમેક વર્ઝન વિશાલ અને શેખરે બનાવ્યું છે. સોન્ગ ૧૨ ફેબ્રુઆરીના રોજ રિલીઝ થશે.

ફિલ્મની સ્ટારકાસ્ટમાં ટાઈગર શ્રોફની સાથે લીડ રોલમાં શ્રદ્ધા કપૂર, અંકિત લોખંડે અને રિતેશ દેશમુખ પણ સામેલ છે. આ એક્શન ફિલ્મને કોરિયોગ્રાફરમાંથી ડિરેક્ટર બનેલા અહમદ ખાને ડિરેક્ટ કરી છે.

રમત જગત વિશેષ

અન્ડર-૧૯ વર્લ્ડ કપ ફાઈનલ

આઈસીસીએ ૩ બાંગ્લાદેશી અને ૨ ભારતીય ખેલાડીને સજા ફટકારી

દુબઈ

અન્ડર-૧૯ વિશ્વકપ ફાઈનલ બાદ થયેલી અપ્રિય ઘટનાઓ માટે આઈસીસીએ ભારતના બે ખેલાડીઓ આકાશ સિંહ અને રવિ બિશ્નોઈ અને ત્રણ બાંગ્લાદેશી ખેલાડીઓ પર આરોપ લગાવ્યા છે. આકાશ અને બિશ્નોઈ સિવાય બાંગ્લાદેશના મોહમ્મદ તૌહીદ, શમીમ હુસૈન અને રકીબુલ હસનને આઈસીસીની આચાર સંહિતાના ઉલ્લંઘનના દોષી માનવામાં આવ્યા છે. બાંગ્લાદેશની ભારત પર ત્રણ વિકેટથી જીત બાદ બંને ટીમોના કેટલાક ખેલાડીઓમાં લગભગ મારામારીની સ્થિતિ આવી ગઈ હતી.

આઈસીસીએ એક નિવેદનમાં કહ્યું, 'પાંચ ક્રિકેટરોને ખેલાડીઓ અને સહયોગી સ્ટાફ માટે આઈસીસીની આચાર સંહિતાના લેવલ-૩ના ઉલ્લંઘનના દોષી સાબિત થયા છે. તેના પર ક્લમ ૨.૨૧ અને બિશ્નોઈ પર ૨.૫ના ઉલ્લંઘનનો આરોપ લગાવવામાં આવ્યો છે. બધાએ સજાનો સ્વીકાર કરી લીધો છે.'

બાંગ્લાદેશના કેટલાક ખેલાડી જીત બાદ ભાવનાઓ કાબુમાં રાખી શક્યા નહીં. તેના કેપ્ટન અકબર અલીએ તેના માટે માફી માગી પરંતુ ભારતીય કેપ્ટન પ્રિયમ ગર્ગનું કહેવું હતું કે આમ થવાની જરૂર નહતી. બાંગ્લાદેશના ખેલાડીઓનું વર્તન ખરાબ હતું. આઈસીસીએ કહ્યું, 'બિશ્નોઈએ કલમ ૨.૫ના લેવલ-૧ના ઉલ્લંઘનના આરોપનો સ્વીકાર કર્યો છે જે આ મેચ દરમિયાન એક અન્ય ઘટનાનો હતો. તે ૨૩મી ઓવરમાં અભિષેક દાસને આઉટ કર્યા બાદ વધુ આક્રમક જોવા મળ્યો જે સામે વાળાને ઉશકેરી શકતો હતો. તે માટે બે ડિમેરિટ પોઈન્ટ ભરવા પડશે એટલે કે કુલ સાત ડિમેરિટ પોઈન્ટ તેના રેકોર્ડમાં બે વર્ષ સુધી રહેશે.'

નિકલ્સના ૮૦,ગુપ્ટિલ-ફર્ગ્યુસનના અણનમ ૫૮ રને કિવીને વિજય અપાવ્યો

અંતિમ વન-ડેમાં ભારતને ૫ વિકેટે હરાવી ન્યૂઝીલેન્ડે ૩-૦થી વ્હાઈટવૉશ કર્યો

ભારતના ૨૯૭ રનના ટાર્ગેટ સામે ન્યૂઝીલેન્ડે ૪૭ ઓવરમાં જ લક્ષ્ય હાંસલ કર્યોઃ કે.એલ. રાહુલની શાનદાર સદી, એય્યરની ફિફ્ટી

માઉન્ટ મોંગેરી



કેએલ રાહુલ (૧૧૨) અને શ્રેયસ અય્યર (૬૨) રનની મદદથી ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૨૯૬ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ન્યૂઝીલેન્ડે ૪૭.૧ ઓવરમાં ૫ વિકેટે ૩૦૦ રન બનાવી લક્ષ્ય હાસિલ કરી લીધો હતો. ટી-૨૦ સિરીઝ ૫-૦થી જીત્યા બાદ ભારતે વનડે સિરીઝ ૩-૦થી ગુમાવી છે. હવે બંને ટીમો વચ્ચે બે મેચોની ટેસ્ટ સિરીઝનો પ્રારંભ ૨૧ ફેબ્રુઆરીથી થશે.

ન્યૂઝીલેન્ડે અહીં રમાયેલી ત્રણ મેચોની વનડે સિરીઝની અંતિમ મેચમાં ભારતને ૫ વિકેટે પરાજય આપીને સિરીઝ ૩-૦થી પોતાના નામે કરી લીધી છે. ભારતીય ટીમનો વનડે ક્રિકેટમાં આશરે ૩૧ વર્ષ બાદ વ્હાઈટ વોશ થયો છે. છેલ્લે ભારતને વર્ષ ૧૯૮૮/૮૯માં પાંચ મેચોની સિરીઝમાં વેસ્ટ ઈન્ડિઝે ૫-૦થી પરાજય આપ્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારતે ૨૯૭ રનના લક્ષ્યનો પીછો કરતા ન્યૂઝીલેન્ડે ૪૭.૧ ઓવરમાં ૫ વિકેટ ગુમાવી લક્ષ્ય હાંસિલ કરી લીધો હતો. આ હારની સાથે ભારતીય ટીમના કેપ્ટન વિરાટ કોહલીના નામે શરમજનક રેકોર્ડ નોંધાઈ ગયો છે. ૩૧ વર્ષ બાદ ભારતે કોઈ વનડે સિરીઝ એકપણ મેચ જીત્યા વિના ગુમાવી છે. કીવી ટીમ તરફથી આ મેચમાં હેનરી નિકોલ્સે ૮૦, માર્ટિન ગુપ્ટિલે ૬૬, કોલિન ડિ ગ્રાન્ડહોમ ૫૮★ અને ટોમ લાથમે ૩૨★ રનની ઈનિંગ રમી હતી. ભારત તરફથી ચહલે ૩, જાડેજા અને શાર્દુલને એક-એક સફળતા મળી હતી.

પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમે ૫૦ ઓવરોમાં ૭ વિકેટ ગુમાવીને ૨૯૬ રન બનાવ્યા હતા. ભારત માટે કેએલ રાહુલે પોતાના વનડે કરિયરની ચોથી સદી ફટકારતા ૧૧૨ રન બનાવ્યા હતા. શ્રેયસ અય્યરે ૬૨ અને મનીષ પાંડેએ ૪૨ રનની ઈનિંગ રમી હતી. આ સિવાય પૃથ્વી શોએ ૪૦ રનનું યોગદાન આપ્યું હતું. એકવાર ફરી મયંક અગ્રવાલ અને પૃથ્વી શોની જોડી ટીમ ઈન્ડિયાને સારી શરૂઆત અપાવવામાં નિષ્ફળ રહ્યાં હતા. બીજી ઓવરમાં મયંક અગ્રવાલ આઉટ થઈ ગયો હતો. અગ્રવાલને કાઈલ જેમીસને બોલ્ડ કરતા ભારતને પ્રથમ ઝટકો આપ્યો હતો. અગ્રવાલે ૧ રન બનાવ્યો હતો. કેપ્ટન વિરાટ કોહલી માત્ર ૯ રન બનાવી હામિશ બેનેટનો શિકાર બન્યો હતો.

ડેવિડ વોર્નર ટી-૨૦ ક્રિકેટને અલવિદા કહેશે..!!



સિડની

ઓસ્ટ્રેલિયાના આક્રમક બેટ્સમેન ડેવિડ વોર્નરે કહ્યું કે, તે ટેસ્ટ અને વનડે કરિયરને આગળ વધારવા અને પોતાના પરિવારની સાથે વધુ સમય પસાર કરવા માટે આગામી કેટલાક વર્ષોમાં ટી-૨૦ ક્રિકેટને અલવિદા કહી શકે છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના વર્ષના સર્વશ્રેષ્ઠ ક્રિકેટરનો એલન બોર્ડર મેડલ જીતનાર વોર્નર પુરસ્કાર મેળવ્યા બાદ ભાવુક થયો હતો. ૨૦૧૮માં બોલ ટેમ્પરિંગને કારણે એક વર્ષ પ્રતિબંધનો સામનો કર્યા બાદ શાનદાર વાપસી કરતા વોર્નર આ પુરસ્કાર જીત્યો છે.

ડેવિડ વોર્નરને વર્ષનો સર્વશ્રેષ્ઠ ટી૨૦ ક્રિકેટર પણ પસંદ કરવામાં આવ્યો હતો. વોર્નરે એએપીને કહ્યું, 'ટી-૨૦ ક્રિકેટમાં સતત વિશ્વકપ રમવાનો છે. આ ફોર્મેટમાં હું આગામી કેટલાક વર્ષોમાં નિવૃતી લઈ શકુ છું. ત્રણેય ફોર્મેટમાં રમવું મુશ્કેલ છે. તે બધાને શુભકામનાઓ જે આમ કરી શકે છે. આ પડકારજનક છે.'

ટેસ્ટ અને વનડે બંન્નેમાં વોર્નરની એવરેજ ૪૦થી ઉપરની છે અને ટી૨૦માં તેની સ્ટ્રાઈક રેટ ૧૪૦ની છે. આગમી બે ટી૨૦ વિશ્વકપ ઓસ્ટ્રેલિયા (આ વર્ષે) અને ભારત (આગામી વર્ષે) યોજાવાના છે. વોર્નરે કહ્યું કે, તેણે ભારતના પૂર્વ ઓપનિંગ બેટ્સમેન વીરેન્દ્ર સહેવાગ સાથએ વાત કરી છે જેથી ત્રણેય ફોર્મેટમાં રમવાથી થાકને સમજી શકાય

મિશન ગગનયાન માટે વાયુસેનાના ચાર પાયલટ્સની રશિયામાં તાલીમ શરૂ

બેંગ્લુરુ

દેશના મહત્વપૂર્ણ અંતરિક્ષ મિશન 'ગગનયાન' માટે વાયુસેનાના ચાર પાયલટ્સની રશિયામાં તાલીમ શરૂ થઈ ગઈ છે. સોમવારે શરૂ થયેલી આ ટ્રેનિંગ એર વર્ષ સુધી ચાલશે. ઈસરોના એક અધિકારીએ મંગળવારે કહ્યું કે, 'ચારેય પાયલટ બાયોમેડિકલ, ફિઝિકલ પ્રેક્ટિસેસ, સોયૂજ મેન્ડ સ્પેસશિપ(મોડ્યુલ)ની માહિતી મેળવશે.' રશિયા મોકલતા પહેલા ઈસરોએ એક સપ્તાહ સુધી પાયલટ્સને લેબ ઈન્વેસ્ટીગેશન્સ સાથે ફિઝિકલ સ્ટેમિના, રેડિયોલોજિકલ, ક્લીનિકલ અને સાઈકોલજી ટેસ્ટ કર્યા હતા.

વાયુસેનાના પાયલટ્સને ટ્રેનિંગ આપવા માટે રશિયાના યુરી એ, ગાગરિન સ્ટેટ સાઈન્ટિફિક રિસર્ચ એન્ડ ટેસ્ટિંગ કોસ્મોનોટ ટ્રેનિંગ સેન્ટર મોકલવામાં આવ્યા છે. ઈસરોના હ્યૂમન સ્પેસલાઈટ સેન્ટર અને રશિયાના સ્ટેટ સ્પેસ કોર્પોરેશન રોસ્કોસ્મોસની કંપની ગ્લાવકોસ્મોસ વચ્ચે આના માટે ૨૭ જૂન ૨૦૧૯ના રોજ કરાર થયો હતો. આ ટ્રેનિંગ સેન્ટરનું નામ ૧૨ એપ્રિલ ૧૯૬૧ના રોજ અંતરિક્ષમાં જનારા પહેલા માનવી યૂરી ગાગરિનના નામ પર રાખવામાં આવ્યું છે. સોવિયત વાયુસેનાના પાયલટ ગાગરિને વોસ્ટોક-૧ કેપ્સૂલમાં બેસીને પૃથ્વીની કક્ષાનું ચક્કર લગાવ્યું હતું,. ગ્લાવકોસ્મોસે કહ્યું કે, 'ભારતના પાયલટને આકાશ, જળવાયુ અને ભૌગોલિક પરિસ્થિતિમાં લેન્ડિગનું પ્રશિક્ષણ પણ આપવામાં આવશે.'

જિંદગીની જંગ સામે હાર્યો કોરોના વાયરસ, પીડિત માતાએ આપ્યો સ્વાસ્થ્ય બાળકને જન્મ

ઝેજિયાંગ

કોરોના વાયરસનુ નામ સાંભળતાની સાથે જ લોકોના દિલમાં સતત મોતના વધતા આંકડાઓનો વિચાર આવે છે. જો કે, ચીનના ઝેજિયાંગમાં નોવેલ કોરોના વાયરસથી સંક્રમિત મહિલાએ એક સ્વસ્થ બાળકને જન્મ આપ્યો છે. ત્યારબાદ ત્યાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે.

સ્વસ્થ બાળકના જન્મના સમાચાર આવ્યા બાદ ટ્વિટર પર વધામણીની લાઈ લાગી ગઈ હતી. યૂઝર્સનો એક મોટો હિસ્સો આ સમાચારથી ખૂબ જ ખુશ નજર આવી રહ્યો છે. ચીનના સરકારી મીડિયા આઉટલેટ સિન્હુઆને લઈને એક વીડિયો ક્લિપ ટ્વિટ કર્યો અને તેની સાથે શિર્ષક પણ આપ્યું છે 'લકી બેબી'.

નોવેલ કોરોના વાયરસ નિમોનિયાથી સંક્રમિત એક મહિલાએ ઝેજિયાંગમાં કોઈપણ સંક્રમણ વગર એક છોકરાને જન્મ આપ્યો છે. તે સાથે જ ચીનમાં હેશટૈગ ફાઈટર વાયરસ ટ્રેન્ડ કરવા લાગ્યો અને બાળકની માતાના ખૂબ જ વખાણા થયા હતા. આ નવજાત બાળકમાં કોરોના વાયરસને લઈને થયેલી તપાસમાં રીપોર્ટ નેગેટિવ આવ્યો હતો. જો કે, આ બાળકને ચૂસ્ત બંદોબસ્તમાં રાખવામાં આવ્યું છે. હાંગઝોઉમાં ઝેજિયાંગ યૂનિવર્સિટી સ્કૂલ ઓફ મેડિસિનના ચિલ્ડ્રન હોસ્પિટલમાં આ બાળકની થોડા દિવસોમાં તપાસ કરવામાં આવશે.

આ પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા સોશિયલ મીડિયા યૂઝર્સે બાળકને ભાગ્યશાળી જણાવી છે. એક યૂઝરે લખ્યું છે કે, આશા કરીએ છીએ કે, આ આજ રીતે રહે, એક અન્ય યૂઝર્સે લખ્યું કે, 'વાહ ભગવાનનો આભાર છે'.

સુપ્રિમએ હાઈકોર્ટના ચુકાદા વિરૂદ્ધ કેન્દ્રની અપીલ પર ગુનેગારોને નોટિસ ફટકારી

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને પડકારતી કેન્દ્રની અપીલ પર નિર્ભયા ગેંગરેપ અને હત્યા કેસમાં ફાંસીની સજાના ચાર આરોપીઓ પાસેથી મંગળવારે જવાબ માંગ્યો હતો. સજાના નિર્ણય પર રોક લગાવવાની અરજીને ફગાવી દીધી હતી.

આરોપીઓને ફાંસી આપવાની નવી તારીખ રજૂ કરવા માટે ટ્રાયલ કોર્ટનો સંપર્ક કરવા અધિકારીઓને જણાવવામાં આવ્યું છે. ન્યાયાધીશ આર બનુમાની અધ્યક્ષતાવાળી અને ન્યાયાધીશ અશોક ભૂષણ અને ન્યાયાધીશ એ.એસ. બોપન્નાની ખંડપીઠે જણાવ્યું હતું કે, કેન્દ્ર અને દિલ્હી સરકાર દ્વારા દાખલ કરેલી અપીલની તાકીદે નવી તારીખ રજૂ કરવામાં ટ્રાયલ કોર્ટ માટે અવરોધ ના બને.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કેન્દ્ર અને દિલ્હી સરકાર તરફથી રજૂઆત કરતાં કહ્યું હતું કે દોષિતોની ફાંસી આનંદની વાત નથી અને અધિકારીઓ ફક્ત કાયદાના આદેશને જ ચલાવી રહ્યા છે.

જમ્મૂ-કાશ્મીરમાં સ્થગિત કરાયેલ મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ કાર્યરત

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરમાંથી ભારત સરકાર દ્વારા કલમ ૩૭૦ અને ૩૫છ હટાવ્યા સમયે સાવચેતી અને સલામતીનાં ભાગ રુપે અનેક પગલા લેવામાં આવ્યા હતા, કાશ્મીરનાં તમામ દિગ્ગજ નેતાઓને નજર કેદ રાખવા, પ્રાંતમાં દંગાને જોર આપતા સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટને પ્રતિબંધીત કરવા જેવા અનેકનાના મોટા પગલા કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવ્યા હતા.

૫ ઓગસ્ટના રોજ કેન્દ્ર દ્વારા દેશના ઈતિહાસમાં પહેલીવાર કાશ્મીર મામલે મોટો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો. જો કે કાશ્મીરમાં આ નિર્ણય બાદ કોઈ મોટી ઉથલ પાથલ જોવામાં આવી નથી. અને હાલ કાશ્મીરનું જનજીવન થાડે પડતુ જણાઈ રહ્યું છે અમુક નેતાને બાદ કરતા તમામ નજરકેદ નેતાઓને મુક્ત કરી દેવામાં આવ્યા છે. અને ઈન્ટરનેટની સેવા પણ પૂર્વવત કરવામાં આવી છે. શાળા કોલેજો અને લોકો પોત પોતાનાં વ્યવસાયમાં વ્યસ્ત થઈ રહ્યા છે.

જો કે, પડોશી દેશ અને કાશ્મીર ખીણમાં આતંકીઓની હલચાલને ધ્યાનમાં રાખી તેમજ જમ્મુ કાશ્મીર લિબરેશન મોરચાના સ્થાપક મકબૂલ ભટની પુણ્યતિથિ નિમિત્તે સાવચેતીના પગલા તરીકે આજે સવારે આ સેવાઓ બંધ કરવામાં આવી હતી. જે ફરી પૂર્વવત કરી દેવામાં આવી હતી.

રાજસ્થાન ખાનગી બસ-બોલેરો વચ્ચે અકસ્માતઃ ૯ લોકોના મોત, ૧૫ ઘાયલ

ભીલવાડા - રાજસ્થાનના ભીલવાડા જિલ્લામાં ભીષણ રોડ અકસ્માતમાં કુલ ૯ લોકોના મોત થયા છે. જ્યારે કે ૧૫ લોકો ઘાયલ થયા છે. ભીલવાડાના બોગોડ વિસ્તારમાં એક ખાનગી બસે બોલેરોને ઓવરટેક કરવા જતા આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બોલેરો સવાર લોકો લગ્નમાંથી પાછા આવી રહ્યા હતા અને રસ્તામાં બસ બોલેરોને ઓવરટેક કરવા જતા બોલેરોને પાછળથી ટક્કર મારી હતી. જેના કારણે બસચાલકે બસ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો. મૃતકોમાં ૫ પુરૂષો અને ૩ મહિલાઓ સામેલ છે. તો એક સગીરનું પણ મોત નિપજ્યું છે. ઈજાગ્રસ્ત લોકોને જિલ્લાની મહાત્મા ગાંધી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાને લઈને રાજ્યના મુખ્યપ્રધાન અશોક ગહેલોતે દુઃખ વ્યક્ત કર્યું છે.

ભાજપ હવે કોઈ બાગને યાદ નહીં કરેઃ અખિલેશ યાદવ

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને મળેલી કારમી હાર બાદ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલને અભિનંદન પાઠવ્યા છે.

સાથે સાથે ભાજપને ટોણો મારતા અખિલેશ યાદવે કહ્યુ છે કે, હું કેજરીવાલને અભિનંદન આપુ છું, નફરત, દગાબાજી અને વિનાશની રાજનીતિને જાકારો આપવા બદલ દિલ્હીવાસીઓનો આભાર માનુ છું. આ ચૂંટણીના પરિણામો બાદ ભાજપ હવે કોઈ બાગને યાદ નહી કરે. અખિલેશે કહ્યુ હતુ કે, દિલ્હીના પરિણામોનો સંદેશ આખા દેશમાં જશે. દેશની જનતા ફરી એક વખત ખેડૂત, ગરીબ, યુવાન અને વિકાસના નામ પર મતદાન કરશે.ભાજપ નફરતની રાજનીતિ બહુ દિવસથી કરી રહી છે. જેમાં તેને ફરી નિષ્ફળતા મળી છે.

દિલ્હી કોંગ્રેસ અધ્યક્ષે પાર્ટીના ખરાબ પ્રદર્શનની જવાબદારી સ્વીકારી

દિલ્હી ચૂંટણીમાં મતગણતરી દરમિયાન સામે આવી રહેલા પ્રારંભિક ટ્રેન્ડ્સમાં કોંગ્રેસની ખરાબ સ્થિતિ બાદ દિલ્હી કોંગ્રેસ અધ્યક્ષ સુભાષ ચોપરાએ જણાવ્યું છે કે, હું પાર્ટીના ખરાબ પ્રદર્શનની જવાબદારી લઉં છું અમે આની પાછળના કારણનું વિશ્લેષણ કરીશું. ભાજપ અને આપ દ્વારા ધ્રુવીકરણના રાજકારણને કારણે અમારા વોટિંગની ટકાવારીમાં ઘટાડો થયો છે. અગાઉ કોંગ્રેસના નેતા મુકેશ શર્માએ પરિણામ પહેલા જ હાર સ્વીકારી લીધી હતી. તેમણે ટ્વીટ કર્યું હતું કે, હું મારી હાર સ્વીકારું છું અને વિકાસપુરી વિધાનસભા વિસ્તારના તમામ મતદારો તેમજ કોંગ્રેસના કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કરું છું અને આશા કરું છું કે સમગ્ર વિસ્તારનો વિકાસ થશે.

મંથન બહુ થયું હવે કાર્યવાહી કરવાનો સમયઃ શર્મિષ્ઠા મુખર્જીનો રોષ

દિલ્હી મહિલા કોંગ્રેસની અધ્યક્ષ શર્મિષ્ઠા મુખર્જીએ વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની શરમજનક હાર પછી શીર્ષ નેતૃત્વ પર પણ સવાલ ઉઠાવ્યા છે. તેમણે હાર માટે ઉપરથી લઈને નીચે સુધીનાં ઘણા કારણોને જવાબદાર ઠેરાવ્યા હતા. હારને સ્વીકાર કરતા પોતાનાં ટ્વિટ સંદેશમાં લખ્યું છે કે અમે દિલ્હી ફરીથી હારી ગયા, આત્મમંથન બહુજ થયું હવે કાર્યવાઈનો સમય છે.

શીર્ષ સ્તર પર નિર્ણય લેવામાં વિલંબ, રાજ્ય સ્તર પર રણનીતિ અને એકજુટતાનો અભાવ, કાર્યકર્તાઓમાં નિરુત્સાહ, નીચલા સ્તર સાથે કોઈ સંવાદ નહી ઈત્યાદી હારનાં મુખ્ય કારણ હોઈ શકે છે. આ સમગ્ર પ્રકિયાનાં ચાલતા હું મારા ભાગની જવાબદારી સંપૂર્ણ રીતે સ્વીકાર કરુ છું.



હાલમાં વેલેન્ટાઈન્સ વીક ચાલી રહ્યું છે ત્યારે વિવિધ ડે ઉજવતા યુવાનો અચૂક મરીન ડ્રાઈવના દરિયા કિનારે પહોંચી જતા હોય છે. આવા જ અમુક યુવાનોએ ઢળતા સૂરજે સર્જાયેલા નયનરમ્ય વાતાવરણમાં સેલ્ફી પાડીને આનંદની ક્ષણોને કેદ કરી હતી.

વૈશ્વિક સંકેતોને પગલે શેરબજારમાં ૨૩૬ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ

આજે એટલે કે મંગળવારે દિલ્હી વિધાનસભાની ચૂંટણી ૨૦૨૦ ના પરિણામ જાહેર થયા છે. જેમાં આમ આદમી પાર્ટી (છછઁ) એ ફરી એકવાર શાનદાર પ્રદર્શન કર્યું છે અને રાજ્યમાં સત્તા પોતાના હાથમાં રાખી છે. સીએમ કેજરીવાલની પાર્ટીએ ૭૦માંથી લગભગ ૬૩ બેઠકો પર જીત મેળવી છે. જ્યારે સત્તાધીશ બીજેપીના ખાતામાં ૦૭ બેઠકો આવી છે. આ સિવાય દેશની મોટી પાર્ટી કોંગ્રેસ ખાતું પણ ખોલી શકી નથી.

આ દરમિયાન ભારતીય શેર બજારોમાં પણ તેજીનો માહોલ જોવા મળ્યો. ગ્રીન ઝોનમાં ખુલ્યા બાદ માર્કેટે ટ્રેડિંગ દિવસના અંતિમ સેશનમાં પણ તેજીને જાળવી રાખી. બીએસઈ બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૨૩૬ અંક અથવા ૦.૫૮ ટકા ઉછળીને ૪૧,૨૧૬ નજીક જ્યારે નિફ્ટી ૫૦ આંક ૭૬ પોઈન્ટ અથવા ૦.૬૪ ટકા ઉછળીને ૧૨,૧૦૭ નજીક સેટલ થયા છે.

બેંક નિફ્ટીની વાત કરીએ તો ઈન્ડેક્સ ૨૪૨ અંક ઉછળીને ૩૧,૩૦૦ નજીક સેટલ થયો છે. આ સિવાય બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૦.૩૫ ટકા વધી અને ૦.૧૮ ટકા ઘટીને બંધ આવ્યા છે. અન્ય સેક્ટર્સની વાત કરીએ તો આજે બીએસઈ પણ ઓટો ઈન્ડેક્સ ૦.૫૧ ટકા, મેટલ ઈન્ડેક્સ ૦.૯૨ ટકા, રિયલિટી ઈન્ડેક્સ ૦.૩૯ ટકા અને હેલ્થકેર ઈન્ડેક્સ ૦.૬૫ ટકા વધીને સેટલ થયા છે.

સોમવારે સેન્સેક્સ ૧૬૨.૨૩ અંકોના ઘટાડા સાથે ૪૦,૯૭૯.૬૨ પર બંધ થયો હતો અને દિવસ દરમિયાન ૪૦,૭૯૮.૯૮ સુધી પાછળ હતો.

પુત્રીના પ્રેમલગ્નથી દુઃખી સમગ્ર પરિવારે આત્મહત્યા કરી

ન્યુ દિલ્હી

સમાજ નહી સ્વીકારે તેવી બીકથી પ્રેમી પંખીડાઓ આત્મહત્યા કરતા હોવાની ઘટનાઓ છાશવારે બનતી હોય છે. પણ મહારાષ્ટ્રમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે જેમાં પરિવારની યુવતીએ અન્ય સમાજના યુવક સાથે લગ્ન કરવાના કારણે આખા પરિવારે આત્મ હત્યા કરી લીધી છે મહારાષ્ટ્રમાં ગઢચિરોલી જિલ્લામાં રહેતી રવિન્દ્ર વરગંટીવારની પુત્રીએ બીજી કાસ્ટના યુવક સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પરિવારે ના પાડતા આ યુવતીએ ભાગી જઈને મંદિરમાં રવિવારે લગ્ન કરી લીધા હતા. પુત્રીના લગ્નથી માતા-પિતા અને તેના ભાઈને આઘાત લાગ્યો હતો. એ પછી ત્રણે જણાએ સોમવારે બપોરે કુવામાં ઝંપલાવીને આત્મહત્યા કરી લીધી હતી. મરનારામાં રવિન્દ્ર, તેમના પત્ની વૈશાલી અને પુત્ર સાંઈરામનો સમાવેશ થાય છે.

નફરત સામે
પહેલા પાનાથી ચાલુ

અને એનડીએ દ્વારા ૭ રાજ્યોમાં સત્તા ગુમાવવામાં આવી છે. આ અગાઉ ઝારખંડમાં ભાજપે સત્તા ગુમાવી હતી. બિન-ભાજપી સરકારોના મુખ્યમંત્રીઓએ કેજરીવાલને ભારે જીત બદલ અભિનંદનો પણ પાઠવ્યાં છે.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, ૮ ફેબ્રુઆરીના રોજ એક જ તબક્કામાં ૭૦ બેઠકો માટે આ ચૂંટણીમાં મતદાન પુરૂ થયા બાજદ જાહેર થયેલા તમામ એક્ઝીટ પોલ સાચા ઠર્યા છે અને મતદાનના દિવસે બપોરના ૩ વાગ્યા બાદ ભાજપની તરફેણમાં ભારે મતદાન થયાનું અને ભાજપ ૪૮ કરતાં વધારે બેઠકો સાથે સરકાર બનાવવાનો તેના મનોજ તિવારી સહિતના નેતાઓના દાવા સાવ પોકળ સાબિત થતાં ભાજપ માટે આ પરિણામો નવેસરથી રાજકિય ચિંતન સમાન હોવાનું તારણનું પણ પરિણામો નિર્દેશ કરે છે.

દિલ્હીના ૧.૪૭ કરોડ મતદારોએ, કેજરીવાલની "દિલ્હી કા બેટા"ને ફરી સત્તા સોંપીને કરંટ લાગશે, શાહિનબાગ એક પ્રયોગ છે, કેજરીવાલ આતંકી છે, ગોલી મારો...સ★★...કો વગેરેને નકારી કાઢીને કેજરીવાલ સરકારની વિનામૂલ્ય વાળી વિકાસલક્ષી વિવિધ યોજનાઓ પર ફરી એક વાર વિશ્વાસ મૂકીને સત્તાની બાગડોર સોંપીને દિલ્હીમાં ભાજપને વધુ પાંચ વર્ષ વિરોધ પક્ષની પાટલીઓ પર બેસવાનો જનાદેશ મળ્યો છે. ૮ ફેબ્રુ.એ ૭૦ બેઠકો માટે ૬૨.૫૯% મતદાન થયું હતું જે ગત ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીની સરખામણીએ ૫ ટકા ઓછું રહ્યું હતું. તેમ છતાં કેજરીવાલ બાજી મારવામાં સફળ રહ્યાં હતા. દિલ્હી વિધાનસભા મત વિસ્તારમાં લોકસભાની ૭ બેઠકો આવે છે. લોકસભાની ગત ચૂંટણીમાં ભાજપે તમામ ૭ બેઠકો જીતી હતી. પરંતુ વિધાનસભાની ચૂંટણીમાં લોકસભાની ૭ બેઠકોમાં સમાવિષ્ટ ૭૦ બેઠકોમાંથી માત્ર ૭ બેઠકો જ જીતી શકી છે. રાજકિય સૂત્રો તેને એ રીતે જોઈ રહ્યાં છે કે ભાજપના નેતા અને પીએમ મોદીનો લોકો પરનો જાદુ ખૂબ ઝડપથી ઓસરી રહ્યો છે અને લોકસભાની ૫૪૨ બેઠકોમાંથી ૩૦૨ બેઠકો સાથે પ્રચંડ બહુમતિ મેળવનાર ભાજપને કેજરીવાલે દિલ્હી પર હાથ મૂકવા દીધો નથી. અને પોતાની પાંચ વર્ષની કામગીરીના રિપોર્ટ કાર્ડના આધારે અને આગામી પાંચ વર્ષના વચનો સાથે આપ પાર્ટીએ ફરી એકવાર સત્તા મેળવીને પોતાનું એ સૂત્ર સાર્થક કરી બતાવ્યું જેમાં કહેવામાં આવ્યું હતું કે-અચ્છે બિતે પાંચ સાલ, લગે રહો કેજરીવાલ...!

રાજકિય રીતે જોઈએ તો આપ પાર્ટીને સતત બીજી વખત સ્પષ્ટ બહુમતી મળી છે. ૨૦૧૫માં ૭૦માંથી પ્રચંડ બહુમતિ સમાન ૬૭ બેઠકો મળી હતી., આ વખતે આપ પાર્ટીને ૫ સીટોનું નુકસાન ભલે થયું પરંતુ સત્તા માટે જરૂરી એવી ૩૬ બેઠકો કરતાં તો વધારે બેઠકો ફરીથી મેળવવામાં કેજરીવાલ સફળ રહ્યાં છે. દિલ્હી સરકારના નાયબ સીએમ મનીષ સિસોદિયાની ભારે ઉતારચઢાવ ભરી પરિસ્થિતિના અંતે ૧૩માં રાઉન્ડની ગણતરી બાદ સિસોદિયાએ જીત મેળવી હતી. દિલ્હીની ૭૦ બેઠકો માટે ૬૭૨ ઉમેદવારો મેદાનમાં હતા જેમાં ૭૯ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે.

કોંગ્રેસ ગઈ વખતની જેમ આ વખતે પણ શૂન્ય ઉપર જ છે. ૭૦ વિધાનસભા સીટ પર ૮ ફેબ્રુઆરીએ ૬૨.૫૦ ટકા મતદાન કરવામાં આવ્યું હતું. દિલ્હીમાં અત્યારે આપની સરકાર છે. ભાજપ ૨૨ વર્ષથી અને કોંગ્રેસ ૭ વર્ષથી અહીં સત્તામાં આવી શક્યા નથી. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ત્રીજી વાર સીએમ બનવાની સ્થિતિમાં છે. તેઓ પહેલીવાર ૨૦૧૩માં ૪૮ દિવસ માટે પદ પર રહ્યા હતા, ત્યારપછી તેમણે રાજીનામુ આપી દીધું હતું. તેમણે બીજી વાર ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ સત્તા સંભાળી હતી. ભાજપ ઓફિસની બહાર સન્નાટો જોવા મળ્યો હતો અને કાર્યકર્તાઓ કરતાં પ્રવક્તા વધુ જોવા મળ્યા હતા.

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી જીતની હેટ્રીક લગાવવા જઈ રહી છે. રસપ્રદ વાત એ છે કે, આજે મતગણતરાના દિવસે મંગળવારે સવારે પોસ્ટલ મતની ગણતરી પછી ટીવી ચેનલો દ્વારા આપવામાં આવેલા રૂઝાનમાં માત્ર ૧૫ મિનિટમાં જ નક્કી થઈ ગયું હતું કે આમ આદમી પાર્ટી જીતી જવાની છે. ત્યારપછી આગામી ૭ મિનિટમાં એટલે કે ૮.૨૧ વાગે દરેક ૭૦ સીટના રૂઝાન આવી ગયા અને આપે ૫૦+સીટ પર લીડ બનાવી દીધી હતી.

આ રીતે ૨૦૨૦ના વર્ષમાં પહેલી ચૂંટણી પરિણામના ટ્રેન્ડ્સમાં બધા રેકોર્ડ તૂટી ગયા હતા અને માત્ર ૨૧ મિનિટના પોસ્ટલ મતપત્રોની ગણતરી પછી સંપૂર્ણ તસવીર સાફ થઈ ગઈ હતી. ત્યારના એક કલાક પછી માત્ર ૪-૫ સીટ પર જ ઉતાર-ચડાવ જોવા મળતો હતો. જ્યારે કોંગ્રેસ ગઈ વખતની જેમ આ વખતે પણ ખાતુ ખોલી શકી નથી.

ભાજપને ફરી
પહેલા પાનાથી ચાલુ

તેથી તેઓ સત્તાના ભાગીદાર નથી બની શક્યા.

ડિસેમ્બર ૨૦૧૭માં એનડીએની સ્થિતિ સારી હતી. ભાજપા અને તેમના સહયોગી પક્ષોની પાસે ૧૯ રાજ્યો હતા.

એક વર્ષ બાદ ભાજપે ત્રણ રાજ્યો મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાંથી પોતાની સરકાર ગુમાવી દીધી હતી. ચોથુ રાજ્ય આંધ્ર પ્રદેશ છે, જ્યાં ભાજપા-ટીડીપી ગઠબંધનની સરકાર હતી. માર્ચ ૨૦૧૮માં ટીડીપીએ ભાજપ સાથેનું પોતાનું ગઠબંધન તોડી દીધું હતું. ૨૦૧૯માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં આ વાઈએસઆર કોંગ્રેસની સરકાર બનાવી છે. પાંચમું રાજ્ય માહારાષ્ટ્ર છે, જ્યાં ચૂંટણી બાદ શિવસેનાએ એનડીએનો સાથ છોડી દીધો હતો અને ત્યારબાદ તેમણે કોંગ્રેસ અને એનસીપી સાથે હાથ મિલાવીને સરકાર રચી હતી.

૧લી ઓપ્રિલથી
પહેલા પાનાથી ચાલુ

શકશે. અધિકારીઓ પ્રતિદિવસ બનાવવામાં આવેલા તમામ ઈ-ચલણ ઓનલાઈન પોર્ટલ પર અપલોડ કરશે.

તેનાથી કોઈ પણ રાજ્યમાં ટ્રાફિક પોલીસ-પરિવહન અધિકારીને પોર્ટલ ખોલવા પર કાર્યવાહીની જાણકારી મળી શકશે. જાહેરનામામાં કહેવાયું છે કે ઈલેક્ટ્રોનિક દસ્તાવેજ ઉપરાંત અમુક ગંભીર અપરાધ-ટ્રાફિક ઉલ્લંઘન કરવા પર અધિકારીને ઓરીજનલ દસ્તાવેજ જમ કરવાનો અધિકાર હશે. ઉલ્લંઘનમાં મુખ્ય રૂપે સાર્વજનિક સ્થળ પર ખોટી રીતે ટ્રેલર ચલાવવું, સડક સુરક્ષા, પ્રદૂષણ, વ્યાવસાયિક વાહનો જેનાથી કોઈના જીવને જોખમ હોય, ખોટા દસ્તાવેજો રજૂ કરવા, વીમા વગર વાહન ચલાવવા સહિતના મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે.

બીએસએનએલ
પહેલા પાનાથી ચાલુ

૨૦,૩૨,૦૦૧ કરોડની સરખામણીએ રૂ. ૨૪,૪૦,૭૪૮ કરોડ રહ્યો હતો જે આવકમાં ૨૦.૧૨ ટકાનો વધારો સૂચવે છે. આબકારી જકાત, કસ્ટમ ડ્યૂટી, જીએસટી, કૉર્પોરેટ ટૅક્સ, કેન્દ્ર સરકારની લોન પરનું વ્યાજ, ડિવિડન્ડ તેમ જ અન્ય કરવેરા મારફતે સીપીએસઈ કંપનીનું વર્ષ ૨૦૧૮-૧૯માં સરકારી ખજાનામાં યોગદાન વર્ષ ૨૦૧૭-૧૮ના રૂ. ૩,૫૨,૩૬૧ કરોડની સરખામણીએ રૂ. ૩,૬૮,૮૦૩ કરોડ જેટલું રહ્યું હતું જે ૪.૬૭ ટકાનો વધારો સૂચવે છે એમ તેમણે કહ્યું હતું.

દિલ્હી દંગલ
પહેલા પાનાથી ચાલુ

નરેન્દ્ર મોદીએ પણ પોતાની પાર્ટી માટે પ્રચાર કર્યો હતો. કેન્દ્રીયમંત્રી નિતિન ગડકરીએ પણ પાંચ ચૂંટણી સભાઓ માં ભાગ લીધો હતો. જ્યારે રક્ષા મંત્રી રાજનાથ સિંહે પણ નવ બેઠકોમાં ભાગ લીધો હતો.

વિરમગામમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા



જખવાડા રેલવે સ્ટેશન મુકામે પુષ્પાજંલી, સ્કૂલમાં બિસ્કિટ વિતરણ અને ચેકથી નિધિ જેવા કાર્યક્રમ કરવામાં આવ્યા

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

એકાત્મ માનવવાદના પ્રણેતા અને પોતાનું જીવન માતૃભૂમિના ઉત્થાન માટે સમર્પિત કરનાર પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીને પુણ્યતિથી નિમિત્તે વિરમગામ શહેરમાં પૂજન અને સમર્પણ નિધી તેમજ આંગણવાડીના નાના બાળકોને ફૂટ વિતરણ અને દુધ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ ઉપરાંત વિરમગામ તાલુકા ભાજપ દ્વારા પંડિત દીનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથિ સમર્પણ દિવસ નિમિતે જખવાડા રેલવે સ્ટેશન મુકામે પુષ્પાજંલી, સ્કૂલ માં બિસ્કિટ વિતરણ અને ચેક થી નિધિ જેવા કાર્યક્રમ કરી ઉજવણી કરવામાં આવી હતી. આ બંને કાર્યક્રમોમાં ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, ચૂંટાયેલા હોદ્દેદારો સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

દીનદયાળની પુણ્યતિથિ નિમિત્તે બાળકોને કીટવિતરણ, વિધાનસભા સ્પીકરના ફોટોથી વિવાદ

વડોદરા

પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિ નિમિત્તે વડોદરા શહેરના પ્રતાપનગર સ્થિત રામદેવપીર ભગવાનના મંદિર પાસે બાળકોને કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જોકે કિટ ઉપર દીનદયાળ ઉપાધ્યાયના બદલે ગુજરાત વિધાનસભાના સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદીના ફોટો લગાવવામાં આવતા વિવાદ સર્જાયો છે. ગુજરાત વિધાનસભાના સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદીના ફોટોવાળી કિટ ઉપર સ્ટોપ યુઝિંગ પ્લાસ્ટિક પ્રોડક્ટ અને પીએમ મોદી દ્વારા પ્લાસ્ટિક ન વાપરવાની વિનંતી કરતુ લખાણ પણ લખવામાં આવ્યું હતું. જોકે રસ્તી પ્રસિદ્ધી માટે રાજેન્દ્ર ત્રિવેદીના ફોટોવાળી કિટ વિતરણ કરવામાં આવ્યું હોવાની ચર્ચા શરૂ થઇ ગઇ છે. અને તેના ફોટો અને વીડિયો પણ શોશ્યલ મીડિયામાં વાયરલ થયા છે.

કોલેજની બસે અડફેટે લેતા એક્ટિવાનો કચ્ચરઘાણ વળી ગયો, ચાલક ઈજાગ્રસ્ત

વડોદરા

વડોદરા શહેરના વઘોડિયા રોડ વૃદાવન ચાર રસ્તા પાસે સવારે સુમનદીપ કોલેજની બસે એક્ટિવા ચાલક વિદ્યાર્થીને અડફેટે લીધો હતો જેમાં પારૂલ યુનિવર્સિટીનો વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્માતમાં એક્ટિવા બસની નીચે ઘૂસી ગઇ હતી અને એક્ટિવાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. જોકે સદભાગ્યે એક્ટિવા સવાર વિદ્યાર્થીનો આબાદ બચાવ થયો હતો.

વડોદરા શહેરના વાઘડિયા રોડ ઉપર આવેલી ૧૨૮, શાંતિનિકેતન સોસાયટીમાં રિખી વિશ્વજીતભાઇ પટેલ(૧૯) પરિવાર સાથે રહે છે અને વાઘડિયા ખાતે આવેલી પારૂલ યુનિવર્સિટીમાં ડિપ્લોમા કમ્પ્યુટર એન્જિનિયરિંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. સવારે એક્ટિવા લઇને કોલેજમાં જઇ રહ્યો હતો. દરમિયાન આ ઘટના બની હતી.

સ્થાનિક લોકોએ જણાવ્યું હતુ કે, બસની ટક્કર વાગતા જ વિદ્યાર્થી એક્ટિવા ઉપરથી કૂદી જતાં આબાદ બચાવ થયો હતો. જોકે, એક્ટિવા બસના પાછળના વ્હિલમા આવી જતાં કચ્ચરઘાણ વળી ગયો હતો. આ બનાવ બનતા લોકો ટોળે વળી ગયા હતા. આ સાથે વિદ્યાર્થીના પરિવારજનો પણ દોડી આવ્યા હતા. પુત્રને હેમખેમ જોતાં હાશકારો અનુભવ્યો હતો. આ બનાવને પગલે પોલીસ પણ દોડી આવી હતી. અને કાર્યવાહી હાથ ધરી હતી.

પરિણીતા પર પડોશી યુવક અને તેના કાકાએ દુષ્કર્મ આચરતા ખળભળાટ

આણંદ

ખંભાતમાં રહેતી ૧૯ વર્ષીય પરિણીતા ગર્ભવતી થયેલી હોય અને સીમંત હોય પિયરમાં રહેવા માટે આવી હતી. દરમિયાન તેને હાલમાં ત્રણ માસનો દીકરો પણ થયો હતો. દરમિયાન, તેના ઘરે પડોશમાં રહેતો વિપુલ ચીમન પરમાર અવાર-નવાર આવતો હતો. વિપુલ રિક્ષા ડ્રાઈવિંગ કરી પરિવારનું જીવન ગુજરાન ચલાવે છે. ગત ચોથી ફેબ્રુઆરીના રોજ સવારે અગિયાર વાગ્યે વિપુલે પરિણીતાને ફોન કરીને કહ્યું હતું કે તું શંખવા જવાના રોડ પર આવી જા. જેને પગલે તેણી શંખવા જવાના રોડ પર ગઈ હતી. એ વખતે રિક્ષામાં વિપુલ તથા તેના કાકા પ્રવિણ ઉર્ફે લાલા જેસંગ પરમાર રિક્ષામાં હતા.

પરિણીતા રિક્ષામાં બેસી ગઈ હતી. એ પછી ત્રણેય જણાં વાડોલા ગયા હતા. અને વાડોલાથી ચુવા ગામના રેલવે સ્ટેશને તેના કાકાએ પરિણીતા અને વિપુલને રિક્ષામાંથી નીચે ઉતારી દીધા હતા. બાદમાં વિપુલને તું ચિંતા ન કરીશે હું અહીંયા બધું જોઈ લઈશ તેમ કહ્યું હતું. બાદમાં તેઓ જતા રહ્યા હતા. બીજી તરફ વિપુલ ચુવા ગામના રેલવે સ્ટેશન પર રાત્રિના રોકાયેલા હતા. એ સમયે પરિણીતા પાસેનો ફોન વિપુલે લઈ લીધો હતો. વધુમાં વિપુલે પટાવી-ફોસલાવી તેની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. બીજા દિવસે સવારે તેઓ વડોદરા ખાતે ગયા હતા. વડોદરા બસ સ્ટેન્ડ પાસેની મહારાજા હોટલમાં રોકાયા હતા. ત્યાં વિપુલે તેને ધમકી આપી હતી કે, તું મારી સાથે નહીં આવે તો તને જાનથી મારી નાંખીશ. જેને પગલે પરિણીતા તેની સાથે ત્રણ દિવસ સુધી રોકાઈ હતી. જ્યાં વિપુલે પરિણીતા સાથે અવાર-નવાર દુષ્કર્મ આચર્યું હતું. દરમિયાન, શનિવારે વિપુલે તેના બનેવી નગીનભાઈને ફોન કરતાં નગીનભાઈએ બંનેની શોધખોળ તેમના પરિવારજનો કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું. વધુમાં વિપુલના માતા-પિતાને પોલીસ સ્ટેશને બોલાવ્યા હોવાનું પણ કહ્યું હતું. જેને પગલે વિપુલ પરિણીતાને લઈને ખંભાત પરત આવી ગયો હતો. બાદમાં પરિણીતાએ વિપુલ અને તેના કાકા પ્રવિણ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

સીએએના સમર્થનમાં આવતીકાલે સીએમની હાજરીમાં ૨ કિમી લાંબી તિરંગાયાત્રા

રાજકોટ

સીએએના સમર્થનમાં રાજકોટમાં ૧૩ ફેબ્રુઆરીને ગુરૂવારે રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેને લઈને કેબિનેટ મંત્રી જયેશ રાદડિયાએ રાજકોટમાં પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીના હસ્તે બહુમાળી ભવન ચોકથી તિરંગાયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવશે જે મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે પૂર્ણ થશે. ૨ કિલોમીટર લાંબા તિરંગા સાથે તિરંગાયાત્રા નીકળશે. આ યાત્રામાં શહેર અને જિલ્લા ભાજપના કાર્યકરો, વિવિધ સમાજના લોકો, અગ્રણીઓ જોડાશે.

શરૂઆતમાં તિરંગા યાત્રામાં ઘોડા, બેન્ડ, ભારત માતાનો ફ્લોટ્સ, બે કિમીનો તિરંગો, વેપારી આગેવાન, સામાજીક આગેવાન, વિદ્યાર્થીઓ રહેશે. વંદે માતરમ, આઇ સપોર્ટ સીએએ જેવા નારા લગાવવામાં આવશે. ૮.૩૦થી ૧૧.૩૦ એમ ત્રણ કલાક શહેરના રાજમાર્ગો પર ફરશે. બહુમાળી પાસે આવેલા સરદાર પટેલની પ્રતિમાંથી શરૂઆત થશે. બાદમાં ગાંધીજીની પ્રતિમા પાસે પહોંચશે. બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન જેવા પડોશી દેશોમાંથી રાજકોટ આવીને વસેલા આશરે ૪૦૦ શરણાર્થી લોકો આ રેલીમાં ખાસ જોડાનાર છે. જેઓને ટૂંક સમયમાં સીએએના કાયદા અંતર્ગત ભારતીય નાગરિકતા આપવામાં આવનાર છે.

ખેડૂતો આનંદો... કિશાન ક્રેડિટકાર્ડ દ્વારા અપાતી ૧,૬૦,૦૦૦ સુધીની લોન પર કોઈ દસ્તાવેજ નહિ

ભારત સરકારના પરીપત્ર મુજબ પ્રધાન મંત્રી કિસાન સમ્માન નીધી યોજના અંતર્ગત તમામ ખેડુત કુટુંબને કિસાન ક્રેડિટકાર્ડ હેઠળ આવરી લેવાયા છે. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા અત્યાર સુધી જિલ્લામાં એક ખાસ અભિયાન હાથ ધરી તમામ ૧,૪૧,૪૨૨ ખેડુતોને કિસાન ક્રેડિટકાર્ડ આપવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. કિશાન ક્રેડિટકાર્ડ માટે તમામ બેંકો સાથે ચર્ચા વિચારણા કરી આ કાર્ડ ખેડુતો સુધી મોકલાશે.

ગ્રામ્ય કક્ષાના તમામ કર્મચારી ગ્રામ સેવક, તલાટી કમ મંત્રી, બેંક મિત્ર, ખેડુત મિત્ર, સહકારી મંડળીના સેક્રેટરીઓ અને ગ્રામ્યકક્ષાની બેંક બ્રાંચના કર્મચારી વગેરેને અભિયાનમાં સામેલ કરી તમામ લાભાર્થીને કિશાન ક્રેડિટકાર્ડનાં લાભથી અવગત કરી કેસીસી નોંધણી માટે જરૂરી તમામ પ્રસાર પ્રચારની ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત રૂ. ૧.૬ લાખથી વધુ ક્રેડિટ લીમીટ માટે પ્રીસીપલ લીમીટ મંજુર કરવામાં આવશે. જ્યારે રૂ.૧.૬ લાખથી વધુ રકમ માટે ધારાધોરણ મુજબ બોજા હેઠળની અન્ય કાર્યવાહી કરી કેટીડ લીમીટ મંજુર કરવામાં આવશે. હવે કેસીસીનો લાભ પશુપાલન અને મત્સ્યઉદ્યોગ ખેડુતો સુધી પહોંચાડાશે, જે ખેડુતો કેસીસી ધારક છે અને પશુપાલન અથવા મત્સ્યઉદ્યોગ પ્રવૃત્તિઓ માટે વધારાની કેટીડ લીમીટની મંજૂરી માટે શાખાનો સંપર્ક કરવા પડશે.

ગાંધીનગર ડીડીઓએ જણાવ્યું કે આ અભિયાનમાં ખેડૂતને કેસીસી દ્વારા ૧ લાખ ૬૦ હજાર સુધીની લોન ઉપર કોઈ દસ્તાવેજ આપવો નહી પડે ત્યારે તેમણે ખેડૂતને કેસીસી દ્વારા ૩ લાખ સુધીની લોન આપી કેન્દ્ર સરકાર મદદ રૂપ થશે. પરતું હાલ જે ખેડૂત પાસે કિશાન ક્રેડિટકાર્ડનો ફોર્મ નથી તેને ફોર્મ મેળવી આ સુવિધાનું લાભ અપાશે જ્યારે અત્યારે ૯૫ હજાર ખેડૂત પાસે આ કાર્ડની સુવિધા નથી. આ સમગ્ર વિગત માટે ખેડૂત પી.એમ.-કિસાનના હેઠળના તમામ લાભાર્થી કવરેજ માટે એક પૃષ્ઠનું સરળ ફોર્મ વિકસાવવામાં આવ્યું છે. જેમ તમામ માહિતી ભરી આ યોજનાનું લાભ લઈ શકશે. લાભાર્થી ખેડુતે કિશાન ક્રેડિટકાર્ડ મેળવવા ભરેલા ફોર્મ સાથે જમીનની ખાતાની નકલ અને વાવેતર કરેલ પાકની વિગત સાથે બેંક શાખાનો સંપર્ક કરવાનો રહેશે કે, જ્યાંથી તેઓ પીએમ-કિસાન લાભ મળશે. આજ થી કિશાન ક્રેડિટકાર્ડના ફોર્મ તમામ ગ્રામ કક્ષાની કચેરીઓમાં મોકલવામાં આવશે જ્યાંથી ખેડૂત આ ફોર્મ ભરી લાભ લઈ શકશે.

પત્નીની વોટ્સએપ ચેટ જોઈ પતિ ઉશ્કેરાયો, થિયેટરની બહાર ૪ લાફા ઝીંકી દીધા

અમદાવાદ

એસજી હાઈવે પર મૂવી જોવા ગયેલા પતિ-પત્ની વચ્ચે મારામારીનો બનાવ સામે આવ્યો છે. પત્નીના મોબાઈલમાં પતિએ અન્ય પુરુષ સાથે વાતચીતની ચેટ જોઈ લેતા પતિ ગુસ્સે ભરાયો હતો અને થિયેટરમાંથી બહાર રોડ પર લઈ જઈ બોલાચાલી કરી ચાર લાફા મારી દીધા હતા. જેથી યુવતીને ચક્કર આવી ગયા હતા. આ મામલે પત્નીએ પતિ સામે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

એલિસબ્રિજ વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષીય યુવતીએ બોડકદેવમાં રહેતા યુવક સાથે પ્રેમલગ્ન કર્યા છે. યુવતીનો અભ્યાસ ચાલુ હોવાથી તેના માતા-પિતાના ઘરે રહેતી હતી. સાંજે પતિ-પત્ની એસજી હાઈવે પર સફલ મોન્ડિલ રિટેલ પાર્કમાં આવેલા મલ્ટીપ્લેક્સમાં મૂવી જોવા માટે ગયા હતા. ઈન્ટરવેલમાં યુવતી વોશરૂમ ગઈ હતી ત્યારે તેનો ફોન તેના પતિને આપીને ગઈ હતી. પતિએ તેની વોટ્સએપ ચેટ ચેક કરતા યુવતીના જૂના મિત્ર સાથેની ચેટ જોઈ ગયો હતો. યુવતી પરત આવતા તેને થીયેટરની બહાર લઈ જઈ ચેટ બતાવી અને આ કોણ છે અને તું આની સાથે કેમ વાત કરે છે તેમ કહીં ઉશ્કેરાયો હતો. પત્નીને ગાળાગાળી કરી ૪ લાફા મારી દીધા હતા જેથી યુવતીને ચક્કર આવ્યા હતા અને લોકો ભેગા થઇ ગયા હતા. યુવતીને છોડી તેનો પતિ ત્યાથી જતો રહ્યો હતો. યુવતી રિક્ષા કરીને ઘરે જતી રહી હતી. તેણે પરિવાર સમગ્ર બાબત વિશે જણાવ્યું અને ત્યારબાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં પતિ સામે એફઆઇઆર નોંધાવી હતી.

રાજ્યમાં દર અઠવાડિયે ૨૧ રાહદારીઓના વાહન અડફેટે મોત થાય છે: રિપોર્ટ

અમદાવાદ

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા અકસ્માતોને રોકવા માટે અનેક પ્રકારના પ્રયાસો હાથ ધરવામાં આવે છે, પરંતુ ડ્રાઇવરની બેકરકારી અથવા તો પછી રોડ પરથી પસાર થતી વખતે સાચવેતી ન રાખવાના કારણે થયેલા અકસ્માતોમાં અનેક લોકોએ જીવ ગુમાવવો પડ્યો છે. કેન્દ્ર સરકારના માર્ગ અને પરિવહન વિભાગ દ્વારા સપ્ટેમ્બર ૨૦૧૮માં એક રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો. રોડ એક્સિડન્ટ ઇન ઇન્ડિયા ૨૦૧૮માં દર્શાવવામાં આવેલા આંકડા પ્રમાણે ગુજરાત રાજ્યમાં ૧૮૭૬૯ અકસ્માત થયા છે જેમાં ૭૯૯૬ મોત નીપજ્યાં છે. ૨૦૧૮ના અહેવાલ પ્રમાણે ૩૦૧૫ એવા અકસ્માતો છે જેમાં વ્હીકલે પેડેસ્ટેરિયનને અડફેટે લીધા છે. આવા અકસ્માતોમાં કુલ ૧૧૭૦ પેડેસ્ટેરિયન (રાહદારી) ને જીવ ગુમાવ્યો હતો. ૨૦૧૮માં ગુજરાત રાજ્યમાં ૧૮૭૬૯ અકસ્માતો થયા છે. જેમાં ૭૯૯૬ લોકોએ જીવ ગુમાવ્યો છે. ૧૮૭૬૯ અકસ્માતોમાં ૨૧૭૧ લોકોએ નેશનલ હાઈવે પર થયેલા અકસ્માતોમાં જીવ ગુમાવ્યો છે, જ્યારે ૨૪૭૭ લોકોએ સ્ટેટ હાઈવે પર અને ૩૩૪૮ લોકો અન્ય હાઈવે પર થયેલા અકસ્માતોમાં મોતને ભેટ્યાં છે.

૨૦૧૮માં ૩૦૧૫ એવા અકસ્માતો થયા હતા, જેમાં વાહને પેડેસ્ટેરિયન (રાહદારીઓ)ને અડફેટે લીધા હતા. આ ૩૦૧૫ અકસ્માતમાં ૧૧૭૦ લોકોએ જીવ ગુમાવ્યો હતો. જેમાં ૯૨૯ પુરુષો અને ૨૪૧ મહિલાઓનો સમાવેશ થાય છે. ઉમરની દૃષ્ટિએ જોઇએ તો ૧૮ વર્ષથી નીચેની ઉમરના ૭૫, ૧૮થી ૨૫ વર્ષ સુધીના ૧૪૨, ૨૫થી ૩૫ વર્ષ સુધીના ૨૭૯, ૩૫થી ૪૫ વર્ષ સુધીના ૩૧૪, ૪૫થી ૬૦ વર્ષ સુધીના ૨૨૦, ૬૦ અને તેથી વધુના ૧૨૭ અને જેમની ઉમર અંગે જાણ ન હોય તેવા ૧૩ લોકોનો સમાવેશ થાય છે.

પીપાવાવ પોર્ટ પર સિંહ પરિવારના આંટાફેરાથી લોકોમાં ફફડાટ

અમરેલી

ગુજરાતની આન બાન અને શાન સમા સિંહો એક સમયે જંગલ વિસ્તાર તરફ રહેતા હતા અને ત્યારબાદ ગ્રામ્ય વિસ્તાર તરફ વળ્યા હતા. ત્યારે હવે રાજુલા પંથકમાં આવેલું પીપાવાવ પોર્ટ નિવાસ સ્થાન બનાવ્યું છે. આથી તેની સુરક્ષા કરવી તે વનવિભાગની જવાબદારી છે. કેમ કે જોખમી કન્ટેનરો અને ઉદ્યોગોમાં ધમધમતા વાહનો વચ્ચે સિંહોએ નિવાસસ્થાન બનાવ્યું છે. ત્યારે સુરક્ષાને લઈને ગંભીર ચિંતા કરવાની જરૂર છે. આ ઘટના અંગે રાજુલા વનવિભાગના અધિકારીઓ ગંભીરતા દાખવતા નથી. ત્યારે કોઈ મોટો અકસ્માત સર્જાઈ શકે તેવી ભીતિ સેવાઈ રહી છે. સિંહોના હુમલાને લઈને પોર્ટ પર કામ કરી રહેલા મજૂરોના જીવન પર સંકટ તોળાઈ રહ્યું છે. જો કે સમગ્ર મામલે વનવિભાગ દ્વારા તાકીદે ગંભીરતાપૂર્વક વિચારણા કરી સિંહોની સુરક્ષામાં કોઈ પગલા નહીં ભરાય તો પીપાવાવ પોર્ટ પર મોટો અકસ્માત થવાની પૂરી શક્યતા જોવા મળી રહી છે. જે ગ્રુપ સિંહણ, સિંહબાળ સાથે પોર્ટની જેટી પર પહોંચ્યું હતું એ જ ગ્રુપ વહેલી સવારે પીપાવાવ પોર્ટના રેલવે યાર્ડ જ્યાં કન્ટેનરોના ખડકલા પડ્યા છે અને સતત કન્ટેનરો લોડ થતા હોય છે ત્યાં પહોંચ્યું છે. મહાકાય વાહનો ધસમસતા હોય છે તેવા સમયે સિંહબાળ અને સિંહણ ઘૂસી જતા ભારે અફડાતફડી સર્જાઈ હતી. જો કે અહીંના પરપ્રાંતીય લોકો તાકીદે ઓફિસોમા ઘૂસી ગયા હતા. પરંતુ આવી ઘટના દિન પ્રતિદિન વધતી જાય છે. રાજુલા રેન્જમા વાઇલ્ડ લાઈફના અનુભવી આરએફઓ અધિકારી મુકવા પણ લોકોની માંગ છે. સિંહો અને વન્યપ્રાણીઓની મુવમેન્ટથી જાણકાર રેવન્યુ વિસ્તાર અને ગીરમાં કામ કરી ચૂકેલા આરએફઓની નિમણૂક કરવા માંગ ઉઠી છે.

સતત ડીપ્રેશનમાં રહેતા કોન્સ્ટેબલે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

અમદાવાદ

ગોમતીપુર પોલીસ લાઈનમાં રહેતા અને ખાડિયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ ભુરાભાઇ પગીએ રાતે પોતાના ઘરની બાજુમાં આવેલા રૂમમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ભુરાભાઇ છેલ્લા કેટલાક સમયથી ડિપ્રેશનમાં હતા અને સીક લીવ પર હતા. બનાવ અંગે ગોમતીપુર પોલીસ ઘટનાસ્થળે પોહચી હતી. મૃતકના પરિવારજનોએ પોલીસને જણાવ્યું હતું કે આસ્ટોડિયા વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની જેટની ટીમમાં ભુરાભાઇ હતા. ભુરાભાઇ કોન્સ્ટેબલ દારૂ પીધેલી હાલતમાં હોવાનો કથિત વીડિયો વાઇરલ થયો હતો. ત્યારબાદ તેઓ રજા પર ઉતરી ગયા હતા અને ડિપ્રેશનમાં રહેતા હતા.

મૃતક ભુરાભાઇ છેલ્લા કેટલાક વર્ષથી કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તેઓ આગામી સમયમાં લેવાનારી પીએસઆઈની પરીક્ષાની તૈયારીઓ પણ કરી રહ્યા હતા. તેઓ તેમના ઘરની બાજુમાં જ એક રૂમ આવેલો હતો તેમાં વાંચવા જતા હતા. ગઈકાલે પણ તેઓ સાંજે રૂમમાં વાંચવાનું કહીને ગયા હતા અને તેઓએ આત્મહત્યા કરી લીધી હતી.

૯ સેકન્ડમાં ૧૦ કિ.મી સ્પીડે દોડતી ૫ સ્પોર્ટ બાઈક પર પોલીસ પેટ્રોલિંગ કરશે

અમદાવાદ

હવે અમદાવાદ પોલીસ પણ સ્પોર્ટ બાઈકનો ઉપયોગ કરશે. ગુનેગારોને પકડવા તેમજ ટ્રાફિક નિયમ તોડનારને કાબુમાં રાખવા માટે શહેરના જુદા જુદા પોલીસ સ્ટેશનમાં ૫ સ્પોર્ટ બાઈક આપવામાં આવ્યા છે. આજે શહેર પોલીસ કમિશ્નર આશિષ ભાટિયાએ લીલી ઝંડી આપી અને આ બાઈકની શરૂઆત કરાવી હતી. ૨૫૦ સીસીની આ બાઈકમાં એનાઉન્સમેન્ટ અને લાઈટ સહિતની સગવડ ઉપલબ્ધ છે. શહેરના બાપુનગર, વટવા, કૃષ્ણનગર અને મેઘાણીનગર પોલીસ સ્ટેશનને આ સ્પોર્ટબાઈક ફાળવવામાં આવી છે. પેટ્રોલિંગ અને ચુસ્ત બંદોબસ્ત સમયે આ બાઈકની મહત્વની ભૂમિકા જોવા મળશે. થોડા સમય પહેલા સુરત પોલીસને પણ આ પ્રકારની બાઈક આપવામાં આવી છે. બાઈક અનેક વિશેષતાથી સજ્જ છે. આ બાઈક ૧૦ કિમીની ઝડપ પ્રાપ્ત કરવા માત્ર ૯.૩૯ સેકેન્ડનો સમય લે છે. બાઈકમાં ખાસ પ્રકારની એસેસરીઝમાં માઈક ટાવર, લાઈટ, સાઈરન વગેરેની સુવિધા આપવામાં આવી છે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યના અમદાવાદ સહિતના મોટા શહેરોમાં રોડ પર બાઈક સ્ટંટના બનાવો સામે આવતા રહે છે. ત્યાર આ પ્રકારના બનાવોને રોકવા માટે પણ આ બાઈક મહત્વની ભૂમિકા ભજવશે.

યુવતી પર ભાઈએ હાથ ઉપાડતા ભાગી, પ્રેમીએ સાથ છોડતા ૧૮૧એ પરિવાર સાથે મિલન કરાવ્યું

રાજકોટ

રાજકોટના રેલવે સ્ટેશન પર આમ તેમ દોડાદોડી કરતી યુવતીને હતાશાની સ્થિતિમાં જોતા એક યાત્રિકે ૧૮૧માં ફોન કર્યો હતો. ૧૮૧નો સ્ટાફ ત્યાં પહોંચતા પ્રેમપ્રકરણ બહાર આવ્યું હતું, સ્ટાફે પ્રેમીને ફોન કરતા તેણે આવું કશું હોવાની ના પાડતા યુવતી ભાંગી પડી હતી અને રડતાં રડતાં ૧૮૧ને પોતાની આપવીતી સંભાળાવી હતી. જેમાં પ્રેમમાં પાગલ હોય ભાઇએ હાથ ઉપાડતા પ્રેમી પાસે આવવા ભાગી હતી. પરંતુ પ્રેમીએ સાથ છોડી દીધો હતો. બાદમાં ૧૮૧એ પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

કોડીનારના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી મયૂરી(નામ બદલાવેલ છે)ની આંખ ઊના રહેતા વિજય(નામ બદલાવેલ છે) સાથે એક પ્રસંગમાં મળી હતી. બંને વચ્ચે એક વર્ષથી પ્રેમસંબંધ હતો. આ સંબંધની ખબર મયૂરીના ભાઈને થતા તેણે મયૂરીને ફડાકા ઝીંક્યા હતા જેથી ડરીને યુવતી ટ્રેનમાં બેસી રાજકોટ આવી ગઈ હતી. રાજકોટ પહોંચીને મયૂરીએ કોઈ યાત્રીના મોબાઈલમાંથી વિજયને ફોન કરતા વિજયે થોડી વારમાં રાજકોટ આવે છે તેમ કહ્યું હતું. જો કે વિજય ન આવતા મયૂરી હતાશ થઈ સ્ટેશન પર આમ તેમ દોડી રહી હતી.

૧૮૧ને ફોન કરાતા કાઉન્સેલર પિંકી ભટ્ટી, કોન્સ્ટેબલ દિવ્યાબેન, હેતલબેન તેમજ પાઈલટ સુરેશભાઈ રેલવે સ્ટેશન પહોંચ્યા હતા અને મયૂરીને સમજાવીને વિજયના ફોન નંબર મેળવી કાઉન્સેલરે ફોન કરી સ્પીકર ચાલુ રાખ્યું હતું. કાઉન્સેલરે વાત કરતા વિજયે જ મયૂરીના ભાઈના નંબર આપ્યા હતા અને વાત કરતા તેના પિતા રાજકોટ આવ્યા હતા. મયૂરી પરિવારથી ડરતી હોવાથી જવા તૈયાર ન હતી પણ કાઉન્સેલિંગ કરાતા મયૂરી જવા રાજી થઈ હતી.

હાર્દિક પટેલ સોશિયલ મીડિયાના સહારે... ભાજપ અને પોલીસ પર આક્ષેપબાજી કરી

અમદાવાદ

વસ્ત્રાપુર રાયોટિંગ કેસમાં નાસતા ફરતા આરોપી અને કોંગ્રેસ નેતા હાર્દિક પટેલે સોશિયલ મીડિયાના સહારે ગુજરાત સરકાર અને પોલીસ પર આક્ષેપબાજી શરૂ કરી છે. હાર્દિક પટેલે ટ્વિટ કરી લખ્યું કે, ચાર વર્ષ પહેલા ગુજરાત પોલીસે મારા પર ખોટો કેસ કર્યો હતો. લોકસભા ચૂંટણી સમયે મારા થયેલા કેસની યાદી અમદાવાદ પોલીસ કમિશનર પાસે માંગી હતી. પરંતુ આ કેસ આ યાદીમાં નહોતા. ૧૫ દિવસ પહેલા મને હિરાસતમાં લેવા અચાનક પોલીસ મારા ઘરે આવી હતી. પરંતુ હું ઘરે નહોતો.

જ્યારે બીજા ટ્વિટમાં લખ્યું કે, ખોટા કેસમાં મારા આગોતરા જામીનની પ્રક્રિયા હાઈકોર્ટમાં ચાલી રહી છે. મારી સામે અનેક બિન જામીનપાત્ર વોરન્ટ પણ કાઢવામાં આવ્યા છે. ગુજરાતમાં પંચાયતી ચૂંટણી આવી રહી હોવાથી ભાજપ મને જેલમાં બંધ કરવા માંગે છે. હું ભાજપની સામે જનતાની લડાઈ લડતો રહીશ. જલ્દી મળીશું. જય હિન્દ

સોમવારે હાર્દિક પટેલ સામે રાજદ્રોહનો કેસ અને અન્ય પાટીદાર યુવાનો પર કરવામાં આવેલા ખોટા કેસો મામલે પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં હાજર રહેલા હાર્દિક પટેલના પત્ની કિંજલ પટેલે જણાવ્યું કે, આ પરિવારમાં મને સ્થાન મળ્યું તેનો આભાર માનું છું. હજુ પણ ૫૦ ટકા સફળતા મળવાની બાકી છે. આપણા યુવાનો પર ખોટા કેસો કરવામાં આવ્યા છે. ૧૮ જાન્યુઆરીથી હાર્દિક ઘરે આવ્યા નથી. આ સમયમાં આપણે બધાએ એક થઈ લડવાની જરૂર છે. બધાના મંતવ્ય ભલે અલગ હોય પણ મંજીલ એક હોવી જોઈએ. સમાજની વાત આવે ત્યારે ભાજપ-કોંગ્રેસ છોડી એક થવું જોઈએ.

મહાશિવરાત્રીમાં સોમનાથ મંદિરે ૪૨ કલાક દર્શન થશે, ત્રિદિવસીય રંગમહોત્સવ યોજાશે

વેરાવળ

મહાશિવરાત્રીને આડે થોડા દિવસોની વાર છે ત્યારે જૂનાગઢની સાથે સોમનાથમાં પણ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શિવરાત્રી દરમિયાન મંદિર ૪૨ કલાક સુધી ખુલ્લુ રહેશે અને ભક્તો મહાદેવના દર્શન કરી શકશે. ભોળાનાથના મહાપર્વ મહાશિવરાત્રી અંગે ભારતના બાર જ્યોર્તિલિંગમાંનું પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ મંદિર છે. ત્યારે મહાશિવરાત્રીને લઈ સચિવ પ્રવિણ લહેરી તથા જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા દ્વારા વિવિધ આયોજનો કરાય રહ્યા છે. જેમાં શિવપર્વનો પ્રારંભ તા. ૨૦ ફેબ્રુઆરીથી ૨૩ ફેબ્રુઆરી સુધી સોમનાથ મહાદેવના સાંનિધ્યે અખિલ ભારતીય કલા સંસ્થા સંસ્કાર ભારતી ઉપક્રમે ત્રિ-દિવસીય રાષ્ટ્રીય લોકરંગ મહોત્સવ યોજાશે.

જેમાં ભારતના ૨૯ રાજ્યોના ૬૩૦ જેટલાં આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત લોક કલાકારો લોક સંસ્કૃતિની વિવિધ કૃતિઓ રજૂ કરશે. જેતા. ૨૦થી સતત ૭૨ કલાક ચાલનારા આ મહોત્સવ સોમનાથ આંગણે યોજાશે. સોમનાથ મહાદેવ મંદિર મહાશિવરાત્રીએ સવારે ૪ વાગ્યે ખુલશે જે તા. ૨૨ ફેબ્રુઆરી રાત્રે દસ વાગ્યે દર્શન બંધ થશે. એટલે કે મંદિર દર્શનાર્થીઓ માટે સતત ૪૨ કલાક ખુલ્લું રહેશે. મહાશિવરાત્રીએ સોમનાથ મહાદેવ મંદિર ધ્વજારોહણ, ચાર પ્રહર પૂજા, મહામૃત્યુંજય જાપ, અનુષ્ઠાનો અને સંધ્યા શણગાર તથા સવારે સોમનાથ મહાદેવની પાલખી સાથેની શોભાયાત્રા, ધૂન, ભજન અને વેદમંત્રો સાથે સોમનાથ મહાદેવ મંદિરની પ્રદક્ષિણા કરશે. સમગ્ર સોમનાથ મંદિરને ફૂલોના શણગારથી સુશોભિત કરાશે.

સરકારે અમદાવાદની બે ડ્રાફ્ટ અને બે ફાઈનલ સહિત ૭ ટીપી મંજૂર કરી

અમદાવાદ

રાજ્ય સરકારે વધુ ૭ ટીપી મંજૂર કરી છે. મુખ્યમંત્રી રૂપાણીએ નગરોના સુગ્રથિત વિકાસની પ્રતિબદ્ધતા સાથે વર્ષ ૨૦૨૦ના પ્રથમ બે માસમાં જ ૭ ટીપી અને ૧ ફાઈનલ ડીપી યોજનાઓ તેમજ વિજાપુર ડેવલપમેન્ટ પ્લાન સહિત કુલ-૮ યોજના મંજૂર કરી છે. મુખ્યમંત્રીએ અમદાવાદની ૨ ડ્રાફ્ટ ટીપી તથા ૨ ફાઈનલ ટીપી તેમજ અમદાવાદ-મહેસાણા અને ભાવનગરની ૧-૧ એમ ૩ પ્રિલિમિનરી ટીપી મળી કુલ ૭ તથા વિજાપુર નગરના ડેવલપમેન્ટ પ્લાનને એક જ દિવસમાં અંતિમ મંજૂરી આપી છે. તેમણે અમદાવાદની ૨ ડ્રાફ્ટ ટીપી સ્કીમ ૪૧૮ (ગામડી-રોપડા) તેમજ ટીપી ૧૫૨ (સાંતેજ-રકનપુર) અને ફાઈનલ ટીપી સ્કીમ ૫૩(બી) શીલજ અને ૧૦૩(નિકોલ)ને મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ લાંબા સમયથી અટવાયેલી મહેસાણાની પ્રિલિમિનરી ટીપી સ્કીમ નં.૪, અમદાવાદની પ્રિલમિનરી ૮૮ (વટવા-૨) તથા ભાવનગર શહેરની ટીપી સ્કીમ નં-૯ (રૂવા) પણ મંજૂરી કરી છે. મુખ્યમંત્રીએ શહેરોના અદ્યતન અને સુવિધાયુક્ત વિકાસને વેગ આપવા અમદાવાદની ૨ ડ્રાફ્ટ ટીપી સ્કીમ ૪૧૮ અને ૧૫૨ મંજૂર કરી છે, પરિણામે અમદાવાદ શહેરથી પ્રમાણમાં દૂરના ગામો ગામડી, રોપડા, સાંતેજ અને રકનપુરમાં પણ સુઆયોજીત વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝનો લાભ મળશે.

લગ્નમાં આવેલા પરિવારની કારમાંથી ટાબરિયા ગેંગ દાગીના અને રોકડ ચોરી ગયા

વડોદરા

લગ્ન સરા દરમિયાન પાર્ટી પ્લોટો તેમજ મેરેજ હોલની બહાર પાર્ક થતાં વાહનોમાંથી ટાબરિયા ગેંગ દ્વારા સામાન ચોરીના બનાવો વારંવાર બનતા હોય છે. આવા જ એક બનાવમાં એક પરિવારે દાગીના રોકડ ગુમાવ્યા હતા.

મકરપુરાના અમૃતપાર્કમાં રહેતા દીપકભાઈ પારેખે પોલીસે જણાવ્યું છે કે, ગઈકાલે દુમાડ ચોકડી નજીક લીમ્બચ માતાના મંદિર પાસે મારા સાઢુભાઈના પરિવારમાં લગ્ન હોવાથી અમે કાર બહાર પાર્ક કરી હતી.

રાત્રે ઘેર જવા નીકળ્યા ત્યારે કારનો કાચ તૂટેલો હતો તેમજ અંદરથી દાગીના અને રોકડા રૂ. ૫ હજાર મળી રૂપિયા સવા લાખની મતાવાળુ પર્સ ગુમ હતું. આ અંગે સમા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

એલઆરડી ભરતી આંદોલન મામલે સરકાર ઝૂકી, જૂનો પરિપત્ર રદ થશે

અમદાવાદ

એલઆરડી ભરતી મામલે થઈ રહેલા વિવાદને કારણે રાજ્ય સરકારે ૧-૮-૧૮નો પરિપત્ર રદ કર્યો છે. હવે તેમાં સુધારો કરી નવો પરિપત્ર કરવામાં આવશે. છેલ્લા બે મહિનાથી સરકારી નોકરીઓમાં જનરલ કેટેગરીની મહિલાઓ માટે અનામત રાખેલી બેઠકો પર યોગ્ય ઉમેદવાર ન મળતા ખાલી રહેલી બેઠકો ભરવા અંગે વિવાદ વકરી રહ્યો છે. આ બેઠકોને જનરલ કેટેગરીના પુરુષ ઉમેદવારો વડે ભરવાના ૧ ઓગસ્ટ ૨૦૧૮ના જીએડીના પરિપત્ર સામે રાજ્યભરમાં વિરોધ થઈ રહ્યો છે. આ પરિપત્રને લીધે એલઆરડી ભરતી પ્રક્રિયાથી વિવાદનો મધપૂડો છેડાયો હતો. આ પરિપત્રનો માલધારી, આદિવાસી, મહિલાઓ, ઓબીસી-એસસી અને એસટી સમાજના ઉમેદવારો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. તેમજ ઓબીસી-એસસી અને એસટી સમાજના ઉમેદવારોની માગણી છે કે, મહિલાઓ માટે અનામત રખાયામાંથી ખાલી રહેલી બેઠકો જનરલ કેટેગરીના પુરુષ ઉમેદવારોથી નહીં પરંતુ અનામત કેટેગરીની મહિલાઓથી ભરવી જોઈએ.

૧ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ કરવા જીએડી દ્વારા કરવામાં આવેલા આ પરિપત્રના મુદ્દા નં. ૧૨ અને ૧૩ની જોગવાઈઓ અંગે હાલ વિવાદ ઉભો થયો છે. આ પરિપત્ર મુજબ, મેરિટના આધારે અનામતવાળી મહિલા પસંદગી પામે તો તેને અનામતના ક્વોટામાં જ ગણવાનો ઉલ્લેખ છે. જેની સામે આ મહિલાઓ આંદોલન પર ઉતરી છે.

ડાંગ દરબારના મેળામાં ગ્રામીણ ઓલમ્પિકસનું ભવ્ય આયોજન

આગામી માર્ચ ૨૦૨૦માં ડાંગ દરબાર યોજાશે

આહવા

જિલ્લા રમત-ગમત અધિકારીશ્રી આહવા-ડાંગ દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૦ માં આહવા ખાતે ડાંગ દરબારના મેળામાં માર્ચ-૨૦૨૦ દરમિયાન અગિયારમાં ગ્રામીણ ઓલમ્પિકસનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ ગ્રામીણ ઓલમ્પિક્સ ડાંગ દરબારના મેળાના દિવસો દરમિયાન પોલીસ પરેડ ગ્રાઉન્ડ આહવા ખાતે યોજવામાં આવનાર છે. જેમાં ભાઇઓ ૮૦ મી. દોડ, લાંબીકુદ, ગોળાફેંક, ઉંચીકુદ, લાંબીદોડ (પર્વતીયાળ વિસ્તાર) કબડ્ડી, ખો-ખો જેવી પરંપરાગત રમતોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. ગ્રામીણ ઓલમ્પિક્સમાં ભાગ લેવા ઇચ્છતી જિલ્લાની ટીમોની તેમજ ઇચ્છુક રમતવીરોની એન્ટ્રીઓ, જીલ્લા રમતગમત અધિકારીશ્રી,આશ્રમરોડ,ડાંગ ક્લબ આહવા,જી.ડાંગ ૩૯૪૭૧૦ (ફોન નં. ૦૨૬૩૧ ૨૨૧૩૭૫) ને તા.૨૨/૦૨/૨૦૨૦ સુધીમાં સમયસર મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. આ અંગેના એન્ટ્રીફોર્મ જે તે જિલ્લાના રમતગમત અધિકારીશ્રીની કચેરી ખાતેથી મેળવી લેવા જિલ્લા રમતગમત અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

અમરોલી કોલેજમાં લાંચ રૂશ્વત વિરોધમાં માર્ગદર્શક સેમિનાર

સુરત

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,જિલ્લા ન્યાયાલય સુરત અને લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો સુરતના સંયુક્ત ઉપક્રમે અમરોલી કોલેજ ખાતે બંધારણ દિવસ/કાનૂની માર્ગદર્શન અને લાંચ રૂશ્વત વિરોધી અભિયાન અંતર્ગત સેમિનાર યોજાયો હતો.

આ પ્રસંગે લાંચ રૂશ્વત સુરત એકમના પોલીસ ઈન્સ્પેકટર આર.કે.સોલંકીએ જણાવ્યું હતું કે, કોઈ પણ સરકારી કચેરીઓમાં કામ કરવા માટે લાંચની માંગણી કરવામાં આવે તો નિર્ભિક બનીને ફરિયાદ કરવાનો અનુરોધ કર્યો હતો. ભ્રષ્ટાચારને અકુંશમાં રાખવા પ્રત્યેક યુવાઓએ જાગૃત બની તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ કરવા શ્રી સોલંકીએ જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે કયાં ફરિયાદ કરવી, લાચ રૂશ્વત માટેની સજાની જોગવાઈઓ વિશે કોલેજના યુવાઓને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાંથી પ્રદિપભાઇ શિરસાઠ, રીલેશભાઈ લિંબાચીયાએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાંથી મળતી વિનામૂલ્યે સહાયની વિગતો પુરી પાડી હતી.

કોન્ટ્રાક્ટરોના પડતર પ્રશ્નોનું ઝડપી નિવારણ લાવવા ગૃહમંત્રીને રજૂઆત કરાઈ

ગાંધીનગર

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડના કામ કરતા ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસીએશનના કોન્ટ્રાક્ટરોને રાજ્યના વિવિધ શહેરો જેવા કે, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, મહેસાણા, ભૂજ, નડિયાદ, વલસાડ, દાહોદમાં પોલીસ આવાસ નિગમ લિમિટેડના ચાલુ કામોમાં ટેન્ડરની શરતો બહારનું કામ કરવા દબાણ કરવામાં આવે છે, તેમજ અન્ય ડિપાર્ટમેન્ટના ચીફ એન્જીનીયરને સાઈટો ઉપર બોલાવી ચાલુ કામોમાં બીનજરૂરી વાંધાવચકા નીકાળી, ગેરવાજબી વાતો કરી કાયદાની ગૂંચમાં ફસાવી દેવાની વાતો કરી કનડગત કરવામાં આવે છે.

તે સિવાય ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસીએશનના કોન્ટ્રાક્ટરોને તેમના ચાલુ કામોમાં જથ્થાવધારો અને ગત ચોમાસામાં ગુજરાત રાજ્યમાં થયેલા ભારે વરસાદના કારણે સમયમર્યાદાની વિકટ મુશ્કેલીનો ગંભીર પ્રશ્ન સતાવી રહ્યો છે.

આ બાબતે નિગમના કોન્ટ્રાકટરો દ્વારા અવાર નવાર નિગમના મેનેજીંગ ડીરેકટરને રૂબરૂ તથા લેખિતમાં રજૂઆત કરી જાણ કરેલી છે. પરંતુ તેમના તરફથી કોઈ યોગ્ય પ્રતિસાદ મળેલ નથી એટલે તમામ કોન્ટ્રાકટર મિત્રો દ્વારા ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસીએશનના પ્રમુખ સમક્ષ આ બાબત અંગે રજૂઆત કરવામાં આવી હતી. ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસીએશનના પ૦થી વધુ કોન્ટ્રાક્ટરોએ કરેલી રજૂઆત સંદર્ભે ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસીએશનના પ્રમુખશ્રીએ ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડના કામ કરતા કોન્ટ્રાક્ટરોને તેમની સાઈટો ઉપર નડતા પડતર પ્રશ્નો અને થતી મુશ્કેલીઓનું ઝડપી નિવારણ લાવવા અંગે ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા, હોમસેક્રેટરી સહિત ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડના ચેરમેન અને મેનેજીંગ ડીરેકટરને પત્ર લખી રજૂઆત કરી છે.

૧૮ વર્ષની વિદ્યાર્થીનીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર મચી

ભુજ

ભુજના આંબેડકર છાત્રાલયમાં ૧૮ વર્ષની વિદ્યાર્થીનીએ ગળાફાંસો ખાધો હોવાની ચોંકાવનારી ઘટના બની છે. આ યુવતી ભુજના ભુજોડીની રહેવાસી હતી. આ આપઘાત પાછળનું કારણ અત્યારે અકબંધ છે. આ મામલે એ ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ટીનેજર વિદ્યાર્થીઓના સુસાઈડમાં વધારો થયો છે એ ચિંતાનો વિષય છે. હાલમાં વડોદરાના સાવલી કે.જે.આઈ.ટી. કોલેજમાં મિકેનીકલ એન્જિનીયરના બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી રોનક વશીએ હોસ્ટેલમાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા સમગ્ર કેમ્પસમાં ચકચાર મચી ગઈ હતી. આ યુવકે સુસાઈડ કર્યો હોવાનું પહેલી નજરે લાગે છે પણ તેના પરિવારજનોએ રોનકની હત્યા કરવામાં આવી હોવાની શંકા વ્યક્ત કરી છે. જોકે ખરી હકીકત તો પોસ્ટમોર્ટમ રિપોર્ટ પછી જ ખબર પડશે.

ગણતરીના દિવસો પહેલાં સુરત ખાતે આવેલી વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલી સમરસ હોસ્ટેલમાં પણ સુસાઈડ કેસ બન્યો હતો. બીઈના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ હોસ્ટેલમાં પરીક્ષાના દિવસે જ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ ભાવનગરનો નિવાસી દિપક બોરિયા નામનો વિદ્યાર્થી વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીમાં બીઈના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરી રહ્યો હતો. દિપક યુનિવર્સિટીની જસમરસ હોસ્ટેલના ૪૦૫ નંબરના રૂમ રહેતો હતો. યુવકની બીઈના ત્રીજા વર્ષની પરીક્ષાનું પહેલું પેપર સોમવારના રોજ હતું. યુવકે પરીક્ષા પહેલા જ પોતાના રૂમની અંદર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા હોસ્ટેલ તથા યુનિવર્સિટીમાં ચકચાર મચી ગઈ હતી.

મહાશિવરાત્રીએ અમિત શાહનાં હસ્તે સુરસાગર તળાવનું લોકાર્પણ કરાશે

વડોદરા

વડોદરા પાલિકા દ્વારા ૩૫ કરોડના ખર્ચે નવીનીકરણ કરેલ સુરસાગર તળાવનું લોકાર્પણ દેશના ગૃહમંત્રી અમિત શાહ કરવાના છે. ૨૧ ફેબ્રુઆરી મહાશિવરાત્રીના રોજ સુરસાગર તળાવ પર ગૃહમંત્રી અમિત શાહ મહાઆરતી ઉતારશે. જેના પગલે સુરસાગર તળાવ પર કામગીરીનું નિરીક્ષણ કરવા રાજ્ય કક્ષાના મંત્રી યોગેશ પટેલ, મેયર જીગીશા શેઠ અને મ્યુનિસિપલ કમિશનર નલિન ઉપાધ્યાય અધિકારીઓ અને હોદેદારો સાથે પહોંચ્યા. મહાશિવરાત્રીના દિવસે વડોદરામાં શિવજીની ભવ્ય સવારી નીકળે છે, જેમાં હજારોની સંખ્યા માં ભક્તો જોડાય છે.

શિવ કમિટીના સભ્યો યોગેશ પટેલ અને સાંસદ રંજન ભટ્ટ દ્વારા ગૃહમંત્રી અમિત શાહને દિલ્હીમાં જઈ મહાઆરતીમાં પધારવા આમંત્રણ આપ્યું હતું. જે આમંત્રણને ગૃહમંત્રીએ સ્વીકાર્યું છે. શાહ વડોદરાના મહેમાન બનાવાનાં છે. જો કે મહત્વની વાત છે કે સુરસાગર તળાવમાં મહાદેવની સૌથી મોટી પ્રતિમા આવેલી છે. સુરસાગર તળાવમાં પાલિકાએ ચાલવા ફરવા માટેની જગ્યા બનાવી છે. લોકો પિકનિક માટે આવે તેવો સ્પોટ પણ તૈયાર કર્યો છે. તળાવની ફરતે ફુવારા અને રંગબેરંગી લાઈટો પણ લગાડી છે.

પાલિકાએ ૧૮ ફેબ્રુઆરી સુધી સુરસાગર તળાવનું કામ પૂર્ણ કરવા માટે કોન્ટ્રાક્ટરને આદેશ કર્યો છે, ત્યારે કામગીરી ક્યાં સુધી પહોંચી તેનું નિરીક્ષણ કરવા અધિકારીઓ અને હોદેદારો પહોંચ્યા હતા. યોગેશ પટેલે કહ્યું કે, ગૃહમંત્રી અમિત શાહ મહાઆરતી કરશે સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ હાજર રહેશે. તો મેયર એ કહ્યું કે સુરસાગર તળાવ વડોદરાવાસીઓ માટે નવું નજરાણું બનશે.

આઉટર રીંગરોડનો રસ્તો ખુલ્લો કરવા સુડા- મહાનગર પાલિકાની કાર્યવાહી

સુરત

મિડલ રિંગરોડ બાદ હવે ૬૩ કિલોમીટર લંબાઈમાં આઉટર રિંગરોડનો ઝડપથી વિકાસ કરવા માટે સુડા તેમજ મહાનગર પાલિકાએ ગઈ કાલે પોલીસ બંદોબસ્ત સાથે રાખી કાર્યવાહી હાથ ધરી છે. આઉટર રિંગ રોડ બનાવવા માટેના રસ્તા ખુલ્લા કરવાની કામગીરી મનપા ઝડપથી કરી રહી છે. જે અંતર્ગત આજે મનપા દ્વારા ૯૦ મીટરના આઉટર રિંગરોડમાં ૯૪૩ મીટર બાઈમાં આશરે ૯,૩૧,૨૦૧ ચો.ફુટનો કબજો લેવામાં આવ્યો હતો. શહેર બહારના વિસ્તારોને આવરી લઈને આઉટર રિંગરોડ બનાવવાનો પ્રોજેક્ટ બનાવાયો છે. જેમાં સુડાની ૮ અને મનપાની ૩ ટીપી સ્કીમોમાંથી પરાર થનાર આઉટર રિંગરોડ માટે મહા નગર પાલિકાની ટીપી સ્કીમોમાં એક એક ટીપીમાં ૧૦૦થી ૧૫૦ જેટલી જમીનો આવેલી છે. જેના કબજાઓ મનપા મેળવી રહી છે. આજે વરાછા ઝોન બી વિસ્તારમાં ટીપી ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા), બ્લોક નં. ૫૯/એ થી ૯૧/એ તેમજ ૯૪ પૈકીથી ૯૯માં ૯૦ મીટર આઉટર રિંગરોડમાં ૯૪૩ લંબાઈમાં આશરે ૯,૧૩,૨૦૧ ચો.ફુટમાં પોલીસ બંદોબસ્ત સાથે જમીનનો કબજો લેવામાં આવ્યો છે.

સબંધને નિભાવવા માટે અમે તો સાવ નમી ગયા ચહેરો શું ગમી ગયો તમે તો ભાવ ખાતા થઈ ગયા

'આલય આમ આળસુ બનીને ક્યાં સુધી સૂઈ રહીશ. પથારીમાંથી ઊભો થા અને મોર્નિંગ વોક માટે જા' તેમ આલયના માતા કહે છે ત્યારે આલય પથારીમાંથી ઊભો થાય છે અને કહે છે કે હું આજે તમારા કહેવાથી મોર્નિંગ વોક માટે જઉં છું પરંતુ કાલથી મને શાંતિથી સુવા દેજો. આલય થોડીવારમાં જ તૈયાર થઈ જાય છે. રસ્તો સૂમસામ છે અને સૂર્યોદય થવાને હજુ થોડી વાર છે આવા સમયે આલય નામનો યુવક મોર્નિંગ વોક માટે નીકળે છે અને તેની નજર સોનાલી નામની યુવતી પર પડે છે. આલયને પહેલી નજરે જ સોનાલી ગમી જાય છે. મોર્નિંગ વોકનો પહેલો દિવસ હોવાથી આલય સોનાલીની વધુ નજીક જવાનું ટાળે છે અને થોડા સમય પછી ઘરે પરત આવે છે. પરંતુ ઘરે આવ્યા પછી પણ આલય સોનાલીના ચહેરાને ભૂલી શકતો નથી. આલય ઘરેથી કોલેજ જવાના બદલે સોનાલીને જે રસ્તા પર જોઈ હતી ત્યાં પહોંચી જાય છે અને ચારે બાજુ સોનાલીને શોધવા લાગે છે. કોલેજ જવાનો સમય થતા સોનાલી ઘરેથી નીકળે છે અને રસ્તામાં જ આલયની નજર સોનાલી પર પડી જાય છે. પછી તો આલય સોનાલીનો પીછો કરે છે અને તેની કોલેજ સુધી પાછળ પાછળ પહોંચી જાય છે. સોનાલી ક્લાસરૂમમાં જતી રહે છે પરંતુ આલય કોલેજ કેમ્પસમાં જ બેસીને સોનાલી વિષે માહિતી મેળવવા લાગે છે. પછી તો આવો નિત્યક્રમ બની જાય છે કે મોર્નિંગ વોકમાં સોનાલીની આગળ પાછળ આલય હોય અને સોનાલી કોલેજ જાય ત્યારે આલય તેની પાછળ કોલેજ સુધી પહોચી જાય. સોનાલીનો ચહેરો જોયા પછી જ આલય તેની કોલેજમાં અભ્યાસ કરવા માટે જાય છે અને સોનાલી છુટે તે પહેલા કોલેજના દરવાજા બહાર સોનાલીની ઝલક નિહાળવા માટે પહોચી જાય છે. થોડા મહિનાઓ સુધી આવુ ચાલ્યા કરે છે અને સોનાલીની ઝલક નિહાળીને આલય ખુશ થઈ રહ્યો છે પરંતુ સોનાલીને ખબર પડી જાય છે કે કોઈ યુવક તેનો પીછો કરી રહ્યો છે. સોનાલી જ્યારે માહીતી મેળવે છે ત્યારે તેને ખબર પડે છે કે આ યુવક આલય છે અને તેની બાજુની કોલેજમાં જ અભ્યાસ કરી રહ્યો છે. સોનાલીએ પણ જાણી જાય છે કે આલય તેને પ્રેમ કરી રહ્યો છે.

મોર્નિંગ વોક દરમ્યાન આલય સોનાલીની સાથે વાતચીત કરવાની તક શોધી રહ્યો હોય છે. એક દિવસ આલય હિમ્મત કરીને સોનાલી પાસે પહોંચી જાય છે અને કહે છે કે, તમે ખુબ જ હેલ્થી છો અને ફીટ છો. તમાને નિહાળીને જ મને મોર્નિંગ વોક પર આવવાની પ્રેરણા મળી છે. આ સાંભળીને સોનાલી કહે છે કે, હું તમને બહુ ઓળખતી નથી ફક્ત તમે રસ્તા પર જોવા મળી જાવ છો આટલી જ ઓળખાણ છે. આલયે કહ્યુ કે, હું તમારી કોલેજની બાજુની કોલેજમાં જ અભ્યાસ કરી રહ્યો છુ અને તમારા ઘરથી પણ નજીકમાં જ રહુ છુ. ત્યારે આશ્ચર્ય સાથે સોનાલીએ કહ્યુ કે, ઓહ... ખુબ જ સરસ. અત્યાર સુધી આપણે તો નજીકમાં રહેવા છતાં પણ અજાણ્યા જ રહ્યા. આ સાંભળીને આલયથી બોલાય ગયુ કે, તમે મારા માટે સહેજ પણ અજાણ્યા નથી. તમે ક્યાં રહો છો અને આખો દિવસ શું કરો છો તેનાથી હું સંપુર્ણપણે પરીચિત છું. સોનાલીએ ફરી આશ્ચર્યથી પુછ્યુ કે, મારા વિશે આટલી પાક્કી માહીતી ક્યાથી લાવ્યા? ત્યારે આલયે



કહ્યુ કે, હું આપને મારા મિત્ર માનુ છુ અને એક મિત્ર બીજા મિત્રની જાણકારી નહી રાખે તો કોણ રાખશે. આ સાંભળીને સોનાલી ખડખડાટ હસવા લાગે છે અને બન્ને છુટા પડે છે. પછી તો આલય અને સોનાલ અવાર નવાર મોર્નિંગ વોક દરમ્યાન અને કોલેજમાં મળતા રહે છે અને વાતચીત કરતા રહે છે. સતત સંપર્ક અને વધુ સમય સાથે પસાર કરવાના કારણે આલય અને સોનાલી વધુ નજીક આવવા લાગે છે. નિત્યક્રમ મુજબ સોનાલી કોલેજમાંથી બહાર નિકળી રહી છે ત્યારે આલય



તેની પાસે પહોંચી જાય છે અને કહે છે કે, આજે આપણે ફિલ્મ જોવા સાથે જઈએ. આલય દેખાવમાં ખુબ સારો અને સ્વભામમાં વિનમ્ર હોવાથી સોનાલીને પણ ગમવા લાગે છે એટલે તે ફિલ્મ જોવા જવા માટેની હા પાડે છે. બન્ને ફિલ્મ જોવા માટે નજીકમાં મલ્ટીપ્લેક્ષમાં પહોંચે છે અને ફિલ્મ નિહાળ્યા પછી રેસ્ટોરન્ટમાં નાસ્તો કરીને છુટા પડે છે. એક વખત સાથે ફિલ્મ જોવા ગયા પછી તો સોનાલી આલય પાસે અવાર નવાર મલ્ટીપ્લેક્ષ, હોટલ, મોલમાં જવાની માંગણી કરી રહી છે અને આલયના પૈસે મજા મણી રહી છે. આલય સોનાલીના પ્રેમમાં પાગલ થઈને ભાન ભુલી જાય છે અને મિત્રોની સાથે રહેવાના બદલે સોનાલીની આગળ પાછળ જ ફર્યા કરે છે. તો બીજી બાજુ સોનાલી તેના નાનામાં નાના કામ માટે આલયની મદદ લઈ રહી છે અને આલય પર સંપુર્ણ નિર્ભર થઈ જાય છે. કોલેજના છેલ્લા વર્ષમાં વેલેન્ટાઈન વીક દરમ્યાન રોઝ ડે, પ્રપોઝ ડે, ચોકલેટ ડે, ટેડી ડે, પ્રોમિસ ડે, કિસ ડે, હગ ડે, વેલેન્ટાઈન ડેના નામ પર સોનાલી આલય પાસે ખુબ જ ખોટા ખર્ચાઓ કરાવી રહી છે અને આ દરમ્યાન આલયના મિત્રો તેને ખુબ સમજાવે છે છતાં પણ તે સોનાલીના પ્રેમને પમાવા માટે સોનાલી કહે તે જ કરી રહ્યો છે. કોલેજનો અભ્યાસ પુર્ણ થયા પછી થોડા મહિનાઓ સુધી તો આલયને મળવા માટે સોનાલી આવી રહી છે. પરંતુ પરીવાર દ્વારા યોગ્ય યુવક પસંદ કરી સોનાલીની સંમતીથી લગ્ન નક્કી કરવામાં આવે છે. પોતાના લગ્નના દિવસો નજીક આવી રહ્યા હોવા છતાં પણ સોનાલી આલયને લગ્ન વિશે કોઈ જ વાત કહેતી નથી. આલય જ્યારે મળવા બોલાવે ત્યારે કોઈને કોઈ બાહનું કાઢીને સોનાલી આલયને મળવાનું ટાળી રહી છે. સોનાલીના વર્તનમાં પરીવર્તન અને સતત અવગણના થવાથી આલય હતાશ થઈ જાય છે. આવા આપત્તિના સમયે આલયના મિત્રો જ તેને સંભાળે છે અને કહે છે કે, આલય તે સોનાલીને સાચા મનથી જ પ્રેમ કર્યો છે પરંતુ સાનોલી એ ફક્ત તારો ઉપયોગ જ કર્યો છે. સોનાલી તને પ્રેમ કરતી જ નથી અને તેના લગ્ન પણ નિશ્ચિત થઈ ગયા છે. આ સાંભળીને આલય ભાંગી પડે છે અને મિત્રોની સલાહ ન માનવાનો પસ્તાવો કરી રહ્યો છે. આલય સોનાલીને ફોન કરીને કહે છે કે જો તું આજે મને મળવા માટે નહી આવે તો હું તારા ઘરે આવીને આપણી સઘળી હકીકત બધાને કહી દઈશ. જેથી સોનલ સાંજના સમયે આલયને મળવા માટે આવે છે. આલય કહે છે કે, તમે મારી સાથે પ્રેમના નામે વિશ્વાસઘાત કેમ કર્યો? ત્યારે સોનાલી કહે છે કે, મે કોઈ વિશ્વાસઘાત નથી કર્યો અને કોલેજના અભ્યાસ દરમ્યાન મેં તને પ્રેમ આપ્યો જ છે અને સાથે મજા પણ કરી છે. પરંતુ એ કોલેજના દિવસો હતા અને આ મારી જીંદગીનો પ્રશ્ન હોવાથી હું લગ્ન કરી રહી છું. હું લગ્ન કરીને નવી જીંદગી શરૂ કરી રહી છુ અને તું પણ લગ્ન કરીને મેને ભુલી જજે. આલય કહે છે કે, "સબંધને નિભાવવા માટે અમે તો સાવ નમી ગયા, ચહેરો શું ગમી ગયો તમે તો ભાવ ખાતા થઈ ગયા" પછી તો આળયને ક્યારેય સોનાલી મળતી નથી અને આલય થોડા વર્ષો પછી સામાજીક રીતિ રીવાજથી લગ્ન કરી લે છે. તેમ છતાં પણ આલયને કોલેજ દરમ્યાન થયેલ પ્રેમનો પસ્તાવો આજીવન રહે છે.

સેન્ટ્રલ ઝોને મિલ્કતો સીલ કરી દેતા મિલ્કતદારો દોડતા થયા

કડકાઈ પૂર્વક રૂ. ૧.૯૧ કરોડની વેરા વસુલાત

સુરત

સુરત મહાનગર પાલિકાનાં આકારણી અને વસુલાત વિભાગ સેન્ટ્રલઝોન દ્વારા બાકી મ્યુનિસિપલ વેરા બાબતે સઘન ઝુંબેશ તા.૨૪/૦૧/૨૦૨૦ થી તા.૦૮/૦૨/૨૦૨૦ દરમ્યાન હાથ ધરતાં બાકી મિલકતદારો પૈકી વોર્ડ નં. ૧ થી ૧૨માં આવેલ વિસ્તારો નાનપુરા મેઈન રોડ, સગરામપુરા, સલાબતપુરા, બેગમપુરા, હરીપુરા, મહિધરપુરા, સ્ટેશન રોડ, સૈયદપુરા, નાણાવટ, શાહપોર માં આવેલ કુલ – ૧૨૨ મિલકતોને શીલ કરવામાં આવેલ તેમજ સદર વેરા વસુલાત ઝુંબેશ દરમ્યાન કુલ રૂા. ૧,૯૧,૪૯,૧૩૭– વસુલ કરવામાં આવેલ છે.

તેમજ તા. ૧૩/૦૧/૨૦૨૦ થી તા. ૨૩/૦૧/૨૦૨૦સુધીમાં સેન્ટ્રલઝોનની કુલ –૭૯ મિલકતોને શીલ કરવામાં આવેલ ત્યારબાદ તા. ૨૪/૦૧/૨૦૨૦ થી તા. ૦૮/૦૨/૨૦૨૦ સુધીમાં કુલ –૧૨૨ મિલકતોને શીલ મારવામાં આવેલ અને કુલ– ૨૦ મિલકતમાં નળ કનેકશન કાપવાની કામગીરી કરવામાં આવેલ. જેથી જે કરદાતાનો મ્યુ. ટેક્ષ બાકી હોય તેઓએ નળ કનેકશન, ડ્રેનેજ કનેકશન તથા મિલકત સીલ થવાની કાર્યવાહીથી બચવા અનુરોધ કરવામાં આવે છે.

અઠવા ઝોન દ્વારા વધુ ૨૮ મિલ્કતો સીલ

સુરત મહાનગર પાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૮-૨૦૨૦ના મ્યુનિસિપલ મિલકતવેરાની ઘનિષ્ઠ વસુલાત માટે પગલા લેવામાં આવેલ છે. અઠવાઝોન સંલગ્ન વિસ્તારમાં તા.૦૮/૦૨/૨૦૨૦ અને તા.૦૯/૦૨/૨૦૨૦ના રોજ સઘન વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ તેમજ આજ રોજ કુલ–૨૮ મિલ્કત સીલ કરતાં કુલ રૂા. ૧,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક કરોડ પુરા) જેટલી મિલકતવેરાની વસુલાત કરવામાં આવેલ છે.

અંકલેશ્વરની વિઝન સ્કુલમાં એન્યુઅલ ફંકશન યોજાયું

અંકલેશ્વર

અંકલેશ્વર ખાતે આવેલી વિઝન સ્કુલમાં રવિવારના રોજ એન્યુઅલ ફંકશનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં વાલીઓ વિદ્યાર્થીઓ સહિત શિક્ષકો અને ટ્રસ્ટીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

અંકલેશ્વરની વિઝન સ્કુલમાં ૧૪૦૦ જેટલાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ એન્યુઅલ ફંકશનની વિશેષતા એ રહી હતી કે આટલા વિદ્યાર્થીઓ પૈકી ૮૫૦ જેટલા વિદ્યાર્થીઓએ કલ્ચરલ એક્ટિવિટી અર્થાત સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે અંકલેશ્વર-હાંસોટ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય તેમજ રાજ્યના સાંસ્કૃતિક અને રમત-ગમત વિભાગના મંત્રી ઈશ્વરસિંહ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અંકલેશ્વર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સંદીપ પટેલ, દક્ષેશ પેટ્રોકેમ ના ડિરેક્ટર દિનેશભાઈ પટેલ, સુરતની નોબલ સ્કૂલના ટ્રસ્ટી ચેતન સાવલિયા અને પ્રશાંત ગોંડલીયા ઉપરાંત વિઝન સ્કુલના મુખ્ય ટ્રસ્ટી મનીષ આહુજા તેમજ શીતલ આહુજા સહિત મોટી સંખ્યામાં વાલીઓ અને આચાર્ય તેમજ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

આચાર્ય દ્વારા શાળાની દર વર્ષની સાંસ્કૃતિક, રમતગમત સહિતની પ્રવૃત્તિઓની રૂપરેખા જણાવવામાં આવી હતી. ત્યારબાદ નોંધનીય બાબત એ હતી કે શાળાના ૧૪૦૦ વિદ્યાર્થી પૈકી ૮૫૦ વિદ્યાર્થીઓએ ૩૪ થી પણ વધુ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી હતી જેને ઉપસ્થિત મહેમાનોએ બિરદાવી હતી.



સુરત શહેરની સડકો પર દોડતી સિટી બસ સ્ટેન્ડ બહાર વિવિધ ચીજ-વસ્તુઓનું વેચાણ થતું હોવાનું તસવીરમાં પ્રતીત થાય છે. સ્ટેન્ડ પાસે જ બજાર શરૂ કરી દેવાતા સિટી બસ ત્યાં સુધી પહોંચી શકતી નથી.

સુરત શહેર જિલ્લા કોળી પટેલ ડોકટર્સ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

સુરત

શહેરના ભેંસાણ વિસ્તારના વાલિબા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે શહેર - જિલ્લાના કોળી પટેલ ડોક્ટર્સોની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું. જેમાં છ ટીમોએ ભાગ લીધો હતો.આ ટુર્નામેન્ટમાં એવરશાઈન ટીમ વિજેતા જાહેર થવા પામી હતી.



શહેર - જિલ્લાના કોળી પટેલ સમાજના ડોક્ટર્સો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગત તા.૯મી ફેબ્રુઆરીના રોજ ભેંસાણ ખાતે આવેલા વાલીયા ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર એક ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ડોક્ટરો દ્વારા યોજવામાં આવેલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં છ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. જેમાં (૧) તેજ આઈ-૧૧, (૨) અસ્તિત્વ ટાઈગર, (૩) ૧૨ વોર્યરિસ, (૪) લાઈફ લાઈન-૧૧, (૫) એવરશાઈન-૧૧, (૬) ન્યુરોન નોઈઝર-૧૧એ ભાગ લીધો હતો.આ ટુર્નામેન્ટના અંતિમ તબક્કામાં એવરનેશ-૧૧ અને અસ્તિત્વ-૧૧ ટીમ વચ્ચે ફાઈનલ મેંચ રમાય હતી.જેમાં એવરશાઈન-૧૧ ડોક્ટરોની ટીમ વિજેતા જાહેર થવા પામી હતી.જેમાં અસ્તિત્વ-૧૧ના ડો. આશિષને બેસ્ટ બેટ્સમેન ઓફ ધ ટુર્નામેન્ટ, મેન ઓફ ધ સિરીઝ ડો.યોગેશ, મેન ઓફ ધ મેચ ડો.રાજેશ, બેસ્ટ બોલર તરીકે ડો.ભાવિક તથા બેસ્ટ ફિલ્ડર તરીકે ડો.જીજ્ઞેશને ટ્રોફી આપવામાં આવી હતી. કોળી પટેલ ડોક્ટરો દ્વારા ક્રિકેટ લીગની આ ત્રીજી સીઝન હોવાનું ડો.જીગ્નેશ જી.પટેલે જણાવ્યું હતું. આ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન મોરાભાગળ - જહાંગીરપુરાના ડોક્ટરો દ્વારા કરવામાં આવ્યું હતું. તથા જહાંગીરપુરા મોરાભાગળના ડોક્ટરો દ્વારા વુમન ક્રિકેટનું પણ આયોજન કરેલ જેમાં ટીમ બ્લુ તથા ટીમ ઓરેન્જ વચ્ચેના રોમાંચક મુકાબલામાં ટીમ બ્લુ વિજેતા બની હતી.

પીએમ કિસાન યોજના હેઠળ સુરતમાં કુલ ૧,૧૩૯૨૦ ખેડૂતો નોંધાયા

કિસાન ક્રેડિટ કાર્ડ આપવા માટે બેંકો દ્વારા તા. ૨૩મી ફેબ્રુઆરી સુધી ખાસ ઝુંબેશ

સુરત

આગામી ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશથી ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન યોજના અંતર્ગત નોંધાયેલા ખેડુતોને હવે કિસાન ક્રેડિટ કાર્ડ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જે અંગેની પત્રકાર પરિષદમાં વિગતો આપતા જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેશ કોયાએ જણાવ્યું હતું કે, સુરત જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન યોજના હેઠળ કુલ ૧,૧૩,૯૨૦ ખેડુતો નોંધાયેલા છે. જે પૈકી ૫૧,૭૯૪ ખેડુતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા છે. બાકી રહેલા ૬૨,૧૨૬ ખેડુતોને કાર્ડ આપવા માટે તા.૨૩મી ફેબ્રુઆરી-૨૦૨૦ સુધી પખવાડીયા દરમિયાન ગ્રામ્યની તમામ બેંકો દ્વારા કેમ્પો યોજીને મિશન મોડ પર અભિયાન ચલાવવામાં આવશે.

વધુ વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે, પીએમ કિસાનના લાભાર્થીઓને કેસીસી હેઠળના કવરેજ માટે એક પાનાનું સરળ ફોર્મ વિકસાવવામાં આવ્યું છે. ખેડુતોએ ફોર્મની સાથે જમીનની સાત બારની નકલ તથા પાક વાવેતરનો દાખલો લઈને નજીકની બેંક શાખાનો સંપર્ક કરી શકે છે. જેથી જિલ્લામાં વધુમાં વધુ ખેડુતોએ બેંકોમાં જઈને લાભ મેળવવાનો અનુરોધ તેમણે કર્યો હતો. હવે કે.સી.સી.ના લાભનો વ્યાપ પશુપાલન અને મત્સ્યઉદ્યોગ ખેડુતો સુધી પણ વધારવામાં આવ્યો છે. જે ખેડુતો કેસીસી ધારક છે અને પશુપાલન અને મત્સ્યઉદ્યોગ પ્રવૃત્તિઓ કરે છે તે વધારાની મર્યાદાની મંજુરી માટે બેન્ક શાખામાં પહોચીને લાભ લઈ શકે છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી કોયાએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રોસેસિંગ, દસ્તાવેજીકરણ, નિરક્ષણ અને ખાતાકીય ફોલિયોની ચાર્જ તેમજ ત્રણ લાખ સુધીને કેસીસી લોન માટેના અન્ય સર્વિસ ચાર્જ સહિતના તમામ ચાર્જ માફ કરાયા છે.

ડિસ્ટ્રીક્ટ લીડ બેન્ક મેનેજરશ્રી રસીક જેઠવા જણાવ્યું હતું કે, આ કિશાન ક્રેડિટ યોજનાનો લાભ લેવા માટે માત્ર એક પાનાનું સરળ નિયત નમૂનાનું અરજીપત્રક વેબસાઈટ www.agricoop.gov.in તેમજ www.pmkisan.gov.in પર ઉપલબ્ધ છે અને ત્યાંથી ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.

આ વેળાએ જિલ્લા ખેતી વાડી અધિકારીશ્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે, જિલ્લાના સંબંધિત ગામોના સરપંચશ્રી, તલાટીશ્રી, ગ્રામ સેવકો, બેન્ક મિત્ર, બેન્ક સખી અને સખીમંડળની બહેનો ખેડૂતોને બેન્કો સુધી પહોંચાડીને આ યોજનાના અમલમાં સહાયરૂપ બનશે.

આ વેળાએ પ્રિન્ટ-ઈલેકટ્રોનિકસ મિડીયાના માધ્યમકર્મીઓ વગેરે ઉપસ્થિત રહયાં હતા.



સાબરીનગર ભરીમાતા રોડ પર રહેતા અને લીંબાયત મીઠીખાડીમાં રહેતા કિન્નરો વચ્ચેના વ્યક્તિગત ઝઘડા બાબતે પોલીસ કમિશનર કચેરીએ ફરિયાદ કરવા પહોંચેલા કિન્નરો તસવીરમાં નજરે પડે છે.

ખોટી રીતે થતી હેરાનગતિ અટકાવવા કિન્નરોએ કમિશનરને આવેદનપત્ર આપ્યું

સુરત

સુરત શહેરમાં કિન્નરો દ્વારા દાપુ ઉઘરાવવાને લઈને અવાર નવાર સર્જાતી બબાલની વચ્ચે કિન્નરો દ્વારા ખોટી હેરાનગતિને લઈને પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. કિન્નરોએ જણાવ્યું હતું કે, નાણાવટ વિસ્તારમાં બે કિન્નરો દ્વારા સારા કિન્નરોને હેરાન કરવામાં આવી રહ્યાં છે. પોલીસના કથિત માણસોને સાથે લઈને આ કિન્નરો દ્વારા ધાક ધમકી આપી હેરાન કરવામાં આવી રહી છે.

નાનપુરા વિસ્તારમાં રહેતા નમ્રતાકુંવરએ જણાવ્યું હતું કે, થોડા દિવસો અગાઉ નાણાવટમાં અમને ખૂબ તકલીફ પડી હતી. સીમરકુંવર અને મૌલી રાત્રે ફરે છે. ખોટા કામ કરે છે. નશો કરે છે. જેથી બીજાને તેની અસર થાય છે. આ બન્ને કથિત કિન્નરો અન્ય કિન્નરોના ઘરની બહાર જઈને દાદાગીરી કરે છે. ફસાવવાની ધમકી આપે છે. આ બન્ને પોલીસના કથિત માણસોને સાથે લઈને જાય છે અને ધમકી આપીને ખોટા કેસમાં ફીટ કરી દેવાના પ્રયાસો પણ કરે છે. જેથી ચોકબજાર પોલીસમાં અરજી આપ્યા બાદ પોલીસ કમિશનર પાસે ન્યાયની મદદ માંગવામાં આવી છે.

નમ્રતાકુંવરે જણાવ્યું હતું કે, અગાઉ જ્યારે પોલીસે અમારી પાસે સહકાર માંગ્યો ત્યારે અમે પુરો સહકાર આપ્યો હતો. અમે પોલીસને અમારી સંપૂર્ણ ડિટેઈલ આપી હતી. શહેરમાં વસતા તમામ કિન્નરો અંગે માહિતી મંગાતા અમે પૂર્ણ સહકાર આપ્યો હતો. તેમ હવે અમારી હેરાનગતિ થતી હોવાથી પોલીસ પાસે અમે સહકાર માંગી રહ્યાં છીએ.

ચપ્પુની અણીએ રીક્ષાચાલક પાસેથી રોકડ, મોબાઈલ લૂંટી લૂંટારૂ ફરાર

સુરત

પાંડેસરા શાંતિવન સોસાયટી સોમવારે મધરાત્રે રોજંદા પેસેન્જરને ઉતારી રહેલા રીક્ષા ચાલકને ચપ્પુની અણીએ બાનમાં લઈ રોકડ અને મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૮૯૫૦ની મત્તા લુંટી લેનાર ડીવન નામના અજાણ્યા યુવાનની પાંડેસરા પોલીસે શોધખોળ હાથ ધરી છે.

પાંડેસરા ગુ. હા. બોર્ડ નજીક શક્તિનગર સોસાયટીમાં રહેતો રીક્ષા ચાલક કિશોર નારાયણ પાટીલ (ઉ.વ. ૪૨) ગત રાત્રે ૧૧.૩૦ વાગ્યાના અરસામાં તેના રોજંદ પેસેન્જર રોહિત ગુપ્તાને તેમના રહેણાંક પાંડેસરા શાંતિવન સોસાયટી પાસે ઉતારીને ભાડુ લઈ રહ્યો હતો. તે દરમ્યાનમાં નંબર પ્લેટ વિનાની સ્પ્લેન્ડર મોટરસાઈકલ પર એક યુવાન ઘસી આવ્યો હતો. અજાણ્યા યુવાને ચપ્પુની અણીએ કિશોરને બાનમાં લઈ તારી પાસે મોબાઈલ-રોકડ રૂપિયા જે હોય તે મને આપી દે એમ કહી રીક્ષાના આગળના ભાગે રોકડ મત્તા વાળો રૂમાલ કે જેમાં રૂા. ૯૫૦ અને મોબાઈલ ફોન હતા તે લુંટી લીધા હતા.

આ દરમ્યાનમાં રીક્ષામાંથી ઉતરી ભાડુ આપી રહેલા રોજંદા પેસેન્જર રાહુલ ગુપ્તાએ ચપ્પુની અણીએ બાનમાં લઈ કિશોરને લુંટનાર યુવાનને કહ્યું હતું કે ડીવન જવા દે. જેથી ડિવન નામના અજાણ્યા યુવાન વિરૂધ્ધ રીક્ષા ચાલક કિશોર પાટીલે પાંડેસરા પોલીસ મથકમાં લુંટની ફરિયાદ નોંધાવી હતી.

કામ કાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી વિરૂદ્ધ કાયદો રક્ષણ આપે છે

વઘઈ કૃષિ કોલેજમાં જાતિય સતામણી અંગે માર્ગદર્શક સેમિનાર યોજાયો

આહવા

ડાંગ જિલ્લાના પ્રવેશદ્વારા વઘઈ ખાતે આવેલ સરકારી કૃષિ મહાવિદ્યાલય ખાતે મહિલા અને બાળવિકાસ કચેરી,આહવા -ડાંગ દ્વારા તા.૦૪/૦૨/૨૦૨૦ ના રોજ કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ ૨૦૧૩ અંતર્ગત કાયદાકીય માર્ગદર્શન અંગે એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના સમયે ઘણી મહિલાઓ કામકાજના સ્થળે જાતિય સતામણીનો ભોગ બને છે. આથી મહિલાઓને કામકાજના સ્થળે આવા જાતિય સતામણીથી રક્ષણ મળે તે હેતુસર આ કાયદો અમલમાં છે. જે કાયદાથી ઘણાં લોકો અજાણ રહે છે. જે બાબતે જાગૃતિ થાય તે હેતુસર ઉપરોક્ત કાર્યક્રમ યોજાયો હતો.

આ સેમીનારમાં દહેજ પ્રતિબંધક અધિકારી,આહવા-ડાંગ દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન તેમજ ઉપરોક્ત કાયદા વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાના પ્રિન્સિપાલ દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું હતું. જેમાં ડાંગ જિલ્લામાં ચાલતા વિવિધ મહિલાલક્ષી સેન્ટરની પણ માહિતી આપવામાં આવી હતી. મહિલાલક્ષી સેન્ટરો જેવા કે ૧૮૧ અભયમ હેલ્પલાઈન, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર,મહિલા શક્તિ કેન્દ્ર, સખી વન સ્ટોપ સેન્ટર, દહેજ પ્રતિબંધક અધિકારી આહવાની કચેરી દ્વારા એમના સેન્ટરમાં મહિલાલક્ષી થતી કામગીરી વિસ્તૃત વિગત ઉપરોક્ત સેન્ટરના અધિકારી/કર્મચારીઓ દ્વારા આપવામાં આવી હતી.

મહિલાઓને મુશ્કેલીના સમયમાં ૧૮૧ અભયમ થકી કઈ રીતે મદદ મેળવી શકે એના વિશે વિદ્યાર્થીઓને પોતાના સ્માર્ટ ફોનમાં ૧૮૧ અભયમ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી એનો ઉપયોગ કઈ રીતે થઈ શકે એની જાણકારી આપવામાં આવી હતી. ઉરોક્ત ટીમ દ્વારા વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી એમને મુંઝવતા પ્રશ્નોના ઉકેલ લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ મહિલા સુરક્ષા બાબતે સમૂહમાં સૌએ પ્રતિજ્ઞા લીધા બાદ આભારવિધિ પૂર્ણ કરવામાં આવી હતી. આ સેમીનારમાં ૧૩૯ લાભાર્થીઓએ લાભ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

દિલ્હીના વેપારીએ સુરતની ત્યકતા સાથે છેતરપિંડી કરી

ત્યક્તાને તરછોડી વેપારી દિલ્હી ભાગી ગયો

સુરત

દિલ્હીના મનોજકુમાર ગોયલે સુરતની ત્યક્તા યુવતી સાથે લગ્ન કરી થોડા સમય સાથે રહ્યા બાદ તરછોડી દઈ દિલ્હી ચાલ્યો જતા યુવતીએ ખટોદરા પોલીસ મથકે વિશ્વાસઘાત છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ દિલ્હી નવીન શાહદરા ઉધનાપુરમા રહેતા વેપારી મનોજકુમાર શ્રીરામ અવતાર ગોયલ ઉ.વ.૩૫એ ખટોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી ફરિયાદી યુવતી સાથે લગ્ન કર્યા હતા. લગ્નના થોડા દિવસો સાથે રહ્યા બાદ આરોપી વેપારી મનોજકુમાર ફરિયાદીને તરછોડીને દિલ્હી ચાલ્યો ગયો હતો. ખટોદરામાં પોલીસે ફરિયાદ નોંધી આરોપી મનોજકુમાર ગોયલ વિરૂદ્ધ ઈપીકો કલમ ૪૦૬, ૪૨૦ મુજબનો ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે.

ઉધનામાં જુગાર રમતા પાંચ જુગારી ઝડપાયા

ઉન સોયેબનગર સફેદ ચાલમાં જુગાર રમતાં પાંચ જુગારીની સચીન જીઆઈડીસી પોલીસે ધરપકડ કરી ચાર મોબાઈલ ફોન અને રોકડા મળી કુલ રૂા.૩૦,૮૧૦ની મતા કબજે કરી હતી. સચીન જીઆઈડીસી પોલીસે બાતમીના આધારે જુગાર રમતાં મોહ. અઝરૂદ્દીન શેખ, હરિહર ગૌરા સ્વાંઈ, શિવા ગજરાજ પ્રસાદ, રાહિલ ઈકબાલ, સાબીર ઈલીયાસની ધરપકડ કરી હતી. પોલીસે ચાર મોબાઈલ ફોન, રોકડા મળી કુલ રૂા.૩૦,૮૧૦ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ફેમીલી કોર્ટની લોક અદાલતમાં ૮૧ કેસોનો નિકાલ કરાયો

સુરત

નામદાર ગુજરાત રાજ્યની વડી અદાલતના આદેશ અનુસાર સુરતના ફેમીલી કોર્ટ ખાતે લોક અદાલતનું આયોજન કરવામાં આવેલું . જેમાં મેટ્રોમોનીયલ તકરારો પણ સદર લોક અદાલતમાં મુકવામાં આવેલી હતી. ફેમીલી કોર્ટના પ્રિન્સીપાલ જજશ્રી કે.જે.દસોંદી સાહેબ દ્વારા લોક અદાલતનું આયોજન કરવામાં આવેલું. જેમાં ફેમીલી કોર્ટના જજશ્રી બી.કે.ચંદારાણા સાહેબ, સાહેબશ્રી પણ ઉપસ્થિત રહ્યાં હતાં. આ ફેમીલી કોર્ટમાં ભરણપોષણની અરજી, પરચુરણ અરજી તથા લગ્ન વિષ્યક દાવાઓની તકરાર અંગેના અંદાજીત ૮૧ કેસો મુકવામાં આવેલા, જેમાંથી અંદાજે ૭૮ જેટલા કેસોનો નિકાલ થયો હતો.

આ લોક અદાલતમાં નજીવી બાબતે તકરાર થયેલા કિસ્સાઓમાં આજે કેટલા યુવકો ફરી એક થયાના કિસ્સાઓ પણ નોંધાયા છે.

તા.૨૭મીએ ડાંગ જિલ્લાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ

લોક પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ કરાશે

આહવા

આથી ડાંગ જિલ્લાની જાહેર જનતાને જણાવવાનું કે માનનીય મુખ્ય મંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને તાલુકાના પ્રજાજનોની ફરિયાદ પ્રશ્નોના નિવારણ માટે તા.૨૭/૦૨/૨૦૨૦ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે શરૂ કરીને લોકો તરફથી મળેલ ફરિયાદ પ્રશ્નોના નિવારણ અંગે જિલ્લા કક્ષાએ કલેકટરશ્રી ડાંગના અધ્યક્ષપણા હેઠળ કલેકટર કચેરી ડાંગ-આહવાના સભાખંડમાં યોજાશે.

જિલ્લાની જનતાને પોતાની ફરિયાદ તા.૨૦/૦૨/૨૦૨૦ સુધીમાં જે તે ખાતા, કચેરીને બારોબાર મોકલી આપવાની રહેશે અને તેની નકલ કલેકટરશ્રી ડાંગને મોકલી આપવાની રહેશે. કલેકટર કચેરી ડાંગ-આહવાને લગતા પ્રશ્નો સિવાયના કોઈપણ પ્રશ્નો સીધા કલેકટર કચેરી, ડાંગ-આહવાને મોકલવા નહીં. ન્યાયની કોર્ટમાં ચાલતા વિવાદ, મહેસુલી કોર્ટને લગતા પ્રશ્નો, સબ જ્યુડીશીયલ પ્રશ્નો તથા નોકરીને લગતા પ્રશ્નો લક્ષમાં લેવામાં આવશે નહીં.

અરજદારશ્રીએ એક જ પ્રશ્ન સંપૂર્ણ વિગતો સહ સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરોમાં રજૂ કરવાના રહેશે. રજુ કરવામાં આવનાર પ્રશ્નોના કવર પર જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૭/૦૨/૨૦૨૦ એમ અચૂક લખવુ. અરજદારે ઉક્ત જણાવેલ સ્થળે સમયસર અચૂક હાજર રહેવા વિનંતી છે.

ગીરીબાપુની શિવકથાઃ અંકલેશ્વર ગાર્ડન સીટીમાં હકડેઠઠ જનમેદની

અંકલેશ્વર

અંકલેશ્વર ખાતે આયોજિત જિલ્લાની સૌપ્રથમવાર શિવકથામાં પાંચમાં દિવસે ભરૂચના ધારાસભ્ય દુષ્યંત પટેલ સહિત રાજકીય અને સામાજિક આગેવાનોની હાજરીમાં સતી પ્રાગટ્યનો પ્રસંગ વક્તા પરમ પૂજ્ય ગીરીબાપુએ વર્ણવ્યો હતો. અંકલેશ્વર ગાર્ડન સિટી ખાતે ૬ ફેબ્રુઆરીના રોજથી શરૂ થયેલ શિવકથામાં રોજેરોજ ભક્તોની સંખ્યા વધતી જાય છે. પ્રખ્યાત વક્તા પરમ પૂજ્ય ગીરીબાપુના કંઠે કથાના પાંચમાં દિવસે ગીરીબાપુને સાંભળવા માટે ભરૂચના ધારાસભ્ય દુષ્યંત પટેલ ઉપરાંત અંકલેશ્વરના અગ્રણી ઉદ્યોગપતિઓ, સામાજિક અને રાજકીય આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ઈલેક્ટ્રોનિક વાહનોની સેવા શરૂ કરવામાં આવી છે. ઈ-રીક્ષામાંથી બનાવાયેલી કચરા માટેની ગાડી તસવીરમાં નજરે પડે છે.

ફાયર સેફટી મેન્ટેઈન ન હોવાના કારણે કૃષિબજારને સીલ મરાયું

સુરત

તક્ષશિલા અગ્નિકાંડ અને રઘુવીર માર્કેટમાં લાગેલી આગ બાદ ફાયર વિભાગ દોડતું થયું છે. સુરતમાં ફાયર વિભાગે અપૂરતી ફાયર સુવિધાવાળી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે ફાયર વિભાગે ફાયર સિસ્ટમ મેઈન્ટેન ન હોવાની કૃષિબજારને સીલ મારી દીધું છે. ફાયર સિસ્ટમ મેઈન્ટેન કરવાને લઈને ફાયર વિભાગે અગાઉ નોટિસ આપી હતી. જોકે, કોઈ કાર્યવાહી ન થતા આખરે સીલ મારી દેવામાં આવ્યું છે.

તક્ષશિલા અગ્નિકાંડે દેશભરમાં ચકચાર જગાવી હતી અને આ ઘટના બાદ આવી ઘટના બીજી વખત ન બને તે માટે ફાયર વિભાગ સફાળું જાગ્યું છે. સુરતમાં ફાયર વિભાગે સર્વે હાથ ધર્યો છે અને અપૂરતી ફાયર સુવિધાવાળી મિલકતોને નોટીસ આપવામાં આવી રહી છે અને નોટિસની અવગણના થતા સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે ફાયર વિભાગ દ્વારા સુરતના કૃષિ બજારને સીલ મારી દેવામાં આવ્યું છે. ૧૨૪ જેટલી ઓફીસ અને દુકાનો આવેલી છે. આ ઉપરાંત સીટી ટેક્સટાઈલ માર્કેટને પણ ફાયર વિભાગે અપૂરતી ફાયર સુવિધાના કારણે સીલ મારી દીધું છે.

મહાનગર પાલિકાના ચીફ ફાયર ઓફિસર વસંત પરીખએ જણાવ્યું હતું કે, રિંગરોડ પર આવેલી કૃષિબજારમાં ફાયર સિસ્ટમ મેઈન્ટેન ન હોવાની નોટિસ ફટકારવામાં આવી હતી. જેથી સિલિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શહેરમાં અલગ અલગ વિસ્તારમાં આવેલી ટેક્સટાઈલ માર્કેટ સહિતની ઈમારતોમાં આવેલી દુકાનોમાં પણ અગાઉ નોટિસ ફટકારવામાં આવી હતી. અત્યાર સુધીમાં કુલ ૨૨,૫૦૦ જેટલી દુકાનોને સીલ કરવામાં આવી છે. સાથે જ ફાયરબ્રિગેડ દ્વારા સર્વે અને સિલિંગની કામગીરી કમિશનર સાહેબના આદેશ મુજબ સતત કરવામાં આવી રહી છે. જ્યાં પણ ફાયર સેફ્ટીની અપૂરતિ સુવિધા સામે આવે ત્યાં નોટિસ ફટકાર્યાના દિવસોમાં કામગીરી ન થાય ત્યાં સિલિંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ભાગ્યોદય-સર્વોદય વિદ્યાલયમાં રમત-ગમત સંકુલનું લોકાર્પણ

સ્પોર્ટસ સંકુલનું પંકજ કાપડીયાના હસ્તે ઉદ્ઘાટન

સુરત

ટ્રસ્ટ સંચાલિત ભાગ્યોદય તેમજ સર્વોદય વિદ્યાલયના સંયુક્ત નેજા હેઠળ ''પંકજ કાપડિયા રમતગમત સંકુલ'' સમારોહ પંકજભાઈ કાપડીયાનાં પ્રમુખપદે અને સુરત પીપલ્સ કો.ઓપ. બેંક લિ.ના ચેરમેન આશિત ગાંધીના અતિથિ વિશેષ પદે યોજાયો હતો. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના ચેરમેન સી.એસ. જરીવાલા, સર્વોદય બેંકના ભૂતપૂર્વ ચેરમેન, લીલાબા હાઈસ્કૂલના સ્થાપક પ્રફુલભાઈ શાહ, લાયન્સ ક્લબ અઠવાલાઈન્સના રિજીયોનલ મેનેજર લેહરૂ, સ્ટેટ લેવલનાં રમત ગમતનાં ટ્રેનરોની આખી ટીમ તેમજ બીજા અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સંકુલનું ઉદ્ઘાટન પંકજભાઈ કાપડીયાના વરદ હસ્તે થયું હતું.

પંકજભાઈએ અભ્યાસ જેટલું જ મહત્ત્વ રમત ગમતને આપવું જોઈએ* વ્યાપારમાં તો ગુજરાત સૌથી આગળ, પરંતુ શરીર સૌષ્ઠવમાં સૌથી પછાત છે. એકબીજા સાથે નહીં પરંતુ પોતાની જ સાથે હરિફાઈ કરવાની છે. શ્રેષ્ઠ ટ્રેનરો દ્વારા ક્રિકેટ, બાસ્કેટ બોલ, વોલીબોલના ફ્રી વેકેશન બેચ આ શાળામાં શરૂ કરવામાં આવશે એવી તેમણે જાહેરાત કરી હતી. તમામ વિદ્યાર્થીઓને એમના તરફથી ગીફ્ટ અપાઈ હતી. વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ ભવ્ય મનોરંજન કાર્યક્રમ રજૂ થયો હતો.



તાપી નદી પાસેના વિસ્તારોમાં શિયાળો ગાળવા આવતા વિદેશી પક્ષીઓ તસવીરમાં જોવા મળે છે.





શ્રી સુરત-વેસુ વિસ્તારના મહારાણા પ્રતાપ રોડ પર નિર્માણાધીન ચતુર્વિધ સંઘ વૈયાવરથ કેન્દ્ર અને કામણી વિહારનું વિરાટ સંકુલ ''મહાવદિહધામ''ની ભૂમિ ઉપરથી પૂજ્ય દીક્ષા-દાનેશ્વરી આચાર્ય ગુણરત્નસૂરિજી મહારાજાની નિશ્રામાં ''અહો શ્રામણ્યમ'' સામૂહિક આઠ દીક્ષા મહોત્સવનો પ્રારંભ કરાયો છે. આઠ મુમુક્ષુઓનો ભવ્યાતિભવ્ય વરસીદાન વરઘોડો નીકળ્યો હતો.

વસીમ બિલ્લા હત્યા પ્રકરણમાં ત્રણ રાજ્યોમાં પોલીસની તપાસ

જે-તે સ્થળે આરોપીઓના રોકાણના પુરાવા પોલીસે એકત્ર કર્યા

સુરત

શહેરના ઝાંપાબજારમાં રહેતા અને ખંડણીખોર માથાભારે ઈસમ વસીમ બિલ્લા હત્યા પ્રકરણમાં પોલીસે બે શાર્પશૂટરો સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી મેળવેલા ૧૦ દિવસના રિમાંડ દરમ્યાન પોલીસે ત્રણ રાજ્યો ટીમો રવાના કરી હોવાનું તપાસ કરનારા અધિકારી પીએસઆઈ કિર્તિપાલે જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગત ૨૨મી જાન્યુઆરીના રોજ નવસારી છપરા રોડ પર સુરત ઝાંપાબજારના ખંડણીખોર વસીમ બિલ્લા પર ફાયરિંગ કરી મોતને ઘાટ ઉતારી નાંખવામાં આવ્યો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી સુરતના મુસ્તાન ઉર્ફે મામા અલીહુસૈન ડોડીયા, શાર્પ શૂટર કુતુબુદ્દીન અસગરઅલી તેમજ શાકીબ સાજીદઅલી રંગરેજની ધરપકડ કરી ૧૦ દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા હતા. પોલીસે રિમાન્ડ દરમ્યાન આરોપીઓની કરેલી કડક પૂછપરછ દરમ્યાન રાજસ્થાન, મહારાષ્ટ્ર તથા ઓરિસ્સા ખાતે વધુ ટીમો મોકલી હતી. જોકે, હાલમાં તપાસ ચાલુ હોવાનું પીએસઆઈ કિર્તીપાલે જણાવ્યું હતું. જોકે, આ ગુનામાં વપરાયેલી બાઈક પોલીસે ખાડી કિનારેથી કબજે કરી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

મહાવીર કોલેજ ચોરી કેસમાં ચાર આરોપીઓને શોધતી પોલીસ

ઝડપી પડાયેલા ચોરો પાસેથી રૂા.સાડા ત્રણ લાખ પોલીસે કબજે કર્યા

સુરત

વેસુ-ભરથાણા રોડ પર આવેલી ભગવાન મહાવીર કોલેજમાં રૂા.૫૦ લાખની થયેલી ચોરી પ્રકરણમાં ખટોદરા પોલીસે આરોપીની ધરપકડ કરી રિમાંડ દરમ્યાન તેઓની પાસેથી રૂા.૫૦ લાખ માંથી સાડા ત્રણ લાખ રૂપિયા કબજે કરી બાકીના ચાર આરોપીઓની ધરપકડ કરવા વિવિધ ટીમો બનાવી હોવાનું પીએસાઈ કુંબાડીયાએ જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગત મહિનાઓમાં ખટોદરા પોલીસ મથકની હદમાં આવેલ વેસુ-ભરથાણા રોડ પરની ભગવાન મહાવીર કોલેજમાં રૂા.૫૦ લાખ રોકડાની ચોરી કરી ચડ્ડી બનિયાનધારી ઈસમો ફરાર થઈ ગયા હતા. પોલીસે આ ગુનામાં અંદાજે ૨૫૦થી વધુ ઈસમોની પૂછપરછ હાથ ધરી હતી. છેવટે પોલીસે આરોપીની ધરપકડ કરવામાં સફળતા મળી હતી.

પોલીસે ધરપકડ કરેલા આરોપીના રિમાંડ પણ મેળવ્યા હતા.આ ગુનામાં હજુ પણ ૪ આરોપીઓ નાસતા ફરતા છે. જેને પકડવા માટે પોલીસે ટીમો બનાવી છે.

ડીંડોલી તળાવ પાસે યુવક પર તલવાર વડે જીવલેણ હુમલો

મિત્રએ જ પેન્ટમાં છૂપાવેલી તલવારથી હુમલો કર્યો

સુરત

ગોડાદરામાં પેન્ટમાં છુપાવેલી તલવાર કાઢી યુવક ઉપર જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હોવાનો બનાવ ડીંડોલી પોલીસ સ્ટેશને નોંધાયો હતો.

ડીંડોલી પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ડીંડોલી મંગલદીપ સોસાયટીમાં રહેતો આકાશ માનસિંગ યાદવ મિત્ર પરદુમ પાંડે, સોનુ, રામકુમાર ચૌધરી, શિવમ તિવારી સાથે ડીંડોલી તળાવના ગેટ નં.૨ પાસે બેઠા હતા. ત્યારે આરોપી મિત્ર શિવમ તિવારી ફરિયાદીને માં-બહેનની ગાળો આપતો હતો. જેથી ફરિયાદી આકાશ યાદવે ગાળો બોલવાની ના પાડતા આરોપી શિવમે ઉશ્કેરાઈ જઈ પેન્ટમાંથી તલવાર બહાર કાઢી ફરિયાદીના શરીર ઉપર ઘા ઝીંકીને ગંભીર ઈજા પહોંચાડી હતી.

ડીંડોલી પોલીસે આકાશ યાદવની ફરિયાદ નોંધી હત્યાની કોશિશનો ગુનો દર્જ કર્યો હતો.

દક્ષિણ ગુજરાતનું તાપમાન વધ્યુ નવસારી ૧૬, સુરતમાં ૧૮.૬ ડીગ્રી

સતત તાપમાન વધતા બે દિવસથી ઠંડી ગાયબ

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી પવનની દિશા બદલવાની સાથે તાપમાનમાં વધારો થતા ઠંડીથી રાહત અનુભવાઈ રહી છે. આજે નવસારીમાં ૧૬ ડીગ્રી અને સુરતમાં ૧૮ ડીગ્રી ન્યુનતમ તાપમાન નોંધાયું છે. આગામી બે ત્રણ દિવસ તાપમાન યથાવત રહે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૨ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૮.૬ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૭ ટકા અને હવાનું દબાણ ૧૦૧૫.૯ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. પવનની દિશા બદલવાની સાથે તાપમાનમાં પણ વધારો નોંધાતા શહેરમાં રાત્રે અને મળસ્કે પણ ઠંડીની અસર ઓછી વર્તાઈ રહી છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૬.૩ ડીગ્રી નોંધાયું છે. અધિકતમ તાપમાનનો પારો પણ વધીને ૩૨.૨ ડીગ્રી પહોંચી ગયો છે. નવસારી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કડકડતી અને ફુલગુલાબી ઠંડીથી હાલ હંગામી રાહત મળી રહી છે. બપોરના સમયે તડકાની અસર વર્તાઈ રહી છે. આગામી બે ત્રણ દિવસ સુધી પવનની દિશા બદલવાની શક્યતા ઓછી છે. ઉત્તર દિશાથી પવન ફુંકાશે ત્યારે જ ઠંડીની અસર વર્તાશે.

ઉધના ઝોને વેરા નહીં ભરાતા ૧૦ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ ટોચમાં લીધા

૧૦ મિલ્કતોના નળ કનેકશન કાપી નંખાયા

સુરત

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન (ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત આજ રોજ તા.૧૦/૦૨/૨૦૨૦ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી વિગેરે જુદા જુદા વિસ્તારોમાં કુલ્લે ૪૨ મિલકતોને સીલ કરવાની કાર્યવાહી દરમ્યિાન ૧૭ જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા ૬.૯૫ લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ, તથા ઉધના- પટેલ નગર વિસ્તારમાં ૧૦ મિલકતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી કાર્યવાહી દરમ્યિાન ૦૭ જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા ૧.૪૭ લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ, તથા ભેસ્તાન - ગણેશ કૃપા ઈન્ડ, ઉન જકાત નાકા પાસે ૧૦ ખુલ્લા પ્લોટો ઉપર ટાંચમાં લેવા અંગેના નોટીસ બોર્ડ પ્રદર્શિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. તેમજ બમરોલી - સહજ ઈન્ડ.માં ૧૦ ખુલ્લા પ્લોટો ઉપર ટાંચમાં લેવા અંગેના નોટીસ બોર્ડ પ્રદર્શિત કરવાની કામગીરી હાથ ધરતાં મિલકતદારોએ સ્થળ ઉપર જે રૂપિયા ૦૯.૦૪ લાખ જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા ૪૧.૨૧ લાખ જેટલી વસુલાત થયેલ છે.

સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં આજ દિન સુધી રૂપિયા ૧૮૯.૦૫ કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

રાષ્ટ્રીય પોષણ મિશન અંતર્ગત રાષ્ટ્રીય કૃમિનાશક ઝુંબેશ

બાળકોને કૃમિનાશક ગોળીઓ ખવડાવી સુરક્ષિત કરાશે

વ્યારા

રાષ્ટ્રીય પોષણ મિશન અંતર્ગત તા.૧૦મી ફેબ્રુઆરી-૨૦ના રોજ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ અંતર્ગત તાપી જિલ્લાના ૧.૮૫ લાખ બાળકોને કૃમિનાશકની ગોળી ખવડાવી રક્ષિત કરવા માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ. જે અંતર્ગત કારોબારી અધ્યક્ષ મુકેશભાઈ ચૌધરી દ્વારા કેળકુઈ ગામે અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.હર્ષદ બી.પટેલની ઉપસ્થિતીમાં ક્સ કટાસવણ ગામે બાળકોને કૃમિનાશક ગોળી પીવડાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગેતેમણે જણાવ્યુ હતુ કે, કૃમિ સંક્રમણથી બાળકોમાં કુપોષણ અને લોહીની ઉણપ વર્તાય છે. તેથી બાળક થાકી જાય છે. પેટમાં દુ:ખાવો, ઉલ્ટી અને ઝાડા થવા તેમજ વજન ઘટતુ જવા જેવી બિમારી લાગુ પડે છે. તેના કારણે બાળકનો શારીરિક અને માનસિક વિકાસ રૂંધાઈ જાય છે. આ માટે જિલ્લાની તમામ આંગણવાડી, શાળાઓ અને કોલેજ સહિત આરોગ્ય કેન્દ્રોમાં સઘન આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. તદઉપરાંત શાળાએ ન જતાં બાળકોને પણ કૃમિનાશક ગોળી ખવડાવી રક્ષિત કરવાનું આયોજન કરવામાં આવેલ છે તથા આજરોજ બાકી રહી ગયેલા બાળકોને ૧૭મી ફેબ્રુઆરી સુધીમાં મોપઅપ રાઉન્ડ યોજીને આવરી લેવામાં આવનાર છે. તાપી જિલ્લાની તમામ પ્રજાને પોતાના ૧ થી ૧૯ વર્ષના બાળકોને આ કૃમિનાશક ગોળી અપાવવા માટે અનુરોધ કર્યો હતો.

રાંદેર કોઝવે પાસે બાકી પૈસા અંગે રિક્ષા ચાલક પર હુમલો

ચાર લોકોએ રિક્ષા ચાલકને ચપ્પુના ઘા માર્યા

સુરત

બાકી રૂપિયાની ઉઘરાણી માટે ગયેલા રિક્ષા ડ્રાઈવર ઉપર ચપ્પુથી હુમલો કરી હત્યાની કોશિશ કરનારા ચાર જણાં સામે રાંદેર પોલીસ સ્ટેશને હત્યાની કોશિશનો ગુનો દર્જ થયો હતો.

રાંદેર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અમરોલી અંબિકાનગરમાં રહેતાં રિક્ષા ડ્રાઈવર જીતેન્દ્ર ઉર્ફે મામા રામલખન સિંગ પોતાના મિત્ર ભરતભાઈ સિંઘે સાથે આરોપી સલીમ બરફવાળા પાસે લેવાના થતા રૂપિયા લેવા માટે રાંદેર કોઝવે સર્કલ પાસે ગયા હતા. ત્યારે આરોપી સલીમે કેમ મારી સામે રિક્ષા ઉભી રાખી તેમ કહી આરોપી સલીમ સફી બરફવાળા તથા તેની સાથેના ત્રણ અજાણ્યા ઈસમોએ ઝઘડો કરી ભરતભાઈને તમાચા મારી ચપ્પુ મારવા જતા ફરિયાદી વચ્ચે પડતા તેને પણ મારી મારી પેટના ભાગે ચપ્પુનો ઘા ઝીંકી હત્યાની કોશિશ કરી હતી. રાંદેર પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

અદાણી પોર્ટથી ક્લિભકો સુધી બ્રોડગેજ રેલ લાઈન તાકીદે નાખવા રજૂઆત

સુરત રેલવે સ્ટેશનના ડિરેકટર સી. આર. ગરુડા ચેમ્બરની મુલાકાતે

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, નાનપુરા, સુરત ખાતે સુરત રેલ્વે સ્ટેશનના ડિરેક્ટરશ્રી સી.આર.ગરુડા ચેમ્બરના વિવિધ પ્રતિનિધિઓ તેમજ રેલ્વે કમિટી સાથે વાર્તાલાપના કાર્યક્રમમાં હાજરી આપી હતી. વાર્તાલાપ દરમ્યાન ચેમ્બરના પ્રમુખશ્રી કેતન દેસાઈ દ્વારા ઉદ્યોગને લગતા વિવિધ પ્રશ્નોની રજુઆત કરી હતી. મુખ્યત્વે અદાણી પોર્ટથી ક્લિભકો સુધીની બ્રોડગેજ લાઈન તાત્કાલિક ધોરણે નાખવામાં આવે તો અદાણી પોર્ટનો ઉપયોગ ઉત્તર ભારત સ્થિત ઉદ્યોગ આસાનીથી કરી શકે છે. વધુમાં પ્રમુખશ્રીએ અનુરોધ કર્યો હતો કે, રેલ્વેની વિવિધ કમિટીઓમાં ચેમ્બરના પ્રતિનિધિત્વ મળે એવા પ્રયાસ કરવા અનુરોધ કર્યો હતો. અને આઠ ટ્રેનોનું સ્ટોપેજ નથી તેને સ્ટોપેજ આપવા માંગણી કરી હતી. સુરત રેલ્વે સ્ટેશન ખાતે એન્ટ્રી ગેટમાં ટ્રાફીક જામની સમસ્યા છે તેને દુર કરવા પગલા સૂચવ્યા હતા તેમાં મુંબઈની જેમ સ્કાયવોક બનાવવા સૂચન કર્યુ હતુ. શ્રી સી.આર.ગરુડા સાહેબે જણાવ્યુ હતુ કે, સુરત રેલ્વે સ્ટેશનએ ભારતભરમાં આવક અને પેસેન્જર ટ્રાફીકની વ્યાખ્યા પ્રમાણે અગ્ર સ્થાને છે અને વધુમાં જણાવ્યુ હતુ કે, હાલના રેલ્વે મંત્રી દ્વારા ઘણાં બોલ્ડ નિર્ણયો લેવાયા છે. જેમાં ઘણાં ખરા નિર્ણયો લેવાનો અધિકાર હવેથી DRM અને GM ને પણ આપવામાં આપ્યા છે જેથી નાના-નાના પ્રશ્નો રેલ્વે બોર્ડ સુધી પહોંચવાની જરૂર નથી. ચેમ્બરના પ્રમુખશ્રીએ શ્રી સી.આર.ગરુડા સાહેબને વિશ્વાસ અપાવ્યો હતો કે, એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માટે સ્પેશ્યલ રેક મુકવામાં આવે તો ચેમ્બર તરફથી તેના બુકીંગ અર્થે પુરેપુરો સહયોગ આપવામાં આવશે. કાર્યક્રમનું સમાપન ચેમ્બરના ઉપપ્રમુખશ્રી દિનેશભાઈ નાવડીયા દ્વારા કરવામાં આવ્યુ હતુ અને જણાવ્યુ હતુ કે, ભવિષ્યમાં પણ વિવિધ કાર્યક્રમો ઓપન હાઉસ સેશન ચેમ્બરમાં રાખવામાં આવશે અને ચેમ્બર વતી પૂરો સહયોગ આપવામાં આવશે.

પ્રેમસંબંધમાં વિદ્યાર્થીની હત્યા કરનાર કિશોરીના ભાઈ બાદ અન્ય એકની ધરપકડ

સુરત

પાંડેસરામાં રહેતા વિદ્યાર્થીની પ્રેમસંબંધમાં કિશોરીના ભાઈએ ઉધનામાં હત્યા કરી નાખી હતી. આ હત્યા પ્રકરણમાં કાઈમ બ્રાન્ચે રવિવારે મોડી રાતે કિશોરીના ભાઈને દબોચી લીધો હતો. ત્યારબાદ કાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીને ઉધના પોલીસને સોંપવામાં આવ્યો હતો.બાદમાં ઉધના પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિદ્યાર્થીના હત્યા કેસમાં અગાઉ પોલીસે મુકેશ પીંપળેની ધરપકડ કરી હતી. ૧૨ સાયન્સના વિદ્યાર્થી રોહિત બાવીસ્કરની હત્યામાં સામેલ ગણેશ અખાડે નામના યુવકની ઉધના પોલીસે ધરપકડ કરી હતી.

પાંડેસરાના નાગસેન નગરમાં રહેતા અને ધો.૧૨માં અભ્યાસ કરતો રોહિત બાવીસ્કર વિષ્ણુનગર-૧ પાસે ટ્યુશનમાં જતો હતો. શુક્રવારે તે ટ્યુશનથી છુટ્યો ત્યારે મુકેશ પીંપળે તેને માથામાં અને પેટના ભાગે ચપ્પુના ઘા મારી ભાગી ગયો હતો. રોહિતને સિવિલમાં લઈ જતાં મોડીરાત્રે તેનું મોત થયું હતું. સીસીટીવી કેમેરામાં કિશોરીનો ભાઈ વિદ્યાર્થી પર હુમલો કરતો હોવાનું સામે આવ્યું હતું.

MARKET 4U TM
ISO 9001:2015 Certified company

REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
No. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને કયાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market

RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built in Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data in Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X

For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

ઉચ્ચ શિક્ષણના બણગાં ફૂંકતી ભાજપ સરકારના શાસનમાં

નર્મદામાં શિક્ષણની દશા કથળી હોય તેમ રાજપીપળા ની કુમાર શાળા નં-૧ મરણ પથારીએ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા ના લાલ ટાવર સામે આવેલી નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત કુમાર શાળા નં-૧ ની ઈમારત પોતાના ભવ્ય ભૂતકાળ ને યાદ કરી ને આંસુ સારી રહી હોય તેમ પોતાની જર્જરીત અને ખંડેર મા તબદીલ થઈ રહેલી હાલત ઉપર રડી રહી છે. શાળા ની પાછળ ના ચાર ઓરડા જર્જરીત થઈ ને ધસી પડ્યાં છે અને જોખમી દશા મા છે, એક સમયે ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ૧૫ થી ૨૦ નો શિક્ષણ સ્ટાફ ધરાવતી નગર ની આ શાળા ઈમારત અને વિદ્યાર્થીઓની સંખ્યાને લઈ ને સૌથી મોટી ગણાતી હતી. ૬ વર્ષ ની દાખલ ઉંમર થી લઈ ને ૧૨ વર્ષ ની વય સુધી ના કુમાર વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરેલી આ શાળા ઓવરલોડ વાહન ની જેમ પોતાના બાળકોનુ વહન કરતી હતી. એક સમયે પોશ અને શાંત ગણાતા બ્રાહ્મણ શેરી વિસ્તાર મા લાલટાવર ની પાસે આવેલી આ ઐતિહાસિક શાળા વિદ્યાર્થીઓની કિકિયારીઓ થી સતત ગૂંજી રહી હતી, શાળાની સામે આવેલુ પીપળા નુ ઘટાદાર વૃક્ષ અને એના ગોળ ફરતે નો ઓટલો બાળકો ને રીશેશ મા રમવા માટે ઘણુ મોટું મહત્વ ધરાવતું હતું, આ શાળામા પોતાના જીવનનુ પહેલું પગથિયું ચઢનારા આજે વિવિધ ક્ષેત્રોમા કાઠું કાઢી ચુક્યા હશે અને કેટલાંક તો દેશ ની સીમાઓ વટાવી ગયાં હશે પરંતુ આ શાળાની યાદોને ભૂલ્યાં નહી હોય એ ચોક્કસ હશે ,આ શાળામા ભણી ચૂકેલાં વિદ્યાર્થી ઓને પોતાના શિક્ષકો અને તેમનાં દ્વારા આપવામા આવેલા સંસ્કાર પણ યાદ હશે.

આમ પોતાના સમય ની જાહોજલાલી અને મહત્વ ભોગવી ચુકેલી આ ઐતિહાસિક શાળા આજે દયનીય અને ઉપેક્ષીત હાલત મા પોતાનો અંતિમ શ્વાસ લઈ રહી હોય તેમ ભાસે છે,ગમે ત્યારે એક સરકારી ફરમાન આવી ને આ શાળાના જીવનનો દીપ હંમેશા માટે બુઝાવી શકે તેમ છે.

હવે સરકાર અને વાલીઓને રસ નથી કે પોતાના બાળકો ને મફત અને ગુણવત્તા સભર શિક્ષણ મળે અને સરકાર ની પણ આમ કરવાની દાનત રહી નથી.ઈન્ટરનેટ અને 4G યુગ ના આધુનિક વિચારો ધરાવતા આજના વાલીઓ પોતાનુ બાળક સરકારી શાળામાં ભણે છે એ વાત થી ખચકાટ અનુભવે છે,પોતે સરકારી શાળાઓ મા ભણીને આજે સારી એવી નોકરી ઓ કરતા વાલીઓને હવે લાગે છે કે સરકારી શાળાઓમા શિક્ષણ સારું નથી મળતું..!! શિક્ષણ ના નામે હાટડીઓ માંડીને બેઠેલા અમુક વેપારી ઓએ શિક્ષણને બજાર મા વેચાતી ચીજવસ્તુની જેમ રૂપકડા પેકીંગમા મુકીને વર્ષે કરોડો રૂપિયાનો વેપાર કરી શિક્ષણ ને ઉદ્યોગ બનાવી વિદ્યાર્થી ઓને પોતાની પ્રોડક્ટ બનાવી નાંખ્યા અને સરકાર મા બેઠેલા વેપારીઓ એ બદલાયેલા યુગના વાલીઓની નબળી અને ટી.વી ના પ્રચારથી ભ્રમિત બનેલી માનસિકતાનો ભરપુર ફાયદો ઉઠાવ્યો તેનું પરિણામ પણ તમારી સામે જ છે.

આજે બેંકોની જેમ પ્રાથમિક શાળાઓને પણ મર્જ કરવામાં આવી રહી છે,તાળાં મારવામાં આવી રહ્યા છે સરકારી શાળાઓ બંધ કરવા બહાનું છે કે વિદ્યાર્થીઓ નથી મળતાં..!!! શિક્ષકો ના મસમોટા પગાર ના બોજા સરકાર ની તિજોરી ઉપર વધારે છે.દેશ અને રાજ્યના ભવિષ્ય એવા વિદ્યાર્થીઓના જીવનનુ ઘડતર કરનારા શિક્ષકો જેને બોજારૂપ લાગતા હોય તે સરકાર અને એનુ સમર્થન કરનારા લોકો કે આ ચેષ્ટા સામે મુંગા રહેતો સમાજ પણ ટીકા અને દયા ને પાત્ર છે.નર્મદા જિલ્લા ના રાજકીય આગેવાનો પણ આવી બાબતે કેમ ચૂપકીદી સેવી બેઠા છે એ વિચાર પણ મતદારો ને સતાવી રહ્યો છે.

લો બોલો નર્મદામાં એક પછી એક ઘરફોડ ચોરીઓ બાદ હવે વાહનોની પણ ચોરી: પોલીસ ને લપડાક



રાજપીપળા પાસેના વાવડી ગામે ઘરના આંગણામાં મુકેલો આઈસર ટેમ્પો પણ ચોરટાઓ ઉપાડી ગયા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં ચોરો એ પોલીસ ને લપડાક મારી હોય તેમ એક બાદ એક ઘરફોડ ચોરીઓ ને અંજામ આપ્યા બાદ હાલ વાહનો ની ચોરી ની ઘટના સામે આવતા પોલીસ કામગીરી પર અનેક સવાલ ઉઠી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજપીપળા નજીકના વાવડી ગામમાં રહેતા ખેડૂત કમલેશભાઈ અર્જુનભાઈ વસાવા એ ગત તારીખ ૪ ફેબ્રુઆરી એ રાત્રે પોતાનો આઈસર ટેમ્પો નંબર GJ 22 T 1074 જેની કિંમત રૂપિયા ચાર લાખ હોય પોતના ઘર ના આંગણા માં મુકેલો હતો તે કોઈ ચોર ચોરી કરી લઈ જતા આ બાબતે કમલેશભાઈ વસાવા એ રાજપીપળા પો.સ્ટે.માં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઘરફોડ ચોરી ના ગુનામાં વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓ તરફથી જીલ્લામાં નોંધાયેલ મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા તથા આરોપીઓ ઝડપી પાડવા સુચના આપતા પોલીસ માણસોની ટીમો દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જે કાર્યવાહી દરમ્યાન અંક્લેશ્વર શહેર પો.સ્ટે. મા ગુ.ર.નં- ૦૦૧૯૦/૨૦૨૦ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનામાં ફરીયાદી ની દુકાનનું શટર ઉંચુ કરી દુકાન માંથી અલગ-અલગ બનાવટ ની ઈલેકટ્રીક મોટરો કુલ બે ટન વજન ની જેની કુલ કી.રૂ.૦૧,૦૪,૦૦૦/- નો મુદ્દામાલ ચોરીમાં ગયા બાબતે આરોપી અલા ઉદીન ઉર્ફે ટીપુ જલીલ કુરેશી તથા પપ્પ બુધ્ધનખાન બન્ને રહે-અંસાર માર્કેટ અંક્લેશ્વર નાઓ વિરૂધ્ધમાં ગુનો દાખલ થયેલ હોય જે ગુનાના આરોપીઓ વોન્ટેડ હોય જે પૈકીના આરોપી અલાઉદીન ઉર્ફે ટીપુ જલીલ કુરેશી રહે-અંસાર માર્કેટ અંક્લેશ્વર જી-ભરૂચ નાને આજરોજ એલ.સી.બી ની ટીમે અંક્લેશ્વર ખાતે ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરી વધુ તપાસ અર્થે અંક્લેશ્વર શહેર પો.સ્ટે.મા સોંપવામાં આવેલ છે.

બોગસ પોલીસના નામે વેપારી પાસે રૂપિયા પડાવનાર બે શખ્શની ધરપકડ

સુરત

'આ તારા પૈસા બે નંબરના છે આ પૈસાની અમને રસીદ બતાવ, તારા પર ઈનકમટેક્ષનો કેસ કરવો પડશે. જો તારે તેમ ન કરવું હોય તો ૫૦,૦૦૦ લઈને નવી પારડી રાજ હોટલ પર આવી જા.' વેપારી અને તેના મિત્રોએ બિછાવેલી જાળમાં ૫૦ હજાર લેવા આવેલા બે બોગસ પોલીસ ઝડપાયા હતાં. ત્યારબાદ લોકોએ કામરેજ પોલીસને સોંપી દીધા હતા. જ્યારે બીજા બે ભાગી છૂટ્યા હતા.

લોકેશભાઈ નવલખા (ઉ.વ.૨૯) (માંગરોળ) કુર્તાનો ઓનલાઈન ધંધો કરે છે. જે માટે સુરત કડોદરા બારડોલી જવું પડે છે. તા. ૪-૨-૨૦૨૦ના ગાડી નં. લઈને મિત્ર સાથે પેમેન્ટનાં ૧,૩૦,૦૦૦ લઈને સુરત જવા નીકળ્યા હતા. વાવ ગામે એમ. કે. ધામેલીયા અલંગ હાઉસ પાસે પહોંચતા રોડ પર ઉભેલા ચાર અજાણ્યાએ ગાડી થોભાવવાનો ઈશારો કરતા લોકેશભાઈએ ગાડી ઉભી રાખી હતી. અમો એલ.સી.બી.પોલીસ છે, તમારી ગાડી ચેક કરવાની છે તેમ કહી ગાડીની ડીકી ખોલાવી ૧,૩૦,૦૦૦ કાઢી લીધા હતા. આટલા રૂપિયા ક્યાથી લાવ્યા કહીં રૂપિયા તથા લાયસન્સ લઈ લીધુ હતું અને મોબાઈલ નંબર લઈ તારી પાસે જે પૈસા છે તેની તપાસ કરવી પડશે. અમો બોલાવીએ ત્યારે આવી જજે. કયા આવવાનું છે એમ પૂંછતા ફોન કરીએ ત્યાં આવી જજો અને એકલા આવજો એમ જણાવ્યું હતું.

લોકેશભાઈના ભાઈ અને મિત્રો આવતા બંનેને પકડી લીધા હતા. તે વખતે ડિંદીમાં નંબર લખેલ ગાડીમાં બેસી બે માણસો આવ્યા હતા અને તમે બંનેને છોડી દો પૈસા જોઈતા નથી. તે વખતે લોકેશભાઈએ બે જણા ડુપ્લીકેટ પોલીસ જ છે તેવું બોલતા ભાગી ગયા હતા.

નર્મદા જિલ્લામાં રેશનકાર્ડના અનાજમાં ચાલુ મહિને બોઈલ અને જાડા ચોખા અપાતા ગ્રાહકો માં રોષ

● વર્ષોથી સફેદ અને લાંબા ચોખા મળતા હોય પરંતુ ચાલુ મહિને બોઈલ અને જાડા ચોખા અપાતા કાર્ડ ધારકો માં રોષ
● પક્ષીઓ પણ ન ખાઈ તેવા બોઈલ ચોખા આપી સરકાર ગરીબ વર્ગનો મજાક ઉડાડી રહી હીવની બુમ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં મધ્યમ ગરીબ વર્ગ માટે રેશનકાર્ડ પર મળતું અનાજ ખાસ અગત્યનું હોય છે પરંતુ ક્યારેક ક્યારેક ઉપર થી સડેલા કે ખરાબ ઘઉં ચોખા નો જથ્થો ફળવતા



ગરીબ પરિવારને જમવાનું પણ નસીબ નથી થતું ઉપર થી દુંગળી સહિત શાકભાજી ના ભાવ આસમાને હોય આ કારમી મોંઘવારી માં મધ્યમ ગરીબ પરિવારો ની કફોડી હાલત થાય છે.જેમાં એક સાંધે ત્યાં તેર તૂટે જેવી હાલત માજ ચાલુ ફેબ્રુઆરી મહિના માં નર્મદા જિલ્લાની રેશન ની દુકાનો માં બોઈલ અને જાડા ચોખા નું વિતરણ કરાતા કાર્ડ ધારકો ની હાલત ખરાબ જોવા મળી હતી.

કેટલાક કાર્ડ ધારકો ના જણાવ્યા મુજબ સરકારે પહેલા કેરોસીન બંધ કર્યું ત્યારબાદ બધું ઓનલાઈન કરતા ઘણા ગ્રાહકો ને કુપન માટે ફિંગર કે સર્વર માં તકલીફ સહિતની અનેક તકલીફો માંથી પસાર થવું પડે છે ઉપર થી માહિના ની અંતિમ તારીખો માં રેશન ના અનાજ ની રાહ જોઈ બેઠેલા અમુક ગરીબ પરિવારો ને જ્યારે આવા ચોખા અપાય ત્યારે હાલત ખરાબ થઈ જાય છે.હાલ રેશનકાર્ડ ઉપર અપાતા બોઈલ અને જાડા ચોખા તો પક્ષીઓ પણ ન ખાય તેવા હોય સરકાર ગરીબ પરિવારો ની મજાક ઉડાડી રહી હોય એમ લાગે છે.

ATM બુથમાં રૂપિયાનો ઉપાડવા આવતા વ્યક્તિઓના કાર્ડ સ્વેપીંગ કરી ઠગાઈ કરતા બે ગઠિયાને ઝડપી પાડતી સાઈબર સેલ ભરૂચ



ભરૂચ જીલ્લાની બેંકોના ATM બુથમાં રૂપીયાનો ઉપાડ કરવા આવનાર વ્યક્તિઓના ATM કાર્ડ હાથ ચાલાકીથી બદલી છળકપટથી રૂપીયાનો ઉપાડ થતો હોવાની ફરીયાદ એ ડિવીઝન પો.સ્ટે. મા થઈ હતી

તા. ૦૬/૧૨/૨૦૧૯ ના રોજ ભરૂચના અજીતસિંહ નામના વ્યક્તિ SBI DEBIT CARD થી ભરૂચ પાંચબતી કમાલ બેકરીની બાજુમાં આવેલ SBI ATM કાર્ડથી રૂપીયાનો ઉપાડ કરવા ગયા હતા અને કાર્ડ ATM મશીનમાં નાંખતા રૂપીયાનો ઉપાડ થયો ન હતો જેથી ATM બુથમાં હાજર બે વ્યક્તિઓ તેઓને રૂપીયાનો ઉપાડ કરી આપીએ તેમ કહી અજીતસિંહનું SBI DEBIT CARD મેળવી મશીન માં નાંખી શ્રી અજીતસિંહ પાસે પીન નંબર નંખાવ્યો હતો જે પીન નંબર જોઈ લઇ રૂપીયા નીકળતા નથી તેમ કહી શ્રી અજીતસિંહનું SBI DEBIT CARD બદલી બીજ ATM SBI DEBIT CARD પરત આપી દીધુ હતુ ત્યાર બાદ અજીતસિંહના બેંક ખાતા માંથી તા.૦૬/૧/ ૨૦૧૯ ના રોજ રૂ. ૧૩૫૦૦/- થઈ ગયો હતો. જેથી તેઓ SBI બેંકમાં જઈ ખાત્રી કરતા બેંક કર્મચારીએ ATM કાર્ડ ચેક કરી કાર્ડ અજીતસિંહના નામનું નહી પરંતુ ફતેસીંગભાઈના નામનુ હોવાનુ જણાવ્યુ હતુ. જેથી અજીતસિંહ સાથે અજાણી બે વ્યક્તિઓએ ઠગાઈ કરી રૂ.૧૩૫૦૦/- તેઓના એકાઉંટમાંથી ઉપાડી લીધા હોવાની ફરીયાદ આપી હતી. જે અંવયે પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા વડોદરા વિભાગ વડોદરા તથા ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સૂચના અન્વયે ઈંચાર્જ પોલીસ અધિક્ષક એમ.પી.ભોજાણી ના માર્ગદર્શન હેઠળ જે.એન. ઝાલા પોલીસ ઈન્સ્પેક્ટર તથા એ.એસ. ચૌહાણ પો.સ.ઈ એલ.સી.બી. નાઓએ આરોપીઓને પકડી પાડવા સારૂ એલ.સી. બી અને સાઈબર શાખાના પોલીસ માણસોની ટીમને કામે લગાડી હતી જે પોલીસ ટીમ દ્વારા સતત મહેનતપૂર્ણ પ્રયત્નો હાથ ધરી ટેકનીકલ સર્વલેસ અને હ્યુમન ઈન્ટેલીજંસ સોર્સીસના ઉપયોગથી ગુનો આચરનાર શંકાસ્પદ ઈસમ (૧) અંકિતકુમાર અમરેશ પ્રસાદ સિંઘ રહેવાસી હાલ પેટસન પેપરમીલ હળવદ મોરબી મુળ રહેવાસી- સાઈન વૈશાલી, થાના-વૈશાલી, જી.વૈશાલી (બિહાર) (૨)અમનસિંહ મંજયસિંહ રહેવાસી હાલ પેટસન પેપરમીલ હળવદ મોરબી મુળ રહેવાસી- ૩૧, સરૂઈ, તા. ત્યોથર જી. રીવા (મધ્યપ્રદેશ) તથા હાલ રહેવાસી રૂમ નં.-૦૧ રાજુભાઈ ચાલ,સરસ્વતી નગર, વિધાવિકાસ, હિન્દી વિધાલય પાસે,વાપી પારડી વલસાડને મેળવી એલ. સી. બી ઓફીસ ભરૂચ ખાતે લાવી ઘનિષ્ઠ ઉંડાણપુર્વકની પુછપરછમાં તેઓ ભાંગી પડી જણાવેલ કે, તેઓ તા.૦૬/૧૨/૨૦૧૯ ના રોજ ભરૂચ ખાતે અલગ અલગ બુથો પર ફરી પાંચબતી કમાલ બેકરીની બાજુમાં આવેલ SBI ના એ.ટી.એમ. બુથ પર હતા ત્યારે એક વ્યક્તિ રૂપીયાનો ઉપાડ કરવા આવેલ તેણે પોતાનુ એ.ટી.એમ.કાર્ડ એટીએમ મશીનમાં નાંખતા રૂપીયા નીકળેલ નહી જેથી બન્ને જણાએ તે વ્યક્તિ પાસેથી લાવો તમને રૂપીયા ઉપાડી આપીએ તેમ કહી તે વ્યક્તિ પાસેથી SBI ATM CARD મેળવી હાથ ચાલાકી થી કાર્ડ બદલી બીજુ SBI ATM CARD કાર્ડ મશીનમા નાંખ્યું હતું અને આ કાર્ડ ચાલતું નથી તેમ કહી તે વ્યક્તિને પરત આપી નીકળી ગયા હતા અને ભરૂચ શકિતનાથ એચ. ડી. એફ. સી. એ. ટી. એમ. બુથમાંથી રૂપીયા ૧૩,૫૦૦/- નો ઉપાડ કર્યો હતો.આ સિવાય બન્ને જણાએ દશ-પંદર દિવસ પહેલા સુરત ખાતે એક વ્યક્તિ પાસેથી ઉપરોકત એમ. ઓ.થી ઠગાઈ કરી બદલી લીધેલાની અને છેલ્લા ચાર પાંચ માસમાં વાપી, વ્યારા, સુરત, વલસાડ ખાતે એ.ટી.એમ. કાર્ડ બદલી રૂપીયાનો ઉપાડ કર્યો હોવાની તેમજ અગાઉ અંકલેશ્વર શહેર પો.સ્ટે. તથા વાપી ખાતે આ પ્રકારના ગુનામાં પકડાયા હોવાની કબુલાત કરતા તેઓને અજીતસિંહ ગોહીલનાઓની ફરીયાદના આધારે કાયદેસરની કાર્યવાહી કરી બી -ડિવી પો.સ્ટે.માં સોંપવામાં આવ્યા છે.

સુરત આવતી લક્ઝરી બસ ચરણ માળ ઘાટ પાસે પલ્ટી : ઉનના એક પરિવારના ૧૬ ઘાયલ

સુરત ઉનના પરિવારનો ધૂલીયામાં લગ્ન પ્રસંગમાંથી પરત ફરતા રસ્તામાં નડેલો અકસ્માત

દારૂ પીધેલા ડ્રાઈવરે ઘાટના માર્ગો પર બેફામ બસ દોડાવતા દુર્ઘટના: બસના ક્લીનરનું મોત થયું

સુરત

મહારાષ્ટ્ર અને ગુજરાતની સરહદને અડીને આવેલા નવાપુર નજીક મધરાત્રે ૨:૧૦ વાગ્યે ધુલીયાથી સુરત આવતી લક્ઝરી બસ પલટતા ક્લીનરનું મોત નિપજ્યું હતું. જ્યારે બસમાં સવાર તમામને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોમાં લગ્નપ્રસંગમાંથી પરત ફરતા સુરતના ૧૬ લોકોને પણ ઈજા પહોંચી હતી.

મળતી માહિતી પ્રમાણે, રાત્રે ૨:૧૦ કલાકે ધુલીયાથી સુરત આવતી લક્ઝરી બસ(GJ-14-X-2250) ગુજરાતની સરહદને અડીને આવેલા મહારાષ્ટ્રના નવાપુરના પીપલનેર નજીક ચરણમાળ ઘાટ પર પલટી મારી ગઈ હતી. જેમાં બસના ક્લીનરનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે બસમાં સવાર તમામ મુસાફરોને ઈજા પહોંચી હતી. અકસ્માતની જાણ થતા વાહનચાલકો દ્વારા બસમાં સવાર લોકોને બસમાંથી બહાર કાઢ્યા હતા. દરમિયાન બસનો ડ્રાઈવર ભાગી ગયો હતો.

લક્ઝરી બસ પલટતા સર્જાયેલા અકસ્માતમાં ઈજાગ્રસ્તોમાં સુરતના ૧૬ લોકોનો પણ સમાવેશ થાય છે. સુરતના ઉન પાટીયા વિસ્તારમાં રહેતા શા પરિવારના ૪ બાળકો સહિતના ૧૬ સભ્યો ધુલીયા ખાતે ભત્રીજાના લગ્નપ્રસંગમાં ગયા હતા. લગ્નપ્રસંગ પતાવી તમામ સુરત પરત ફરી રહ્યા હતા. દરમિયાન અકસ્માત નડ્યો હતો.

ઈજાગ્રસ્ત કુરબાન ગુલાબ શા (ઉ.વ. ૨૯)એ જણાવ્યું હતું કે, ધુલીયા ખાતે ભત્રીજાના લગ્ન હોવાથી પરિવારના ૧૬ સભ્યો સાથે ગયા હતા. ગત રાત્રે લગ્ન પતાવી પરત ફરી રહ્યા હતા. ડ્રાઈવર દારૂના નશામાં ફિલ્મી ગીતો સાંભળી બસ પુરપાટ ઝડપે ચલાવી રહ્યો હતો. અન્ય મુસાફરોએ બસ ધીમે ચલાવવા પણ કહ્યું હતું. દરમિયાન નવાપુરના પીપલનેર નજીકની ચરણમાળ ઘાટ પર બસ પલટી મારી ગઈ હતી. જેમાં ક્લીનરનું મોત થયું હતું. રોડ પર જતા વાહનચાલકોની મદદથી તમામ ઈજાગ્રસ્તને બસમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. અમે લોકો જેમ તેમ ટ્રક ચાલકની મદદથી સુરત પહોંચ્યા હતા.

કુરબાન શાએ વધુમાં જણાવ્યું હતું કે, તમામ મુસાફરો ઊંઘમાં હતા અને બસ પલટતા બૂમાબૂમ થઈ ગઈ હતી. લગ્નપ્રસંગમાં લઈ ગયેલા રૂપિયા ૧ લાખના દાગીના ભરેલી બેગ ગુમ થઈ ગઈ છે.